# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'હું બાળકને જન્મ આપી શકતી ન હોતી તો...' : રૂબીના દિલાઇક

પેજ-09

ધોની, રોહિત અને વિરાટ ના કરી શક્યા તે દિનેશ કાર્તિકે કરી બતાવ્યું



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 25.00 |
| વડોદરા | 38.00 | 24.00 |
| સુરત | 37.00 | 25.00 |

પેજ 5




ક્રૂડતેલ ઉછળી 89 ડોલર ઉપર જતાં પાંચ મહિનાની નવી ટોચે બજાર...

**04** APRIL-2024 THURSDAY

પાકિસ્તાનના પૂર્વ PMનો આરોપ- પત્નીને કંઈ થશે તો તેના માટે આર્મી...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73876.82 | ▼ | 027.09 |
| નિફ્ટી | 22434.65 | ▼ | 018.65 |
| સોનું | 69789.00 | ▲ | 806.00 |
| ચાંદી | 78410.00 | ▲ | 1374.00 |


વર્ષ-13 । અંક-139 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## BSFએ તસ્કરોનો કર્યો પર્દાફાશ..!



## ભારત-બાંગ્લાદેશ સરહદ પર ઘર્ષણ BSF જવાનો પર તસ્કરોનો હુમલો

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

BSF જવાનોએ ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદ પર પશુઓની દાણચોરીની મોટી કાર્યવાહીને નિષ્ફળ બનાવી છે. પશુ દાણચોરો ભારતમાંથી પ્રાણીઓને બાંગ્લાદેશ લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે સૈનિકે તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તસ્કરોએ સૈનિક પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. સૈનિકે સમય સૂચકતાના આધારે પોતાનો જીવ બચાવ્યો અને સ્વબચાવમાં ગોળીબાર કર્યો, એક તસ્કરોને ઠાર માર્યો છે. મૃતક તસ્કરની બાંગ્લાદેશી હોવાની પ્રાથમિક વિગત મળી રહી છે.

**BSF જવાનો અને બાંગ્લાદેશથી 25થી વધુ તસ્કરો સાથે થઇ અથડામણ**

### ભારત-બાંગ્લાદેશ સરહદે પશુ તસ્કરોનો નાકામ પ્રયાસ

દક્ષિણ બંગાળ ફ્રન્ટિયરના પ્રવક્તા DIG એકે આર્યએ કહ્યું કે પશુ તસ્કરો રોકવાને બદલે આક્રમક રીતે જવાન તરફ આગળ વધ્યા હતા. તે જ સમયે બાંગ્લાદેશથી 20 થી 25 દાણચોરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જવાનને તેના ચહેરા અને આંખો પર લાઈટ લગાવીને અંધ અને બિનઅસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### 'IMDએ આ વર્ષ માટે અલ-નીનોની ભવિષ્યવાણી કરી

# દેશમાં ભયંકર ગરમીની ચેતવણી

## કેન્દ્રસરકારનીરાજ્યોનેએડવાઈઝરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

હવામાન વિભાગે (IMD) આ વર્ષ માટે આકરી ગરમીની આગાહી જાહેર કરી છે. જેને લઈને કેન્દ્ર સરકાર પણ અત્યારથી એક્ટિવ મોડમાં છે. હવામાન વિભાગની ચેતવણી બાદ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે મોટી બેઠક યોજી. જેમાં IMD, સ્વાસ્થ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી હાજર હતા. સમીક્ષા બેઠકમાં સ્વાસ્થ્ય મંત્રાલયે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને એડવાઈઝરી જાહેર કરવા કહ્યું છે.

બેઠક બાદ મનસુખ માંડવિયાએ કહ્યું કે, 'IMDએ આ વર્ષ માટે અલ-નીનોની ભવિષ્યવાણી કરી છે અને તેના માટે આ વર્ષે હીટવેવની સંભાવના વધારે છે. IMDના અનુસાર આ ગરમીમાં તાપમાન સામાન્યથી વધારે રહેશે. આ વર્ષે ચૂંટણીનું વર્ષ છે અને હીટવેવને લઈને હીટ સ્ટ્રોક ન થાય તેનાથી બચવા માટે મેં IMD, સ્વાસ્થ્ય વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષઆ કરી અને કેન્દ્ર તરફથી રાજ્યસરકારોને એડવાઈઝરી જાહેર કરવા કહેવાયું છે.'




### કયા રાજ્યોમાં પડી શકે છે ભયંકર ગરમી?

હવામાન વિભાગના અનુસાર, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિસા, છત્તીસગઢ અને આંધ્રપ્રદેશમાં ગરમીની સૌથી ખરાબ અસર થવાની શક્યતા છે. એપ્રિલ અને જૂન વચ્ચે દેશના વધુ પડતા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં અને ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગોને છોડીને જ્યાંથી સામાન્યથી સામાન્યથી નીચે મહત્તમ તાપમાન રહેવાનું અનુમાન છે.

**ભારતમાં ઓછો વરસાદ અને વધુ ગરમીનું કારણ અલ નીનો :** ભારતમાં ઓછો વરસાદ અને વધુ ગરમીનું કારણ અલ નીનો છે. હાલ ભૂમધ્યરેખા પાસેના પ્રશાંત ક્ષેત્રમાં અલ નીનોની મધ્યમ સ્થિતિ છે, જેના કારણે સમુદ્ર પરની સપાટીનું તાપમાન સતત વધી રહ્યું છે. સમુદ્ર પરની સપાટીની ગરમી હવાના પ્રવાહને અસર કરે છે. પ્રશાંત મહાસાગર પૃથ્વીના ત્રીજા ભાગને આવરી લે છે, તેથી ત્યાં તાપમાનમાં ફેરફાર થવાથી અથવા પવનની પેટર્ન બદલાવાથી, તેની અસર સમગ્ર વિશ્વમાં થાય છે.

## તેલંગાણામાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ, 5ના મોત



(એજન્સી) હૈદરાબાદ | તા. 03

તેલંગાણાના સંગારેડ્ડીમાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ભયંકર બ્લાસ્ટ થાય હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. ફેક્ટરીમાં બ્લાસ્ટ થતા 5થી વધુ લોકોના મોત થયાની આશંક છે. સમગ્ર ઘટનાને પગલે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગ બૂજાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ તેલંગાણામાં આવેલા સંગારેડ્ડીના કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગતાની સાથે જ ભયંકર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થતા અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. સૂત્રો માસેથી મળેલી માહીતી મુજબ ફે ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટના કારણે 5થી વધુ લોકોના મોત નીપજ્યા છે.

**Quick Read**

### બિહારના નેતા સુશીલ મોદીને કેન્સર, કહ્યું- હું 6 મહિનાથી કેન્સર સામે લડી રહ્યો છું

પટના | બિહારના પૂર્વ સીએમ સુશીલ મોદીને કેન્સર છે. સોશિયલ મીડિયા પર બુધવારે તેમણે જ આ માહિતી આપી છે. તેમણે લખ્યું- છેલ્લા 6 મહિનાથી કેન્સર સામે લડી રહ્યો છું. હવે એવું લાગ્યું કે લોકોને જણાવવાનો સમય આવી ગયો છે. લોકસભા ચૂંટણીમાં હું કશું જ કરી શકીશ નહીં. PMને બધું જ જણાવી દીધું છે. દેશ, બિહાર અને પાર્ટીનો હું હંમેશાં આભારી છું. સુશીલ મોદી ગળાના કેન્સરથી પીડિત છે. 3 મહિના પહેલાં ગળામાં દુખાવાની ફરિયાદ હોવાથી તપાસ કરાવી ત્યારે મને કેન્સર હોવાનું નિદાન થયું.

### ઉજ્જૈન મહાકાલેશ્વરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરાઇ, હોળીની દુર્ઘટના બાદ લેવાયો નિર્ણય

ઉજ્જૈન | હોળી પર થયેલી દુર્ઘટના બાદ ઉજ્જૈન મહાકાલેશ્વર મંદિરમાં નવી ગાઇડલાઇન લાગુ કરવામાં આવી છે. હવેથી મંદિરમાં મીડિયા કવરેજ કરવા માટે પણ ગાઇડલાઇન બનાવવામાં આવી છે. મહત્વનું છે કે હોળીના દિવસે ભસ્ત આરતી દરમિયાન આગ ભભૂકી ઉઠી હતી. જેમાં 14 લોકો દાઝી ગયા હતા. મંદિર પ્રશાસન દ્વારા ભીડને નિયંત્રિત કરવા માટે અગત્યના પગલા લેવાની વાત કરવામાં આવી છે. મંદિર પ્રશાસન સમિતિની બેઠકમાં કેટલાક પ્રતિબંધ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.

### લોકસભા ચૂંટણીમાં CISF જવાનો પાડશે દરોડા, SPએ કહ્યું-"વોન્ટેડને પકડશો તો મળશે સન્માન"

નવી દિલ્હી | લોકસભા ચૂંટણીમાં કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની ફરજને લઈને એક વિચિત્ર આદેશ સામે આવ્યો છે. બિહારમાં પોલીસ અધિક્ષક, સમસ્તીપુરના કાર્યાલયમાંથી ચૂંટણી ફરજ પર રહેલા CISF જવાનોને કહેવાયું હતું કે તેમની કામગીરી સંતોષકારક નથી. CISF જવાનો દ્વારા ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરરોજ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગુનેગારોની ધરપકડ સુનિશ્ચિત કરવાની જવાબદારી તમારી છે. જે પણ કર્મીઓ તેમની ફરજ સારી રીતે નિભાવશે, તેમને સમસ્તીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટના સ્તરે સન્માનિત કરવામાં આવશે.

### આપના રાજ્યસભાના સાંસદ સંજયસિંહ જેલમુક્ત, છ મહિના બાદ મળ્યા જામીન

નવી દિલ્હી | આપના નેતા અને સાંસદ સંજય સિંહ તિહાર જેલથી છૂટ્યા છે. સંજય સિંહ જેલથી સીધા અરવિંદ કેજરીવાલના નિવાસ સ્થાને પહોંચશે. ત્યાં સુનીતા કેજરીવાલ સાથે તેઓ મુલાકાત કરશે. આ દરમિયાન સંજય સિંહનો પરિવાર પણ સાથે રહેશે. મહત્વનું છે કે, સંજય સિંહને દિલ્હીના કથિત લિકર પૉલિસી કૌભાંડમાં છ મહિના બાદ જામીન મળ્યા છે. તિહાર જેલની બહાર આવતા જ તેમણે સૌથી પહેલા જેના મુખ્ય ગેટ પર રાહ જોઈ રહેલા પાર્ટીના કાર્યકર્તાઓ અને સમર્થકોનું હાથ હલાવીને અભિવાદન કર્યું.

## અજિત ડોવાલે SCOની બેઠકમાં કહ્યું, "આતંકવાદનો ખાતમો કરવા માટે મિકેનિઝ્મની જરૂર"

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

ભારત આર્મીએ આતંકવાદ વિરોધી ષડયંત્રનો અનેકવાર પર્દાફાશ કર્યો છે. અનેક આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. તેવામાં SCO સભ્ય દેશોની બેઠકમાં અજિત ડોભાલે આતંકવાદ સહિતના વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ નિવેદનો આપ્યા હતા. જેમાં આતંકવાદી નેટવર્કને ખતમ કરવા માટે કડક કાર્યવાહી કરવા પણ સમર્થન આપ્યું હતું.



કઝાકિસ્તાનમાં SCO દેશોની સુરક્ષા પરિષદના સચિવોની 19મી બેઠકમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે આતંકવાદ સહિતના વિવિધ મુદ્દાઓ પર મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. આતંકવાદ મુદ્દે અજિત ડોભાલે જણાવ્યું હતું કે, ભારત અને SCO દેશો વચ્ચેના સંબંધો વર્ષો જૂના છે અને તેને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. SCO સભ્ય દેશોની સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાનું સંપૂર્ણ સન્માન કરવું જોઈએ.

## ચિરાગ પાસવાનની ચિંતામાં થયો વધારો, સંગઠનના 22 નેતાઓએ પાર્ટીને કહ્યું અલવિદા

નવી દિલ્હી | તા. 03

ચિરાગ પાસવાનની પાર્ટી લોક જનશક્તિ પાર્ટી રામવિલાસને બિહારની 40 સીટમાંથી 5 સીટની વહેંચણી કરવામાં આવી છે. આ પાંચેય સીટ પર ચિરાગ પાસવાને ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.



તેવામાં કેટલાક ઉમેદવારોને ટિકિટ ન મળતા નારાજગી સામે આવી છે. પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના 22 અધિકારીઓ અને કાર્યકરોએ પાર્ટીના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

જેમાં પૂર્વ સાંસદ અને બિહાર સરકારના પૂર્વ મંત્રી, પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રેણુ કુશવાહા, પૂર્વ ધારાસભ્ય રાષ્ટ્રીય મહાસચિવ સતીશ કુમાર, રાજ્ય સંગઠન સચિવ ઈ. રવિન્દ્ર સિંહ, પક્ષના મુખ્ય વિસ્તારક અજય કુશવાહા, રાજ્ય ઉપાધ્યક્ષ સંજય સિંહ, રાજ્ય પ્રવક્તા ડૉ. વિનીત સિંહ સહિત 22 અધિકારીઓએ રાજીનામા આપ્યા છે.

### પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર તેજ

## મમતા બેનર્જીએ ટી સ્ટોલ પર ચા બનાવી

નવી દિલ્હી | તા. 03

લોકસભાની ચૂંટણીને લઈને પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. દરેક પાર્ટીઓ મતદારોને રીઝવવા માટે મેદાને ઉતરી છે.. પીએમ મોદી, રાહુલગાંધી, અમિત શાહ સહિત રાજકીય દિગ્ગજો રોડ શો અને ચૂંટણઈ રેલી સંબોધી રહ્યા છે. ત્યારે મમતા બેનર્જી પણ ચૂંટણીને લઇને જોરશોરથી પ્રચાર કરવામાં વ્યસ્ત બન્યા છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે જલપાઈગુડીમાં એક ટી સ્ટોલ પર ચા બનાવતા જોવા મળ્યા હતા. ચા બનાવીને કિટલીથી ચાના કપમાં કાઢતા પણ જોવા મળ્યા હતા. આ અંગે ટીએમસીએ ફોટા પણ ટ્વિટર પર શેર કર્યા હતા.



### ટી સ્ટોલ પર લોકોનો જમાવડો

આ દરમિયાન જોવા મળી રહ્યુ છે કે મમતા બેનર્જી ટી સ્ટોલ પર લોકોથી ઘેરાયેલા દેખાયા હતા. તે સ્ટોલ પર ચા બનાવીને ચાના કપ ભરતા પણ જોવા મળી રહ્યા હતા.મહત્વનું છે કે મમતા બેનર્જી હાલમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. તેઓ ગઈકાલે પણ જલપાઈગુડીમાં આદિવાસી સમાજ સાથે ઢોલના તાલે થિરકતા જોવા મળ્યા હતા. તેમણે આદિવાસી સમુદાય સાથે ડાન્સ કર્યો તથા ડ્રમ વગાડતા પણ જોવા મળ્યા હતા. અગાઉ પણ આદિવાસીઓ સાથે ઢોલના તાલે થિરકતા દેખાયા હતા

### ગોળીબારમાં એક ગેંગસ્ટરનું મોત

## જમ્મુના કઠુઆમાં શૂટઆઉટ

# પોલીસ અધિકારી શહીદ

### પોલીસે પીછો કરતા ગુંડાઓ મેડિકલ કોલેજમાં ઘૂસ્યા

(એજન્સી) જમ્મુ | તા. 03

જમ્મુ-કાશ્મીરના કઠુઆ મેડિકલ કોલેજમાં મંગળવારે રાત્રે ગોળીબારમાં એક ગેંગસ્ટર અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરનું મોત થયું હતું. પોલીસને શુનુ ગેંગના સભ્યો વિશે માહિતી મળી હતી. જ્યારે ટીમે તેમનો પીછો શરૂ કર્યો ત્યારે વાહનમાં આવેલા ગુંડાઓ મેડિકલ કોલેજ કેમ્પસમાં ઘૂસી ગયા હતા. પોલીસના અનુસાર ગોળીબાર રાત્રે થયો હતો જેમાં હત્યા કેસમાં આરોપી વાસુદેવનું મોત થયું હતું. જેમાં બે પોલીસ અધિકારી દીપક શર્મા અને અનિલ કુમાર ઘાયલ થયા હતા. આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર દીપક શર્માને માથામાં ગોળી વાગી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.



**LG મનોજ સિંહાએ કહ્યું- અધિકારીઓની બહાદુરીને સલામ :** જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ દીપક શર્માની બહાદુરીને સલામ કરી હતી. તેમણે કહ્યું કે તેમનું બલિદાન હંમેશા આપણા હૃદયમાં જીવંત રહેશે. સિંહાએ કહ્યું કે સરકાર અને પોલીસ વિભાગ આ મુશ્કેલ સમયમાં દીપક શર્માના પરિવારની સાથે છે. તેમનું બલિદાન હંમેશા આપણા હૃદયમાં રહેશે. શહીદ દીપક શર્માના પરિવાર સાથે મારી સંવેદના છે.

### શહીદ SI દિપક શર્માના દોઢ વર્ષ પહેલા લગ્ન થયા હતા

SI દીપક શર્માના લગ્ન લગભગ દોઢ વર્ષ પહેલા થયા હતા. દીપકના બલિદાનના સમાચાર મળતાં સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું પ્રસરી ગયું હતું. જીએમસી દીપક શર્માના મૃતદેહને લેવા કઠુઆ પહોંચી હતી.તેના માતા-પિતા, પત્ની અને ભાઈ-બહેનોની હાલત ખરાબ હતી. પોસ્ટમોર્ટમ બાદ SSP કઠુઆ શિવદીપ સિંહ જાનવાલે દીપકનો મૃતદેહ અંતિમ સંસ્કાર માટે પરિવારજનોને સોંપી દીધો છે.

### કોંગ્રેસે ભાજપ સરકાર પર આક્ષેપ કર્યા

# દેશમાં 6 વર્ષમાં 9.92 લાખ લોકોએ આપઘાત કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસે ભાજપ સરકાર પર આક્ષેપ કર્યાં છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, દેશમાં અને ગુજરાતમાં સતત વધતા જતા આત્મહત્યાની ઘટના અંગે કેન્દ્રની સરકારની જનતા સાથેના વિશ્વાસઘાત, 'અચ્છે દિન', 'અમૃતકાળ', 'ખેડૂતોની આવક બમણી' 'મોંઘવારીના મારથી મુક્તિ મળશે', સહિતના વાયદાથી તદ્દન વિપરીત ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યા છે.

**આત્મહત્યા કરનાર દર ચોથી વ્યક્તિ રોજમદાર**

કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલાઓ, ખેડૂતો, ખેતમજદૂરો વિદ્યાર્થીઓ, વેપારીઓ સેવા નિવૃત લોકો, સહિત સહપરિવાર આત્મહત્યા થઈ રહી છે, તે ચિંતાજનક છે. વર્ષ 2017થી 2022 સુધી સતત છ વર્ષથી આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા 6 વર્ષમાં 9,92,535 લોકોએ આત્મહત્યા કરી છે. સરેરાશ દરરોજ 407થી વધુ લોકો દેશમાં આત્મહત્યા કરી રહ્યા છે.



**2022માં 1,64,033 લોકોએ આત્મહત્યા કરી**

ગુજરાતમાં ત્રણ વર્ષમાં 6879 વિદ્યાર્થીઓએ પોતાનો જીવ ગુમાવ્યો. ભાજપ સરકાર જરૂરિયાતમંદ લોકોને રોજગાર, આર્થિક સહાયતા, માનસિક સ્વાસ્થ્ય આપવામાં નિષ્ફળ નીવડી છે. વર્ષ 2022માં 1,64,033 લોકોએ આત્મહત્યા કરી, જેમાં 12,055 વેપારીઓ, 8176 સ્વરોજગાર કરનાર એમ કુલ 20,231 લોકોએ આત્મહત્યા કરી છે.

**દર 25 મિનિટે એક ગૃહિણીની આત્મહત્યા**

દર બે કલાકે ત્રણ બેરોજગાર આત્મહત્યા કરી રહ્યા છે. ભારતમાં દર 25 મિનિટે એક ગૃહિણી આત્મહત્યા કરી રહી છે. ગુજરાતમાં પાછળના ત્રણ વર્ષમાં 495 વિદ્યાર્થીઓ સહિત 25,478 વ્યક્તિઓએ આત્મહત્યા કરી છે. ગુજરાતના પ્રમુખ શહેરો જેવા કે, અમદાવાદમાં 3280, સુરતમાં 2862, રાજકોટમાં 1287 આત્મહત્યાઓ ચિંતાજનક છે.

## ચૂંટણી પંચે રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી ચૂંટણી પંચ ભરપુર એક્શમાં છે. આ ક્રમમાં પંચે એક મોટી બેઠક યોજી હતી, જેમાં કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા અંગે સમીક્ષા કરવામાં આવી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે બેઠકમાં ઉપસ્થિત રહેલા ટોચના અધિકારીઓને કહ્યું છે કે, આ ચૂંટણીમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. મુખ્ય ચૂંટણી કમિશનરે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની સુરક્ષા એજન્સીઓના ટોચના અધિકારીઓ સાથે બેઠક કરી હતી, જેમાં રાજ્યોના મુખ્ય સચિવો, ડીજીપી, ગૃહ મંત્રાલ, સંરક્ષણ મંત્રાલ અને સીએસપીએફના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી પંચે હેરફેર અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવા ઘણા પાસાઓ પર ચર્ચા કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી પંચે અધિકારીઓને કહ્યું છે કે, ચૂંટણીમાં કોઈપણ પ્રકારની બેદરકારી નહીં ચાલે. આ વખતે દેશની અને રાજ્યની સીમાઓ પર કડક દેખરેખ રાખવામાં આવશે. ચૂંટણીની સુરક્ષા વ્યવસ્થાઓમાં કોઈપણ બેદરકારી નહીં ચાલે.

નર્મદા જિલ્લામાં દર વર્ષે ચૈત્ર સુદ એકમથી ચૈત્ર વદ અમાસ સુધી ઉત્તરવાહીની નર્મદા કિનારે આગામી તા. ૮ એપ્રિલથી ૮ મી મે સુધી પરિક્રમા યોજાશે

# પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાંના સુચારા આયોજન અંગે વિવિધ સમિતિની રચના કરી અધિકારીઓને જવાબદારી સોપાઇ

રામપુરા રણછોડ રાય મંદિરથી પરિક્રમા શરૂ થઈને શહેરાવ ઘાટ નર્મદા નદી ઉપર હંગામી બ્રિજ પરથી પસાર થઈ રેંગણ ઘાટ નદી પાર કરીને નાવડી મારફતે કિડી મંકોડી ઘાટ રામપુરા ખાતે પૂર્ણ થશે

ભરત શાહ દ્વારા - રાજપીપળા





તા.૩ નર્મદા જિલ્લામાં નર્મદા નદી કિનારે પંચકોશી ઉત્તરવાહીની પરિક્રમા દરવર્ષે ચૈત્ર સુદ એકમથી ચૈદ વદ અમાસ સુધી એટલે કે આગામી તારીખ ૮ મી એપ્રિલથી ૮ મી મે ૨૦૨૪ દરમ્યાન પરિક્રમા યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો આ પરિક્રમામાં જોડાય છે. ઉત્તરવાહીની પરિક્રમાના સુચારૂ સંચાલન એવમ આયોજન અમલવારી અંગે વિવિધ-૧૬ જેટલી સમિતિઓની રચના કરીને જિલ્લાના અધિકારીઓને કામગીરીની વહેંચણી કરીને જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા કલેકટર શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડમાં મહત્વની બેઠક મળી હતી. જેમાં પરિક્રમા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અને પરામર્શ કરવામાં આવ્યો હતો.અને શ્રદ્ધાળુઓ પરિક્રમાવાસીઓને કોઈ તકલીફ અગવડ ન પડે તે અંગે ચર્ચા કરાઈ હતી અને પરિક્રમા શાંતિપૂર્ણ વાતારવણમાં પ્રારંભ થાય અને પૂર્ણ થાય તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કાયદો-વ્યવસ્થાની સાથે શ્રદ્ધાળુઓની સલામતીની ચિંતા કરીને નર્મદા નદી પાર કરવા માટે લાયસન્સ ધરાવતી નાવડીમાં લાઈફ જેકેટ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવીને લોકોની સુરક્ષાની તંત્રએ ચિંતા કરી છે. વધુમાં તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા સહિત શ્રદ્ધાળુને જરૂરી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવીને યાત્રાળુઓની ભીડ નિયંત્રણ માટેની પણ સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમજ પરિક્રમાના સમગ્ર રૂટ તથા મુખ્ય ચાર ઘાટ તથા પાર્કિંગ સ્થળે એજન્સીના ખાનગી સિક્યુરીટી માણાસોની જરૂરિયાત અનુસાર નોડલ અધિકારીના સંકલનમાં કામગીરી સોંપણીની વ્યવસ્થા,પરિક્રમાના શરૂઆતના પોઈન્ટ (રામપુરા) સહિત પાર્કિંગ સ્થળ નક્કી કરવા તેમજ એજન્સી સાથે સંકલનમાં રહી યોગ્ય સાઈન બોર્ડ, બ્રાડીંગ યોગ્ય સાઇઝના સાઈન બોર્ડ તથા સતત ટીમ હાજર રહે તે માટે યોગ્ય વ્યવસ્થા અને તે અંગેની જાણકારી કંટ્રોલરૂમમાં અપાઈ જાય તે મુજબની કામગીરી, રામપુરા ઘાટ, શહેરાવ ઘાટ, તિલકવાડા ઘાટ તથા રેંગણઘાટ સહિત સમગ્ર પરિક્રમાના રૂટ પર યાત્રાળુઓની સુવિધા માટે નિયત સ્થળો તેમજ યોગ્ય અંતરે રૂટ પર મંડપ, કંટ્રોલરૂમ, બાથરૂમ, શૌચાલય, બેબીફીડીંગ રૂમ, માટેના રૂમની વ્યવસ્થા, સહિતના સાઈનબોર્ડ રાખવાની કામગીરી.

# SGVP મેમનગર ગુરૂકુળ ખાતે શાળા/કૉલેજના વિદ્યાર્થીઓ /યુવા મતદારોએ અચૂક મતદાનના શપથ લીધા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

લોકસભા ચૂંટણી 2024 અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અમદાવાદ શહેર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત SGVP મેમનગર ગુરૂકુળ ખાતે હોસ્ટેલમાં રહેતા તેમજ શાળા/કૉલેજના અંદાજિત 525 જેટલા વિદ્યાર્થીઓ/યુવામતદારો તેમજ શિક્ષકોને સ્વીપ મતદાન પ્રવૃત્તિના મદદનીશ નોડલ ઓફિસર દ્વારા મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ મતદાનના દિવસે પોતાના જિલ્લામાં જઈને મતદાન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ડાંગમાં રોપા વિતરણ યોજના 2022-23માં ગેરરીતી થઇ હોવાની ફરિયાદ સાથે ગુજરાત તકેદારી આયોગને લેખિતમાં રજૂઆત

સુશીલ પવાર. ડાંગ

ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી મારફત આદિવાસી સમાજના ખેડુતોને આંબા કલમનું વિતરણ કરવામાં આવેલ હતુ.જેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલો હોય તેવા આક્ષેપો સાથે આરટીઆઈ એક્ટિવસ્ટ જમનાદાસ વાડુ અને મોતીલાલ ચૌધરી દ્વારા ગાંધીનગર ખાતે રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ કાર્યવાહી પણ થઈ પણ તે અંગેની જાણ આરટીઆઈ એક્ટિવસ્ટને કરવામાં આવી નહોતી.જેને લઈને ફરી એકવાર ગાંધીનગર તકેદારી આયોગને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી મારફત આદિવાસી સમાજના ખેડુતોને આંબા કલમ વિતરણ કરવામાં આવેલ હતી.જેને લઈને આર.ટી. આઈ એક્ટીવીસ્ટ જમનાદાસ જીવલ ભાઈ વાઢુ અને મોતીલાલ સોમા ચૌધરી દ્વારા તે અંગેની આરટીઆઇ કરવામાં આવી હતી.અને માહિતી માંગવામાં આવી હતી.જે બાદ માહિતીની તપાસ કરતા સામે આવ્યુ હતુ કે, કુલ લાભાર્થી સંખ્યા 347 અને આંબા કલમની સંખ્યા 16,160 અને એક આંબા કલમની કિંમત રૂા.200/- આમ કુલ રૂા.32,32000/- નો ખર્ચ બતાવેલ હતો. પરંતુ અહીં મોટા પાયે કૌભાંડ આચરવામાં આવેલ હોવાનું જણાઇ આવતા આ બન્ને આર.ટી.આઈ એક્ટિવેસ્ટ એ તા.05/01/2023નાં રોજ લેખિતમાં રજૂઆત કરી હતી અને આ મામલે તપાસ કરવામાં આવે.

# ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે રામનવમીની મીટીંગ રાખવામાં આવી હતી

એસ.એમ.બારોટ



આજ રોજ તારીખ 02/04/2024 મંગળવાર ના રોજ સાંજે 05:00 કલાકે શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે ચેમ્બર ઓફ કોમર્સ મધ્યે રામનવમી ની રથયાત્રા ને અતિ ભવ્ય રથયાત્રા બનાવવા અને રામનવમી ના આયોજન ને સફળ બનાવવા મિટિંગ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વે સમાજ, સંગઠન અને સંસ્થા ના પ્રમુખ શ્રી ઓ ,આગેવાન શ્રીઓ સાથે સનાતન શ્રી રામસેના અને અખિલ ભારતીય નવયુગ સંસ્થા ના પ્રતિનિધિઓ અને *ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ અને નગરપાલીકા ના પ્રમુખ શ્રી અને પ્રતિનિધિઓ આ મીટીંગ માં હાજરી આપી હતી. ભગવાન શ્રી રામ ના જન્મોત્સવ એટલે રામનવમી ની રથયાત્રા આશાપુરા મંદિર ભારત નગર થી પ્રારંભ થશે ત્યારબાદ લીલા નારણેશ્વર મહાદેવ મંદિર થી થઈને બજારમાં નગરયાત્રા કરીને લીલાશાહ નારણેશ્વર મહાદેવ મંદિરે પૂર્ણ થશે અને આ રથયાત્રા માં વિવિધ એકાવન સમાજની ઝાંખી ઓ અને .પાંચ ધર્મરથો .એકઆવન ઢોલ. એક બહેનો દીકરીઓ માટે અને એક ભાઈઓ માટે એમ બે ડી જે. વિવિધ પ્રતિમા વાળા ત્રણ અશ્વ. તલવાર બાજી. લઠબાજી. આત્મ રક્ષણ ની માહિતી આપતા કરાટે. નેપાલી સમાજ દ્વારા કુકરી ડાન્સ. ગરબા . આતિશ બાજી. સાથે ભવ્ય રથયાત્રા નગર મા નીકળશે અને ગાંધીધામ ને દુલ્હનની જેમ સજાવવામાં આવશે 15 દિવસ માટે ગાંધીધામની મુખ્ય બજારોને અખિલ ભારતીય નવયુગ સંસ્થા અને સનાતન શ્રી રામ સેના.સિંધી સમાજ જુલેલાલ મંદિર .જૈન સોશિયલ ગ્રુપ .ના સંયોગથી લાઈટિંગ કરવામાં આવશે સાથે અલગ અલગ ગ્રુપો દ્વારા યાત્રાના રૂટમાં પાણી શરબત નાસ્તા જેવા સ્ટોલો રાખવામાં આવશે એવું આયોજક ટીમ ના રાજભા ગઢવીએ જણાવ્યું હતું નગરજનોને મોટી સંખ્યામાં રથયાત્રા માં જોડાવા અને ભવ્ય રથયાત્રા નિહાળવા આયોજકો દ્વારા આહવાન કરવામાં આવ્યું છે આ સનાતન સમાજ ની મિટિંગ મા ચેમ્બર દ્વારા ગાંધીધામ આદિપુર નગર ને સ્વચ્છ રાખવા માટેની શપથ ગ્રહણ પણ કરાવવામાં આવી હતી.

# અપહરણ તથા પોક્સોના ગુન્હાના ફરાર આરોપીને ઝડપી પાડતી પીપાવાવ મરીન પોલીસ

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓ દ્વારા જીલ્લામાં ગુન્હો આચરી નાચી ગયેલ આરોપીઓને ત્વરિત પણે પકડવા માટે સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સર્કેલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી રાજુલા ના વી.એસ.પલાસ તથા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી. લકકડ નાઓની રાહબરી હેઠળ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫ ૨૪૦૦૬૧ આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬, તથા પોક્સો એક્ટ કલમ ૧૮, મુજબનો ગુન્હો તા/૧૩/૦૩/૨૦૨૪ ના રોજ જાહેર



થયેલ હોય જે કામનો આરોપી ધરમશી ઉર્ફે ધમો સવજીભાઈ ચૌહાણ ઉ.વ.૨૦ નાઓને પકડી પાડી તેમની ઉપર ધોરણસરની કાર્યવાહી કરતી પીપાવાવ મરીન પોલીસ ટીમ.

# મુખ્યમંત્રીને પત્ર લખ્યો ભાયાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નયન જે જીવાણી દ્વારા આંદોલનની ચીમંકી

વિજય રાડીયા - ભાયાવદર

ભાયાવદર શહેરની આશરે ૨૫૦૦૦ ની વસ્તીને ફિલ્ટર વાળુ શુધ્ધ પાણી મળી રહે અને શહેરની જનતાનું જન આરોગ્ય સુખા કારી રહે તે માટે વર્ષ ૨૦૧૯ થી નગરપાલિકા ભાયાવદરની ચૂંટાયેલી બોડીએ નગરપાલિકાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી સરકાર પાસે વધારાની ગ્રાન્ટ મંજુર કરાવી આશરે રૂ.૧૫૦/- લાખ જેવી માતાબર રકમ સરકાર એ શહેરની જનતા માટે મંજુર કરી આપેલ છે ત્યારે ભાયાવદર નગરપાલિકા દ્વારા આ કામનો વર્ક ઓર્ડર તા:- ૧૦/૦૬/૨૦૨૦ નાં રોજ મારૂતી એન્ટર પ્રાઈઝ રાજકોટને આપેલ છે આ ટેન્ડરમાં મુખ્ય બે પ્રકારનાં કામ છે તેમાં એક ફિલ્ટર પ્લાન્ટ બનાવવાનું તેમજ પડી ગયેલ કુવામાંથી માટી કાઢીને નવો આર. સી.સી. ની પાકો કુવો બનાવવી



તેમાં એક ફિલ્ટરનું કામ પૂર્ણ કરી એજન્સી દ્વારા યોગ્ય મેન્ટેનન્સ કરવામાં ન આવેલ હોવાના કારણે હાલ ફિલ્ટર પ્લાન્ટ માં હાલ પાણી યોગ્ય રીતે ફિલ્ટર થઈ શકતું નથી હાલ નગરપાલિકામ વહીવટદાર શાશન હોવાના કારણે અજેન્સી અને અધિકારીશ્રીઓને સારા સંબંધ હોવાના કારણે એજન્સી ઉપર નિયમોનુશાર કાર્યવાહી ન કરવાના કારણે હાલ ભાયાવદર શહેરની જનતાને અસુધ પાણી પીવા મજબુર બનેલ છે ચાલુ શાલ મોજ ડેમમાં પાણીની સપાટી ઓછી હોવાના કારણે કુવાનું કામ થઈ શકે તેમ છે અગાઉ પણ આ કુવાનું કામ થઈ શકે તેવી સ્થિતિ હતી પરંતુ નગરપાલિકાના અધિકારીઓ સાથે આ એજન્સીને સારા સબંધ હોઈ જેથી આ કામ કરેલ નથી અને આ અધિકારીઓ પાસેથી એડવાન્સમાં ૫૦ લાખ જેવી માતબર રકમ પણ નગરપાલિકા ભાયાવદર પાસેથી લઈ લીધેલ હોઈ હાલ આ એજન્સી કુવાનું કામ કરવા ગલા તલા મારતી હોઈ તેના આ કુવાનું કામ ન કરવું હોઈ તેથી બાહાના બતાવીને ટલે ચળાવવાનું કામ કરે છે જેના પાપે ભાયાવદર શહેરની જનતાને અસુધ પાણી પીવા મુજબુર બનેલ છે.

# અમદાવાદ જિલ્લાના બાવળામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા રેડ પાડીને બાવળા મલ્ટીસ્પેસિયાલિટી હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન સિલ કર્યું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ ગ્રામ્ય નાં બાવળા તાલુકા માં આવેલ બાવળા મલ્ટીસ્પેસિયાલિટી હોસ્પિટલ ખાતે પીસી -પીએનડીટી એક્ટ અંતગર્ત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેશ બી પરમાર અને તેમની ટીમ દ્વારા સફળ સ્ટિંગ ઓપરેશન પાર પાડીને સોનોગ્રાફી મશીન સિલ કરવામાં આવ્યું. એજન્ટ દ્વારા સગર્ભા બહેનનું ગર્ભ પરીક્ષણ માટે ડો. રવિ દોશી દ્વારા રું. ૩૫૦૦૦/- લઇ સોનોગ્રાફી કરી લિંગ પરીક્ષણ કરી બાબા-બેબી ની જાણ કરતા રંગે હાથે જડપાયા . સ્ટિંગ ઓપરેશન દરમ્યાન ડોક્ટર રવિ દોશી પાસેથી રું. ૧૫૦૦૦/- સરકારી નાણા રીકવર કરેલ છે. તથા એજન્ટ પ્રકાશ નાનુભાઈ વાણંદ રું. ૨૦૦૦૦/- ડોક્ટર પાસેથી લઇ ફરાર જેની પોલિસ તપાસ ચાલુ .ડો.રવિ દોશી સામે પીસી -પીએનડીટી એક્ટ અંતગર્ત આગળ ની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ગૂજરાત વિધાપીઠ ખાતે 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.



જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'મતદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઇન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા સૌ યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા. આ પ્રસંગે NSSના નિર્દેશક ડૉ. કમલકુમાર કર, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન ડૉ. કનૈયાલાલ નાયક, NSSના કો-ઓર્ડીનેટર ડો.અરુણભાઈ ગાંધી, સ્વીપ નોડલ ઓફિસર શ્રી યોગેશભાઈ પારેખ સહિત મોટી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં EVMનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની 05 બેઠકો પર પેટાચૂંટણી સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા આખરી તૈયારીઓ ચાલી રહી છે. રાજ્યભરમાં નિયુક્ત કરવામાં આવેલા પોલીંગ સ્ટાફના ફર્સ્ટ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યભરના તમામ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને પોલીંગ ઑફિસર્સની તાલીમ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-2024 તેમજ ત્યાર બાદ આવેલી અરજીઓ પૈકી 14 લાખથી વધુ ફોટો ઓળખકાર્ડ (EPIC) નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. દેશના ગર્વ સમાન ચૂંટણીના આ પર્વમાં મહત્તમ મતદારો સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ માટે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અંગે વાત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મહિલાઓની મતદાનની સહભાગિતા વધારવા રાજ્યભરમાં બુથ લેવલે બેઠકો યોજી તેમને મતદાન માટેની આમંત્રણ પત્રિકા આપવામાં આવશે. યુવા મતદારોને પ્રોત્સાહિત કરવા કેમ્પસ એમ્બેસેડર્સ સાથે ઑનલાઈન મીટ યોજવામાં આવી હતી. સાથે જ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ આયોજિત થનાર IPL Match દરમિયાન વિવિધ માધ્યમોથી મતદાન જાગૃતિની બહુવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે. EVM નું રેન્ડમાઈઝેશન તા.04/04/2024 થી તા.08/04/2024 દરમિયાન રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ રેન્ડમાઈઝ્ડ EVM ની યાદી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને પૂરી પાડવામાં આવશે. સાથે જ રેન્ડમાઈઝ્ડ EVM જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા તેઓના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા EVM નો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકૉલ મુજબ સંગ્રહ કરવામાં આવશે.

# અમદાવાદ-સાબરમતી વચ્ચે બુલેટ ટ્રેનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે

અમદાવાદ

મુંબઈ-અમદાવાદ-સાબરમતી વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન પરિયોજનાનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે, અમદાવાદ થી સાબરમતી વચ્ચે સાબરમતી નદી પર બની રહેલા પુલના કામે હવે વેગ પકડ્યો છે. આ સંબંધમાં અમદાવાદ અને સાબરમતી વચ્ચેની રેલવે એક લાઇન હંગામી ધોરણે બંધ રહેશે. જેના કારણે ટ્રેન નંબર 19309/19310 ગાંધીનગર કેપિટલ-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ ટ્રેન ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે અને ટ્રેન નંબર 09276/09275 ગાંધીનગર કેપિટલ-આણંદ મેમુ સ્પેશિયલ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:- ટ્રેન નંબર 19310 ઈન્દોર-ગાંધીનગર કેપિટલ શાંતિ એક્સપ્રેસ 14 એપ્રિલ 2024થી આગળની સૂચના સુધી અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ-ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર 19309 ગાંધીનગર કેપિટલ-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ 15 એપ્રિલ 2024 થી આગળની સૂચના સુધી ગાંધીનગર કેપિટલની જગ્યાએ અમદાવાદથી ઉપડશે અને ગાંધીનગર કેપિટલ - અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર 09275 આણંદ-ગાંધીનગર કેપિટલ મેમુ સ્પેશિયલ 4 એપ્રિલ 2024 થી આગળની સૂચના સુધી સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર 09276 ગાંધીનગર કેપિટલ-આણંદ મેમુ સ્પેશિયલ 5 એપ્રિલ 2024થી આગળની સૂચના સુધી સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકેછે.

# IRCTC "માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ" 3AC પ્રવાસી ટ્રેન દ્વારા યાત્રા ચલાવી રહી છે

અમદાવાદ



ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ ભારત અને દેખો આપણો દેશ અંતર્ગત અને ઉત્તરાખંડ ટુરીઝમ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી દેવભૂમિ ઉત્તરાખંડ રાજ્યના અગ્રણી તીર્થસ્થાનો અને હેરિટેજ સ્થળોને આવરી લેતી "માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન" નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૦૯.૦૫.૨૪ ના રોજ રાજકોટ શહેરથી ઉત્તરાખંડ યાત્રા માટે રવાના થશે. "માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ" 3AC પ્રવાસી ટ્રેન રહેશે. આ યાત્રા ૦૯ મે ૨૦૨૪ થી ૧૯ મે ૨૦૨૪ (૧૦ રાત્રિ / ૧૧ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન IRCTC ટનકપુર, પૂર્ણાગિરી, શારદા નદીનો ઘાટ, હાટ કાલિકા, પાતાળ ભુવનેશ્વર, ચંપાવત, લોહાઘાટ, ચૌકોરી, અલ્મોરા, નૈનિતાલ અને ભીમતાલની સૈર કરાવશે, IRCTC મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રવાસ માટે બે શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ- માટે રૂ. ૨૮,૦૨૦/- , ડીલક્સ ક્લાસ - માટે રૂ. ૩૫,૩૪૦/- ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૦૯ મે ૨૦૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટા થી બેસી શકશે. IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફબોર્ડ નાસ્તો અને રાત્રિભોજન હોટેલ અથવા હોમસ્ટેમાં જ્યાં પેસેન્જર રોકાયા હોય અને બપોરનું ભોજન યોગ્ય જગ્યાએ રસ્તામાં જ હશે. ઘાટ રોડ સિવાય સ્ટાન્ડર્ડ પેકેજમાં નોન એસી ટ્રાન્સપોર્ટ અને ડીલક્સ પેકેજમાં એસી ટ્રાન્સપોર્ટ દ્વારા તમામ ટ્રાન્સફર અને જોવાલાયક સ્થળો માટે રહેશે. પ્રવાસની માહિતી માટે ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે, IRCTC ટુર મેનેજર જરૂરી સહાયતા માટે સમગ્ર પ્રવાસ દરમિયાન રહેશે. ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. આ પ્રવાસમાં મુસાફરો માટે મુસાફરી વીમો સામેલ છે. આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC વેબસાઈટ (irctctourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ.આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબર:- 9321901849, 9321901851, 9321901852, 7021090644, 7021090612, 7021090626, 7021090572, 7021090837, 7021090498 પર સંપર્ક કરી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સંક્ષિપ્ત સમાચાર

### લાલબાગ પાણીની ટાંકી જર્જરિત હોવાથી વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ માટે અપીલ

વડોદરા | વડોદરા શહેરના ઉત્તર ઝોનમાં આવેલ લાલબાગ પાણીની ઊંચી ટાંકી જર્જરિત હોવાથી અવારનવાર તેને ઉતારવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આખરે પાલિકાના પાણી પૂરવઠા વિભાગ દ્વારા તેને ઉતરવાની કામગીરી શરૂ કરતાં પાસેથી પસાર થતા રસ્તા પર કોઈ નાગરિકની સલામતી ન જોખમાય તે માટે વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.
પાલિકાના પાણી-પુરવઠા શાખા દ્વારા શહેરના ઉત્તર ઝોન વિસ્તારમાં આવેલ હયાત લાલબાગ પાણીની ઊંચી ટાંકી જર્જરિત હોવાથી આ અંગે જર્જરિત જૂની ટાંકીને ઉતારવાની કામગીરી કેટરપીલર મશીન/ કોંક્રિટ ક્શર મશીન દ્વારા શરૂ કરવાનુ આયોજન કરવામાં આવ્યું છે.
આ કામગીરીને કારણે નાગરિકોની સલામતીને ધ્યાને લઈ અહીં આવેલ રસ્તો કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કાશી વિશ્વનાથ મંદિરથી લાલબાગ બ્રિજ જતા ડાબી બાજુનો સર્વિસ રોડ લાલબાગ ટાંકી ખાતે આવેલ ટ્રાન્સફોર્મર રૂમના ગેટ સુધી બંધ કરી દેવામાં આવ્યો છે. આ રસ્તો બંધ થતાં તેના વૈકલ્પિક સ્વરૂપે ટ્રાન્સફોર્મર રૂમની સામે બ્રિજની નીચેથી જમણી તરફ સર્વિસ રોડ ડાયવર્ટ કરવામાં આવશે.

### ફરિયાદ:'ના આવી તો દવા પી મરી જઇશ' કહીને યુવકનું યુવતી ઉપર દુષ્કર્મ

વડોદરા | આપણે ભાગીને લગ્ન કરી લઈએ જો તું નહીં આવે તો હું ઝેરી દવા પી મરી જઈશ તેવી ધમકી આપીને યુવતીને ભગાડી તેની સાથે ચાર દિવસ સુધી દુષ્કર્મ ગુજારનાર યુવક સામે યુવતીએ ફરિયાદ નોંધાવી છે, આ સંબંધમાં કરજણ પોલીસે ગહન તપાસ હાથ ધરી છે. કરજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બચાર ગામ સહિત પંથકમાં ચકચાર જગાવી મૂકનાર આ બનાવ અંગે કરજણ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ અલ્તાફ અહેમદ ચૌહાણ યુવતીના ગામમાં કામ માટે આવતો હતો. દરમિયાન અલ્તાફ અને મુસ્લીમ યુવતી વચ્ચે આંખો મળી ગઈ હતી.
બંને વચ્ચે પ્રેમ સબંધ બંધાતા શરૂઆતમાં તેઓએ ફોન ઉપર વાતો કરવાનું શરૂ કર્યું હતું. અલ્તાફે યુવતીને લગ્ન કરવાની લાલચ આપીને પોતાની પ્રેમજાળમાં ફસાવી રાખી હતી. યુવતીને પણ અલ્તાફ લગ્ન કરશે તેવી આશા હતી. પરંતુ, અલ્તાફ યુવતી સાથે શારિરીક સુખ માણવા માટેની ફિરાકમાં હતા.દરમિયાન 20 માર્ચે મોડી રાત્રે 2-30 કલાકે અલ્તાફે યુવતીને ફોન કર્યો હતો. અને જણાવ્યું હતું કે, તું ઘરની બહાર આવી જા. આપણે ભાગીને લગ્ન કરી લઈએ.

### ધોરાજીમાં બેનર લાગ્યા, 'અમારા વિસ્તારમાં મત માગવા આવશો નહીં'



ધોરાજી | ધોરાજીના માતાવાડીમાં ઊભરાતી ગટરની સમસ્યા મુદે રહીશો આકરા પાણીએ આવી ગયા છે. આ અંગેની અનેકાનેક રજૂઆતો કચરાટોપલીમાં ફેંકી દેવાતાં લોકોની ધીરજ ખૂટી છે અને ચૂંટણી સમયે દેખા દેતાં નેતાલોગને સબક શીખવવા અને જવાબદારીનું ભાન કરાવવા હવે અહીં મત માગવા આવશો નહીં તેવા બેનર લગાડીને આક્રોશ ઠાલવાયો છે.
આ મામલે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે માતાવાડી વિસ્તારમાં ઊભરાતી ગટરની સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે. તંત્ર વાહકોને કેટલીયે રજૂઆત કરવા છતાં નક્કર કામગીરી કરાઇ નથી.

### જાહેરનામું: જસદણનો કાળિયા બ્રિજ આજથી સદંતર બંધ...

જસદણ | જસદણના લાતીપ્લોટને જોડતા બ્રિજ પરથી વાહનોની આવાગમન સદંતર બંધ કરી દેવામાં આવી છે અને વાહનચાલકોને ડાઈવર્ટ રૂટ પરથી જવાનું રહેશે તેવું જાહેરનામું જસદણ પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટએ બહાર પાડી દીધું છે અને આ જાહેરનામાનો ભંગ કરનારા સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.
આ પુલ વર્ષો પહેલાં બન્યો હોઈ મરામતની તાતી જરૂર હોવાનો રિપોર્ટ આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.આ બ્રીજ ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ જાહેર જનતાની અવરજવરથી દુર્ઘટના થવાની સંભાવના હોવાથી બ્રીજનું રીપેરીંગ કે નવીનીકરણ ન થાય ત્યાં સુધી બ્રીજ ઉપયોગમાં ન લેવાનો નિર્ણય કરવામં આવ્યો છે. જસદણમાં જૂના બસ સ્ટેન્ડથી કમરીબાઈ પુલ ઉપરથી પસાર થઈ પુલની જમણી બાજુ શરમાળીયા દાદાના મંદિર સામેના રસ્તા ઉપરથી નગરપાલિકાના ગઢડીયા રોડ પરના પાણીના સંપ પાસેથી નીકળી સન ટોકીઝ પાસેથી લાતી પ્લોટ વિસ્તારમાંથી ગોખલાણા રોડ તરફ અને ગઢડીયા રોડ પરના પાણીના સંપ પાસેથી નીકળી કમળીબાઈ પુલ તરફ જવાના રસ્તે નીકળશે.

---

**કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ સતર્ક: આરોગ્ય કેન્દ્રોમાં ORS સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ**

# ગરમીમાં વધારો થતાં લુ લાગવાથી બચવા માટેના સૂચનો જાહેર

(એજન્સી) રાજકોટ | તા.03

રાજકોટમાં હાલ ઉનાળો શરૂ થઈ ચૂક્યો છે. તાપમાનનો પારો હાલ ઉંચકાઈ રહ્યો હોવાથી કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે. ગરમીમાં વધારો થતાં હાલ લુ લાગવાથી બચવા માટે સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. તેમજ આરોગ્ય કેન્દ્રોમાં ORS સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આરોગ્ય અધિકારી ડોક્ટર જયેશ વાકાણીએ લોકોને બપોરના સમયે બિનજરૂરી બહાર નહીં નિકળવા સલાહ આપી છે. કોઈપણ ઈમરજન્સી માટે નજીકના આરોગ્ય કેન્દ્રોનો સંપર્ક કરવા જણાવ્યું છે.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીનાં જણાવ્યા મુજબ હજુ રાજકોટમાં એટલી બધી ગરમી વધી નથી, પરંતુ આગામી દિવસોમાં આ ગરમી વધે તેવી પૂરેપૂરી શક્યતાઓ પણ છે. જ્યારે રાજ્યના હવામાન વિભાગ દ્વારા અલગ અલગ શહેરોમાં વધતા તાપમાનને લઈને યલ્લો, ઓરેન્જ અને રેડ એલર્ટ જાહેર કરવામાં આવતા હોય છે. એવામાં જ્યારે તાપમાનમાં વધારો થાય ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા પણ એડવાઈઝરી જાહેર કરવામાં આવતી હોય છે. જ્યારે આપણે રાજકોટની વાત કરીએ તો રાજકોટમાં તાપમાન હજુ એટલું બધું જોઈએ તેટલું વધ્યું નથી, પરંતુ છેલ્લા ત્રણ-ચાર દિવસથી રાજકોટમાં લોકો ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે. જેના કારણે હજુ રાજકોટમાં હીટવેવની સ્થિતિનું હજુ સુધી નિર્માણ થયું નથી, પરંતુ આગામી દિવસોમાં હજુ પણ તાપમાન વધવાની શક્યતા છે.

### ઠંડા પાણીનો ઉપયોગ કરવાનું ટાળવું

લોકો હાલમાં ગરમીથી બચવા માટે ઠંડા પીણા અને ઠંડા પાણીનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરતા હોય છે, પરંતુ આ પ્રકારના પીણા અને ઠંડા પાણીનો ઉપયોગ કરવાનુ ટાળવુ જોઈએ. જ્યારે ઘરના માટલાનું પાણી પીવું આવા સમયે ખૂબ જ હિતાવહ માનવામાં આવે છે. એમાં પણ બપોરના સમયે ખૂબ જ ઠંડા પ્રકારના પ્રવાહી લેવાનું ટાળવું જોઈએ. કારણ કે, શરીરમાં તાપમાનનું પ્રમાણ વધ્યું હોય એવામાં ઠંડુ પાણી અથવા ઠંડા કોલ્ડ્રીંક શરીરને અનુકૂળ આવતા નથી. જેના કારણે તે લેવાનું ટાળવું જોઈએ. જ્યારે આવા સમયે પેટ ભરીને ખાવાનું ટાળવું જોઈએ અને બહારનું પણ ખાવાનું ટાળવું જોઈએ. મુખ્યત્વે આ પ્રકારના વાતાવરણમાં લોકોએ નાળિયેર પાણી અથવા ઘરનું સાદુ પાણી તેમજ ORS તેમજ ગ્લુકોઝ અને ઘરે બનેલા સરબત લે તો તે શરીર માટે હિતાવહ રહે છે. આ વિશે વાત કરવામાં આવે તો સૌથી પહેલા માથું દુઃખતું હોય છે. અત્યંત પરસેવો પણ શરીરમાં વળતો હોય છે. તેમજ શરીરમાં બેચેની અનુભવાતી હોય છે. જ્યારે આ બધાની વચ્ચે અમુક વખતે કાળુ દેખાવું અથવા તો ન પણ દેખાવું, ચક્કર આવી જવા તેમજ પગના સ્નાયુઓમાં કંપનનો અનુભવ થતો હોય છે.

આ અંગે માહિતી આપતા ડો. જયેશ વાકાણીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના તાપમાન દરમિયાન બપોરે 12 થી 3 સુધી લોકોએ કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળવું જોઈએ. કારણ કે આ સમય દરમિયાન સૂર્યના સીધા કિરણો જમીન ઉપર પડતા હોય છે. જેના કારણે જે તાપમાન છે તે તાપમાન કરતાં બે થી ત્રણ ડિગ્રી વધુ તાપમાન આપણું શરીર અનુભવ કરતું હોય છે. જેના કારણે હીટ સ્ટ્રોકનો શિકાર લોકો થતા હોય છે. જેમાં ઘણી વખત લોકો રસ્તા ઉપર બેભાન થઈને પડી જાય છે. જેના કારણે અન્ય અકસ્માત થવાની પણ સંભાવનાઓ વધી જતી હોય છે. સામાન્ય રીતે વધારે પ્રમાણમાં તાપમાન વધે ત્યારે લોકોએ પુષ્કળ પ્રમાણમાં પાણી લેવું જોઈએ. એમાં પણ લોકોએ માટલાના પાણીનું વધુ પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. જ્યારે બપોરના સમયે લોકોએ કામ સિવાય ઘરની બહાર ન નીકળવું જોઈએ, પરંતુ જો જવાનું થાય તો માથાના ભાગે ટોપી અથવા દુપટ્ટો સહિતની વસ્તુઓ બાંધવી જોઈએ અને કોટનના કપડાં પહેરવા જોઈએ. એમાં પણ જે લોકો શ્રમિક હોય તેમને આ પ્રકારના તાપમાનમાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ. જ્યારે બપોરના સમયે મોટાભાગે કામ કરવાનું ટાળવુ જોઈએ. જો આવા સમયે તેઓ કામ કરતા હોય તો તાપમાનની અસર તેમના પર થાય તો તેઓ બેભાન થઈ શકે છે અથવા તો તેમને હીટ વેવની અસર ખૂબ જ જલ્દીથી થતી હોય છે.

---

# રાજકોટ, શાપર, ગોંડલ અને જૂનાગઢમાંથી 17 વાહનોની ચોરી કરનાર રાજકોટથીઝડપાયો

■ મોત પહેલાં વીડિયો બનાવ્યો, કાપોદ્રા પોલીસમાં ફરિયાદ દાખલ થતા તપાસ શરૂ

(એજન્સી) રાજકોટ | તા.03




છેલ્લા ચાર માસમાં રાજકોટમાંથી ૭, શાપરમાંથી ૩, ગોંડલમાંથી ૫ અને જૂનાગઢમાંથી ૧ મળી કુલ ૧૭ ટુ વ્હીલરની ચોરી કરી તરખાટ મચાવનાર મુકેશ લાભુભાઈ મારડીયા (ઉ.વ.૪૦, રહે. સડક પીપળીયા, તા. ગોંડલ, મૂળ ખાંભા ગાયકવાડી, કુંભારવાસ, તા. અમરેલી)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો. તેની પાસેથી ચોરાઉ ટુ વ્હીલર ખરીદનાર આશિષ વલ્લભ કાપડી (ઉ.વ.૩૪, રહે. ગુંદાસરા, તા. ગોંડલ, મૂળ વીરપુર)ની પણ ક્રાઈમ બ્રાંચે અટકાયત કરી હતી. ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે મુકેશને ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધા બાદ તેણે છેલ્લા ચાર મહિનામાં ૧૭ ટુ વ્હીલરની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. એટલું જ નહીં ચોરાઉ ટુ વ્હીલર ફાઈનાન્સમાંથી ખેંચેલા છે તેમ કહી આશિષને વેચવા આપી દીધાની પણ કબૂલાત આપી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચે આશિષને પણ સકંજામાં લઈ રૂા. ૬.૭૫ લાખની કિમતના ૧૭ ટુ વ્હીલર કબ્જે કર્યા હતાં. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે મુકેશ કારખાનામાં મજૂરી કામ કરે છે. જે દિવસે રજા હોય તે દિવસે વાહનો ચોરવા નીકળી પડતો હતો. રાજકોટ શહેર, શાપર, ગોંડલ અને જૂનાગઢ જેવા શહેરોમાં જઈ હોસ્પિટલ અને હોટલ સહિતના સ્થળો પાસે પાર્ક હેન્ડલ લોક વગરના વાહનો થોડે સુધી દોરીને લઈ ગયા બાદ ડાયરેક્ટ છેડા કરી ચોરી કરી લેતો હતો. આરોપી મુકેશ આ અગાઉ ૨૦૧૧ની સાલમાં જૂનાગઢ એલસીબીના હાથે ૨૭ ચોરાઉ વાહનોના કેસમાં પકડાઈ ચૂક્યો છે. તેના વિરૂધ્ધ જૂનાગઢ પોલીસમાં વાહન ચોરી અંગે પાંચેક ગુના પણ નોંધાયેલા છે.
તે ચોરાઉ વાહનો મિત્ર આશિષને ફાઈનાન્સમાંથી ખેંચેલા વાહનો હોવાનું કહી રૂા. ૧૦ હજારથી લઈ રૂા. ૨૦ હજારમાં આપી દેતો હતો. જે વાહનો આશિષ તેના પરિચિતોને વેચી દેતો હતો. આ ઉપરાંત આરોપી મુકેશ ખાસ કરીને જે બાઈકમાં મેગવ્હીલ હોય તેની વધુ ચોરી કરતો હતો. તેણે ગુંદાસરા ગામના રેલવે સ્ટેશન પાસેથી એક બાઈકની ચોરી કરી હતી. જેના માલિકનું નામ મેળવવા ક્રાઈમ બ્રાંચે પ્રયાસો શરૂ કર્યા છે.

---

**ખટોદરા પોલીસે 2 હત્યારાની ધરપકડ કરી**

# ડ્રગ્સની બાતમી આપ્યાના વહેમમાં 6 નશેડીએ દલાલને રહેંસી નાખ્યો

(એજન્સી) સુરત | તા.03

રિંગરોડ ચામુંડા રેસ્ટોરન્ટની સામે જૂની સબજેલ પાસે ગત મોડીરાતે બાઈક લે-વેચનો ધંધો કરતા દલાલની કરપીણ હત્યા થઈ છે. 6 હુમલાખોરે ચપ્પુ અને તિક્ષ્ણ હથિયારોથી દલાલ સહિત બે મિત્રો પર જીવલેણ હુમલો કર્યો હતો. સિવિલમાં લવાયેલા હનીફ અમીર શેખ (34) (રહે,પદમાનગર,માનદરવાજા)નું સારવાર વેળા મોત થયું હતું. તેનો મિત્ર મોહસીન કિફાયતઅલી સૈયદ (35) (રહે, બાંખડ મહોલ્લો, માન દરવાજા)ને ગંભીર ઈજા થઈ છે. મોહસીન લેડિઝ ટેલર છે.
એમડી ડ્રગ્સની પોલીસને બાતમી આપતો હોવાની શંકામાં હત્યા કરાઈ હતી. ખટોદરા પોલીસે મોહંમદ એજાજ ઉર્ફે ખંજરી હનિફ શેખ, તેનો ભાઈ અજરૂદ્દીન ઉર્ફે અજ્જુ ઉર્ફે છોટા ખંજરી હનિફ શેખ, સાગરિત આબીદ ઉર્ફે ડોન મેહમૂદ શેખ, અજીમ ઉર્ફે ચિરા શેખ, અકબર ઉર્ફે સુપડુ અને ગોપાલ સુભાષ સોનવણે (રહે, માનદરવાજા)ની સામે હત્યા, હત્યાની કોશિશ અને રાયોટીંગનો ગુનો નોંધ્યો છે. અજ્જુ ઉર્ફે ચિરા અને ગોપાલ પકડાયા છે. મૃતકને 6 વર્ષની દીકરી છે. શહેરમાં 48 કલાકમાં હત્યાના 3 બનાવો બન્યા છે અને છેલ્લા 93 દિવસમાં 28 હત્યા થઈ છે. મૃતકના પરિવારે જણાવ્યું કે, રાત્રે દુકાનેથી હત્યારા મોહસીનને ઊંચકી તેના ફોનથી મૃતક હનીફ સાથે અજ્જુ ઉર્ફે છોટા ખંજરીએ વાત કરી ચામુંડા ચા પર હનિફ અને કલ્પેશને બોલાવ્યા હતા. હત્યારાઓ એમડી ડ્રગ્સ વેચાણ કરે છે.
એજાજ ઉર્ફે ખંજરી, તેનો ભાઈ અજરૂદ્દીન, આબીદ ઉર્ફે ડોન અને અજ્જુ ઉર્ફે ચિરા અગાઉ મારામારી, ચોરી સહિતના વિવિધ ગુનામાં પકડાયા હતા. હત્યારાઓ ડ્રગ્સનો નશો કરતા હોવાની વાત છે.

---

# કાર્યવાહી: કાપોદ્રામાં સુમુલ શુદ્ધ ઘીના 8 નકલી પાઉચ પકડાયા

(એજન્સી) સુરત | તા.03

કાપોદ્રામાં ડેરીમાંથી જાણીતી કંપની સુમુલ ડેરીનું નકલી ઘી ઝડપાયું છે. સુમુલ ડેરીના સ્ટાફને આ અંગેની માહિતી મળી હતી. આથી તેઓ સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર અને સ્ટાફ સાથે પહેલી એપ્રિલે સાંજે કાપોદ્રામાં કારગીલ ચોક, જય હસમુખા હનુમાન ડેરી એન્ડ બેકરી પર ચેકિંગ કરી હતી.

આ દરમિયાન શોકેસમાંથી સુમુલ ડેરીનું શુદ્ધ ઘીના 1 લિટરના 3 પાઉચ અને 500 મિ.લીના 5 પાઉચો મળી આવ્યા હતા. નકલી ઘી પર એક સરખો મેલ્ટ નંબર લખેલો હતો ઉપરાંત મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી ડેટ લખેલી હતી. જોકે, નકલી ઘી પર જે મેલ્ટ નંબર લખ્યો તે સુમુલ ડેરી દ્વારા પેક કરવામાં આવ્યા ન હતા. સુમુલ ડેરીના લીગલ અધિકારી દિપેશ ભટ્ટએ કાપોદ્રા પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ડેરીના માલિક કિશન શાંતિ વિરમગામા(32) (રહે, સિલ્વાસા હાઈટ્સ, સુદામાચોક મોટા વરાછા)ની સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. જેને નકલી ઘીના પાઉચ કતારગામના પ્રતિક ઠક્કર આપી જતો હતો. પ્રતિક મૂળ દિશાનો રહેવાસી છે. હાલમાં પોલીસે પ્રતિકને શોધવા કવાયત શરૂ કરી છે. પ્રતિક પકડાય તો સુમુલ ડેરીના લોગોવાળા પાઉચ કોની પાસેથી બનાવ્યા તેની હકીકતો સામે આવી શકે છે.

નકલી ઘીમાં IPCની કઈ કલમમાં કેટલી સજા થાય છે ■ 420- 7 વર્ષ સુધીની કેદ અને દંડ ■ 272- 6 મહિના સુધીની કેદ અથવા 1 હજાર અથવા બંને ■ 482-1 વર્ષ સુધીની કેદ અથવા બંને ■ 483-2 વર્ષ સુધીની કેદ અથવા બંને દંડ બંનેની સજાની જોગવાઈ છે.

### કોરોના અને સ્વાઇન ફ્લૂના કેસમાં ટ્રાવેલિંગને કારણે વધારો થયો

વડોદરા | તા.03

શહેરમાં કોરોના અને સ્વાઈન ફ્લૂના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે આ વધી રહેલા કેસ માટે કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ટ્રાવેલિંગ હિસ્ટરી જવાબદાર હોવાનું અને હવામાન કારણભૂત હોવાનું જણાવવામાં આવ્યું છે.
અત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશથી આવેલા નાગરિકોને પગલે મુંબઈ અને દિલ્હીમાં કોરોના અને સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સ્થાનિક લોકો મુંબઈ અને દિલ્હી ખાતે જતા હોવાને કારણે સંક્રમણનો ભોગ બની રહ્યા હોવાનું આરોગ્ય વિભાગના ધ્યાને આવ્યું છે. બીજી તરફ સયાજી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના 2 દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે, જે શંકાસ્પદ હોવાનું હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું છે. જ્યારે કોરોનાના 3 દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. બે દિવસ અગાઉ એક દર્દી દાખલ થતાં કુલ સંખ્યા ત્રણ થઈ હોવાનું જાણવા મળે છે. બીજી તરફ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યા મુજબ કોરોના વાઈરસ અને સ્વાઈન ફ્લૂ એ સદંતર બંધ થયા નથી.

# સોમનાથ આસપાસ અવરોધરૂપ 100 દબાણો પર બૂલડોઝર ફર્યું

■ અગાઉ મેગા ડિમોલિશન કરાયા બાદ ફરી તંત્ર દ્વારા સપાટો કરવામાં આવ્યો

(એજન્સી) વેરાવળ | તા.03



સોમનાથ મંદિર અને આસપાસનો વિકાસ કરવા માટે અહી વિશાળ જગ્યાની જરૂરત પડવાની હોવાથી અગાઉ મોટા પાયે ડિમોલિશન કરાયા બાદ આજે વહીવટીતંત્રે સવારથી જ દબાણ હટાવ ઝૂંબેશ આદરી વધુ સો જેટલા દબાણોને દૂર કરીને જમીનો ખૂલ્લી કરાવી હતી.

વેરાવળ પાટણમાં બાંધકામોના નિયમોને કોરાણે મૂકીને અનેક ગેરકાયદે બાંધકામો થયા છે.આજે સોમનાથમાં આવેલા દિગ્વિજય દ્વારની સામે આવેલ કુંભારવાડામાં જૂના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. હોટલ તેમજ મકાનોની બહાર કાઢેલ શૌચાલય-બાથરૂમ, ઓટલા, કેબીન જેવા દબાણો જેસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સોમનાથ મંદિર શોપિંગ સેન્ટર ખાતે ૧૨૦ દુકાનોના દુકાનમાલિકોના પ્રતિનિધિઓ સાથે કલેક્ટરે બેઠક યોજી વેપારીઓની રજૂઆતો સાંભળી હતી એ પછી આજે તાત્કાલિક ધોરણે ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીથી રસ્તો પહોળો થવાથી દર્શનાર્થીઓ, પ્રવાસીઓ, મંદિરની આજુબાજુના રહેણાંક વિસ્તાર તથા સોમનાથ શોપિંગ સેન્ટરનાં વેપારીઓ તથા રીક્ષા-વાહનચાલકોને રાહત થઈ છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે. આગામી સમયમાં પઠાણવાડા વિસ્તારમાં પણ અનધિકૃત બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાંત અધિકારી,વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ પોલીસ અધિકારીઓની હાજરીમાં આ અનધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યાં હતાં.સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિકાસકાર્યો તથા શિવરાત્રિને લઈને સુરક્ષાને ધ્યાને લેતા કરવામાં આવેલા બેરિકેડિંગ તથા દિવાલને કારણે સોમનાથ શોપિંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો મળવાની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતે શોપિંગ સેન્ટરના વેપારીઓએ જિલ્લા કલેક્ટર અને સોમનાથ ટ્રસ્ટને રજૂઆત કરી હતી.

---

**જૂનાગઢ બેઠક પર અન્ય ઉમેદવારને ટિકિટ ફાળવવા માગ કરવામાં આવી રહી છે...**

# રાજેશ ચુડાસમાને હટાવવા લોહાણા સમાજની માગ : 'જો ભાજપ ઉમેદવાર બદલે તો અમારા દિલમાં પણ કમળ જ છે

(એજન્સી) ગીર સોમનાથ (વેરાવળ) | | તા.03



ગીર સોમનાથના વેરાવળમાં ડોક્ટર અતુલ ચગ આત્મહત્યા કેસમાં જેના પર આક્ષેપો થયા છે તે જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાને ભાજપ દ્વારા ફરી રિપીટ કરાતા રઘુવંશી સમાજમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. ગત રાત્રીના લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી સમાજની આક્રોશ સાથે બેઠક યોજાઈ હતી. તો સામે સમાજની બેઠકના બે કલાક પૂર્વે સ્વ.ડો.ચગના પુત્ર હિતાર્થે પત્રકાર પરિષદ યોજીને સુખદ સમાધાન થયાનો ખુલાસો કર્યો હતો. તેમજ ચૂંટણી સમયે ડૉ.ચગના નામનો ઉપયોગ કરી કોઈ મિટિંગ કે સંમેલન ન કરવા પણ અપીલ કરી હતી. જેથી લોહાણા સમાજ વધુ લાલઘૂમ બન્યો છે.
આ બેઠકમાં લોહાણ સમાજે કહ્યું કે, જો ભાજપ ઉમેદવાર બદલે તો અમારા દિલમાં પણ કમળ જ છે. રાજેશ ચુડાસમાની ઉપર ડૉ.ચગના આપઘાતનો ડાઘ લાગેલો છે અને અમે રાષ્ટ્રને આ ડાઘવાળું કમળ અર્પણ નહીં કરીએ. રઘુવંશી લોહાણા સમાજની માત્ર એક જ માગ છે કે રાજેશ ચુડાસમાની ટિકિટ રદ કરવામાં આવે. આમ છતાં જો ભાજપ તેમને જ લડાવશે તો કારમો પરાજય આપવા માટે સમાજની મિટિંગમાં આગેવાન સહિત ઉપસ્થિત લોકોએ રણ ટંકાર કર્યો હતો. ત્યારે હવે જોવાનું રહ્યું કે જૂનાગઢ બેઠક પર ભાજપ ઉમેદવાર બદલે છે કે પછી રાજેશ ચુડાસમાને જ ચૂંટણી લડાવશે.
રાજકોટ બાદ ગીર-સોમનાથ જિલ્લામાં પણ ભાજપના ઉમેદવાર સામે આક્રોશ ભભૂકી ઊઠ્યો છે. વેરાવળના જાણીતા તબીબ ડૉ. અતુલ ચગ આપઘાત કેસમાં જેમના પર આરોપ લાગ્યો એવા રાજેશ ચુડાસમાને ભાજપે લોકસભાની જૂનાગઢ-ગીર સોમનાથની બેઠક ઉપર ચૂંટણી લડવા માટે ટિકિટ ફાળવતા રઘુવંશી સમાજમાં આક્રોશ ભભૂકી ઊઠ્યો છે. જાણીતા સેવાભાવી તબીબને આપઘાત માટે મજબૂર કરનાર અને ડૉ.ચગની સુસાઈડ નોટમાં ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાનું નામ છે, જેથી તેના બદલે અન્ય ઉમેદવારને ટિકિટ ફાળવવા રઘુવંશી સમાજની માગ ઊઠી છે. આ ગુનાની FIRમાં સાંસદ રાજેશ ચુડાસમાનું નામ છે.
આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે છતાં પાર્ટી દ્વારા તેમને લોકસભાની ટિકિટ આપવામાં આવી છે. જેના કારણે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લા ઉપરાંત ગુજરાતના 30 લાખથી વધુ રઘુવંશી પરિવારોને ઊંડો આઘાત લાગ્યો હોવાનું રઘુવંશી અગ્રણી રાકેશ દેવાણી સહિતના આગેવાનોએ સૂર વ્યક્ત કર્યો હતો.

### કડોદરામાં એક કિમીનો ચકરાવો ઘટાડવા અંડરપાસના છેડે ડિવાઈડર તોડી નંખાયુ

(એજન્સી) પલસાણા | તા.03

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા ચાર રસ્તા ખાતે બનાવેલા અંડરપાસના સુરત તરફના એન્ટ્રી એક્ઝીટની જગ્યા પરના ડિવાઈડર તોડી નાંખી રિક્ષા તેમજ બે ચક્રીય વાહનોની અવર જવર શરૂ કરી દેતા અકસ્માતની શક્યતા વધી રહી છે. ત્યારે આ બાબતે માર્ગ અને મકાન વિભાગ ગંભીરતાથી વિચારી આ અવર જવર માટેનો કટ ડિવાઈડર રિપેરિંગ હાથ ધરે એ જરૂરી બન્યું છે.
સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તા ખાતે જિલ્લાનો પ્રથમ અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. જોકે, આ અંડરપાસની ડિઝાઈન લઈને શરૂઆતથી જ વિવાદ જોવા મળી રહ્યો છે. સુરત તરફની એન્ટ્રી એક્ઝીટવાળી જગ્યા ઉપરથી એક કિમી દૂર સુધી વાહન ક્રોસિંગ માટે કોઈપણ પ્રકારના કટની વ્યવસ્થા ન હોય. વાહનચાલકો હરિપુરા પાટિયા નજીક ફરજિયાત વાહન લઈને જવું પડે છે. મોટો ચકરાવાથી બચવા માટે અંડરપાસ શરૂ થયોને ટૂંક સમયમાં જ અંડરપાસની બહાર છ સાત ફૂટ જેટલું ડિવાઈડર તોડી નાંખી રિક્ષા તેમજ નાના વાહનો પસાર થાય તેવી સ્થિતિનું નિર્માણ કરી દેવામાં આવ્યું હતું. પરિણામે આ જગ્યા ઉપર અકસ્માતનો ભય રહેલો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એસટી બસ સાથે અકસ્માત સર્જનાર કાર મહુધા ભાજપના અગ્રણીની હોવાનું ખૂલ્યું

નડિયાદ | નડિયાદ ટાઉન મથકના હદ વિસ્તારમાં આવતા કપડવંજ રોડ પર રવિવારે એક કારચાલકે એસ.ટી. બસ સાથે અકસ્માત સર્જ્યો હતો. આ કારમાંથી ભાજપનો ખેસ મળ્યો હતો. હવે આ મામલે સૌથી ચોંકાવનારો ખુલાસો થયો છે. આ કાર ખેડા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પુત્ર અને મહુધા ભાજપના અગ્રણીની હોવાની ચર્ચા ચાલી રહી છે. દારૂની ખાલી અને ભરેલી બોટલો તેમજ ભાજપનો ખેસ લટકાવેલી ગાડીએ અકસ્માત સર્જ્યો, તે ગાડી ખેડા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જયંતિભાઈ સોઢાના પરીવારની છે. તેમનો દિકરો વર્ષ ૨૦૨૧માં ભારતીય જનતા પાર્ટીનો મહુધા યુવા મોરચાનો પ્રમુખ હતો અને હાલ પણ ભાજપમાં સક્રિય છે. આ ગાડી જયંતિભાઈના પુત્ર મેહુલની હોવાનું જણાવા મળ્યું છે. ત્યારે આ કારે અકસ્માત સર્જ્યો છે અને અકસ્માત બાદ ઘટનાસ્થળે ટોળુ વળી ગયુ હતુ, જ્યાં ગાડીમાંથી નશામાં ધૂત ચાલક ફરાર થઈ ગયો હતો અને ગાડીમાંથી દારૂની ખાલી અને ભરેલી બોટલો મળી આવી હતી. સાથે જ ભારતીય જનતા પાર્ટીનો ખેસ અને પાણીનો જગ પણ મળ્યો હતો.

### નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોસ્ટેબલનું હાર્ટ એટેકથી મોત

નડિયાદ | નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલને મંગળવારે સવારે પોતાના ઘરે અચાનક છાતીમાં દુખાવો થતા તુરંત જ મહાગુજરાત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસ કોન્સ્ટેબલનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. આ બનાવના પગલે પોલીસ બેડામાં શોક વ્યાપી જવા પામ્યો હતો. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ડી સ્ટાફ માં ચેતનભાઇ મૂળજીભાઈ કટારીયા (રહે.અલીણા, તાલુકો મહુધા)હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ બાલાજી પાર્ક સોસાયટી, મંજીપુરા રોડ, નડિયાદ ખાતે પરિવાર સાથે રહેતા હતા. આજે સવારે તેઓ ઘરે હતા. ત્યારે અચાનક છાતીમાં દુખાવો થતાં તેમને તુરંત જ પરિવારજનોએ મહાગુજરાત હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયા હતા. જ્યાં આઇસીયુમાં સારવાર દરમિયાન બપોરના ૧૨ વાગ્યાના સુમારે ચેતનભાઇ કટારીયા (ઉંમર વર્ષ ૪૧)ને તબીબે મૃત જાહેર કર્યા હતા.

### કલોલમાં ગૌહત્યાનો ભેદ ઉકેલાયો પોલીસે ચાર આરોપીને ઝડપી લીધા

કલોલ | કલોલમાં ગૌહત્યાના કૃત્યને અંજામ આપનાર ગેંગને કલોલ તાલુકા પોલીસે ઝડપી પાડી હતી. થોડા સમય અગાઉ કલોલના ખોરજાપરા પાસે કપાયેલી હાલતમાં ગૌવંશ મળી આવ્યો હતો.જેને પગલે ગ્રામજનોએ આરોપીઓને ઝડપી લેવા રજૂઆત કરી હતી. પોલીસે ચોક્કસ બાતમીને આધારે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી તેમજ વાહન સહિત ૪.૬૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ અન્ય ત્રણ આરોપીઓને શોધવાની કામગીરી હાથ ધરી છે. કલોલ તાલુકાના ખોરજાપરા ગામ પાસે છેલ્લા કેટલાય દિવસથી ગૌમાંસ મળી આવવાનો ઘટના ક્રમ ચાલુ રહ્યો હતો. રાત્રી દરમિયાન અજાણ્યા ઇસમો આવીને ગૌમાંસ નાખી જતા હતા. જેને પગલે આસપાસના ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. ગૌવંશને ખુલ્લામાં નાખી દેવામાં આવતા લોકોની ધામક લાગણીઓ દુભાઇ હતી જેને પગલે ગ્રામજનોએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપીઓને ઝડપી લેવા માટે રજૂઆત કરી હતી. ઘટનાની જાણ થતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો પણ પોલીસ સ્ટેશનમાં દોડી આવ્યા હતા.

# તળાજા માર્કેટીંગ યાર્ડે 1.40 લાખ ખેડુત, વેપારી અને મજુરના વિમા માટે 21 લાખનું પ્રીમિયમ ભર્યું

(એજન્સી) તળાજા | તા.03

• 11 વર્ષથી 10 હજારના વીમાનું કવચ હતું, આ વર્ષથી એક લાખ



તળાજા ખેતી પ્રધાન તાલુકો છે અને મોટો વર્ગ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. જ્યારે યાર્ડના હોદ્દેદારો પણ આ ખેડુતોની ખેવના કરી રહ્યાં છે અને આ વર્ષે ૧ લાખના વીમો પ્રત્યેક ખાતેદારનો ઉતારવા મક્કમતા દર્શાવી ખેડૂતો ઉપરાંત વેપારી, મજુરો અને કર્મચારી મળી ૧.૪૦ લાખ વ્યક્તિના વીમો ઉતારવા યાર્ડે ૨૧ લાખનું પ્રિમીયમ ભર્યું હતું. સાથે અગાઉ અકસ્માતે અવસાન પામેલ ૨૩ પરિવારોને વીમાની રકમ આપી હતી.

તળાજા તાલુકામાં એક લાખ ચાલીસ હજાર ખેડુતો નોંધાયેલ છે. આ ખેડૂતોના નામે ૭-૧૨ના દાખલો નિકળતો હોય તેવા ખેડૂતો ઉપરાંત યાર્ડમાં નોંધાયેલ વેપારીઓ, મજૂરો, કર્મચારીઓ અને બોર્ડ ઓફ ડિરેક્ટર પર અકસ્માત એ આફત આવી પડે તો તેઓના પરિવારને આર્થિક રીતે મદદ કરીને દુઃખમાં સહભાગી થવા માટે અગિયાર વર્ષથી વીમા પોલિસી દ્વારા લાભ આપવામાં આવે છે. વિમાની લાખો રૂપિયાની રકમ યાર્ડ ભરે છે.

યાર્ડ સેક્રેટરી અજિતભાઈ પરમારએ જણાવ્યું હતું કે જે ૧.૪૦ લાખ ખેડૂતોનું લિસ્ટ છે તે લિસ્ટ તળાજા મામલતદાર કચેરીમાં નોંધાયેલ ખેડુતોનું છે. ત્યાંથી જ મેળવવામાં આવે છે. ખાસ વાત એ છે કે ખેડુતના નામે ૭-૧૨ નિકળવી જોઈએ. તે વીમાની ૨૨કમના લાભાર્થી બને છે આ વર્ષે અકસ્માતે મોત થયા હોય તેવા ૨૩ ખેડૂતોના વીમા કલેમ કરવામાં આવ્યા છે. હાલ ૧૪ ખેડૂત પરિવારને ઘરે જઈને યાર્ડ પ્રમુખ ભીમજીભાઈ પંડયા સાથી બોર્ડ ડિરેકટર, રાજકીય અને સામાજિક આગેવાનોને સાથે રાખીને વિમાની એક લાખની રકમ આપીને દુઃખમાં સહભાગી થવાનો પ્રયાસ કરવામાં આવે છે. એટલું જ નહિ યાર્ડમાં નોંધાયેલ અને ડિપોઝીટ હોય તેવા એક હજાર વેપારીઓ, એકસો જેટલા મજુરો, કર્મચારીઓ અને બોર્ડ ઓફ ડિરેકટરના સભ્યોને પણ વિમાથી સુરક્ષિત કરવામાં આવે છે.

• વેગા એલોયસ મીલમાં મધરાત્રે દુર્ઘટના સર્જાઇ

## સિહોરના મગલાણા પાસે મીલમાં બોઈલર બ્લાસ્ટ, 2 મજૂરના મોત

(એજન્સી) સિહોર | તા.03

સિહોર તાલુકાના મગલાણા ગામ પાસે આવેલી વેગા એલોયસ મીલમાં મધરાત્રિના સમયે બોઈલર બ્લાસ્ટ થતાં બે પરપ્રાંતિય કર્મચારીના કમકમાટીભર્યા મોત થયા હતા. જ્યારે એક મજૂરને ગંભીર હાલતમાં ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં સિહોર પોલીસનો કાફલો દોડી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર સિહોર તાલુકાના મગલાણા ગામ પાસે જીઆઈડીસીમાં આવેલ વેગા એલાયસ મીલમાં રાત્રિના સમયે લોખંડના રસ ઓગળવાની કામગીરી ચાલી રહી હતી. દરમિયાનમાં શરૂ રાત્રિના ૨-૩૦ કલાકના અરસામાં બોઈલરમાં ધડાકાભેર બ્લાસ્ટ થતાં ભઠ્ઠીમાં રહેલો ધગધગતો લોખંડનો રસ ઉડીને ત્રણ મજૂર ઉપર પડતા તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ત્રણેય મજૂરને તાબડતોડ સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હરેન્દ્રભમાઈ દુકીભાઈ માંઝી (ઉ.વ.૫૦, રહે, હાલ વેગા એલોયસ મીલ, મગલાણા, મુળ ભલુઆ, તા. બરહરિયા, જિ.સીવાન, બિહાર) અને લાલબાબુ બલરામ તિવારી (ઉ.વ.૪૭, રહે, હાલ વેગા એલોયસ મીલ, મગલાણા, મુળ ગોપીનાથપુર, વોર્ડ નં.૧૧, મુઝ્ઝફરપુર, બિહાર)નું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે પ્રહલાદ પ્રસાદ (ઉ.વ.૪૨) નામનો અન્ય એક મજૂરની હાલ સારવાર શરૂ છે. મગલાણાની વેગા એલોયસ મીલમાં મધરાત્રે બનેલી દુર્ઘટનાને લઈ મજૂરોમાં ડરનો માહોલ ઉભો થયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે દોડી જઈ મીલના મેનેજરે આપેલી જાહેરાતના આધારે અકસ્માતે મોતની એન્ટ્રી કરી આગળની તપાસ હાથ ધરી છે.

## નડિયાદમાં ક્રિકેટ પર ઓનલાઈન સટ્ટો રમાડતા 2 શખ્સો ઝડપાયા

• નડિયાદ પશ્ચિમ અનેરી હાઈટ્સ અને ચકલાસી ભાગોળના પાનના ગલ્લે સટ્ટો રમાતો હતો

(એજન્સી) નડિયાદ | તા.03

નડિયાદ શહેરમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા બે ઈસમને એલસીબી ખેડા પોલીસે ઝડપી પાડયા હતા. જ્યારે આઈડી આપનાર ઈસમોને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

નડિયાદ પશ્ચિમ અનેરી હાઈટ્સમાં રહેતો નિકુંજ ભરતભાઈ સોની મોબાઈલમાં આઈડી પર આઈપીએલ ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ ઉપર ઓનલાઇન સટ્ટો રમાડી રહ્યો હતો. જેથી એલસીબી ખેડા પોલીસે સોમવારે રાત્રિના સાડા નવ વાગ્યાના સુમારે દરોડો પાડતા નિકુંજ ઉર્ફે ભઈલુ ભરતભાઈ સોની મોબાઈલમાં આઈડી પર ઓનલાઇન ક્રિકેટનો સટ્ટો રમાડતા ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની પાસેથી રૂ.૫૦૦ રોકડા તેમજ રૂ.૧૫,૦૦૦ નો મોબાઈલ મળી કુલ રૂ.૧૫,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ આઈડી અક્ષય શૈલેષભાઈ સોની તેમજ કિસન ઉર્ફે યસ સોની રહેવાસી નાગરકુઈ, નડિયાદ તેમજ શિવમ જયંતીભાઈ ઠક્કર પાસેથી મેળવી હોવાનું જણાવ્યું હતુ. આ ત્રણેય ઈસમો મળી આવેલ નથી. આ બનાવ સંદર્ભે એલસીબી ખેડા પોલીસની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ભાજપ સરકારની ઈલેક્ટોરલ બોન્ડના નામે ચંદા દો, ધંધા લો

## ઈલેક્ટોરલ બોન્ડસ એ માત્ર ભારતનું જ નહિ પણ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ : કોંગ્રેસ

(એજન્સી) ભાવનગર | તા.03

ઈલેક્ટોરલ બોન્ડસ એ માત્ર ભારતનું જ નહિ પણ સમગ્ર વિશ્વનું સૌથી મોટું કૌભાંડ છે તેમ આજે મંગળવારે ભાવનગર શહેર કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કરતા જણાવેલ છે. કોન્ટ્રાક્ટ લો અને લાંચ આપોની લુંટનીતિનો પર્દાફાશ થયો છે તેમ કહી કોંગ્રેસ આગેવાનોએ ભાજપની ટીકા કરી હતી. વિરોધ પક્ષ ચૂંટણી ના લડી શકે તે માટે કોંગ્રેસના બેંક એકાઉન્ટ ફ્રીઝ કર્યા હોવાનુ કોંગ્રેસે જણાવેલ છે. ભાવનગર શહેર કોંગ્રેસ દ્વારા આજે મંગળવારે ઈલેક્ટોરલ બોન્ડના મામલે પત્રકાર પરીષદનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ભારતીય રીઝર્વ બેન્ક (આર.બી.આઈ.) ગત તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૭ ચેતવણી પત્રમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, ઈલેક્ટોરલ બોન્ડના ઉપયોગથી કાળું ધન, મની લોન્ડ્રીંગ જેવા કારનામામાં ઉમેરો થઈ શકે છે. ભાજપની ચંદા દો-ધંધા લો, કોન્ટ્રાક્ટ લો, લાંચ દો જેવી હપ્તા વસૂલી અને ફંડ આપતી ફર્જી કંપની (શેલ કંપની)એ દેશમાં ભ્રષ્ટાચારનું સુનિયોજિત નેટવર્ક ઉભું કર્યુ હોય તેમ સ્પષ્ટ જણાય છે.

વર્ષ ૨૦૧૮ પછી ૪૩ જેટલી કંપનીએ તેની સ્થાપનાના છ મહિનામાં ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા અને કુલ મળીને ૩૮૪.૫૦ કરોડનું દાન આપ્યુ હતું. વર્ષ ૨૦૧૮માં નાણા મંત્રાલયએ પી.એમ.એલ.એ. ના ઉલ્લંઘન સંબંધી ૧૯ કંપનીને ઉચ્ચ જોખમના રૂપમાં ઓળખ કરી હતી. આ ૧૯ કંપનીઓએ પણ ૨૭૧૭ કરોડ રૂપિયા ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા.

## ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાની ટિપ્પણી હૃદય સોંસરવી ઉતરી ગઇ : પૂર્વ સાંસદ રાણા

• રૂપાલાના વિવાદી નિવેદનના વિરોધમાં ભાવનગરના આંગણે ક્ષત્રિય સંમેલન યોજાયું

(એજન્સી) ભાવનગર | તા.03

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલ ટીપ્પણી હૃદય સોંસરવી ઉતરી ગઈ છે તેમ આજે ભાવનગરમાં ક્ષત્રિય સંમેલનને સંબોધતા ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું.

ક્ષત્રિય સમાજના આગેવાનો, હોદેદારો અને મહિલાઓ દ્વારા પણ રૂપાલાના નિવેદનની ભારોભાર ટિકા કરવામાં આવી હતી. અને આક્રોશભેર રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના આ સંમેલન બાદ સંલેલન સ્થળેથી વિશાળ રેલી નિકળી હતી. તમામે કલેક્ટર કચેરીએ જઈ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને સમાજની માગ સરકાર સુધી પહોંચાડવા આવેદન મારફતે રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, સમાજની માગણી છે ચૂંટણીના માહોલમાં કોઈપણ પાર્ટીના ઉમેદવાર કોઈપણ પ્રકારના પ્રચાર દરમિયાન કોઈપણ સમાજને ઉશ્કેરવાનું કે ઊંચા-નીચા દેખાડી વૈમનશ્ય ઊભુ કરવાનું કામ ન કરે અને જો આવો બનાવ બને તો તુરંત સખ્ત કાર્યવાહી કરી દાખલો બેસાડવામાં આવે. જો કે, સમગ્ર સંમેલનમાં કોઈ અનિચ્છનિય બનાવ બન્યો ન હતો.

# ભાવનગર મહાપાલિકાને પ્રથમ દિવસે મિલ્કત વેરાની રૂ. 91 લાખની આવક

(એજન્સી) ભાવનગર | તા.03

ભાવનગર મહાનગરપાલિકામાં મિલ્કત વેરા સ્વિકારવાનો શરૂ કરવામાં આવ્યો છે. મહાપાલિકાની બારીએ તેમજ ઓનલાઈન વેરો સ્વિકારવામાં આવી રહ્યો છે. આજે મંગળવારે પ્રથમ દિવસે ૧,૯૧૦ કરદાતાએ વેરો ભર્યો હતો અને મનપાને આશરે રૂ. ૯૧.૩૨ લાખની વેરાની આવક થઈ હતી. મિલ્કત વેરો ભરનારને રીબેટ યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. મનપાની મેઈન્ટનન્સની કામગીરી વહેલી પૂર્ણ થતા મનપાએ વેરો સ્વિકારવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આવતીકાલે બુધવારે વેરો ભરવા કરદાતાની કતાર લાગશે અને ઓનલાઈન પણ વેરાની સારી આવક થશે તેમ જણાય રહ્યુ છે.

ભાવનગર મહાનગરપાલિકામાં

• મનપામાં 1,910 કરદાતાએ મિલ્કત વેરો ભરી રીબેટ યોજનાનો લાભ લીધો

આજે મંગળવારથી મિલ્કત વેરો સ્વીકારવાનુ શરૂ કરવામાં આવેલ છે અને મિલ્કત વેરો ભરનારને કરદાતાઓને રીબેટ યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. આજે પ્રથમ દિવસે મિલ્કત વેરો ભરવા મહાપાલિકામાં કતાર લાગી હતી. આજે સાંજે ૫ કલાક સુધીમાં ૧,૯૧૦ કરદાતાએ વેરો ભર્યો હતો અને મનપાને રૂ. ૯૧,૩૨,૦૦૦ લાખની વેરાની આવક થઈ હતી. ઓનલાઈન વેરાની આવક હજુ વધવાની શકયતા છે તેમ ઘરવેરા વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવ્યુ હતું.




મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતે મિલકત વેરો સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૩૦ અને બપોરે ૩ થી ૫ દરમિયાન સ્વીકારવા નિર્ધારિત કરાયેલ છે. જાહેર રજાઓ તથા શનિ-રવિવાર સહિતના તમામ દિવસો વેરો સ્વિકારાશે. હાલમાં ઘરવેરાની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની રિબેટ યોજના ચાલુ થઈ છે, જેમાં તમામ વેરો એકી સાથે ભરપાઇ કર્યેથી એપ્રિલ માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઈ વેરાની રકમ પર ૧૦ ટકા રિબેટ તથા મે માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઈ વેરાની રકમ પર ૫ ટકા સુધીનું રિબેટ તથા પી.ઓ.એસ., મહાનગરપાલિકાની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. બીએમસીગુજરાત.કોમ પર ઓનલાઇન તેમજ એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લીકેશન મારફત પેમેન્ટ કરવા પર વધુ ૨ ટકા રિબેટ મળવાપાત્ર છે. મહાપાલિકામાં

• એપ્રિલ માસમાં 10 ટકા રીબેટ અને મે માસમાં 5 ટકા રીબેટ મળશે

જુની કર પધ્ધતિમાં ત્રણ માસ સુધી વ્યાજમાફી સ્કિમ શરૂ રાખવામાં આવી છે તેથી કરદાતાઓ લાભ લઈ શકશે. શહેરના બાકી કરદાતાઓને દર વર્ષની માફક ચાલુ વર્ષની રીબેટ યોજનાનો સત્વરે લાભ લઈ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતેની કેશબારીઓએ અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ પર વેરો ભરપાઈ શકાશે તેમ મહાપાલિકાના ઘરવેરા વિભાગે જણાવેલ છે. ભાવનગર મહાપાલિકામાં ગત વર્ષે રીબેટ યોજનાના પ્રથમ દિવસે આશરે ૧,૭૬૭ કરદાતાએ આશરે રૂ. ૭૧ લાખનો વેરો ભર્યો હતો અને રીબેટ યોજનાનો લાભ લીધો હતો. ગત વર્ષની સરખામણીએ આજે મંગળવારે રીબેટ યોજનાના પ્રારંભે વધુ કરદાતાએ વેરો ભર્યો હતો અને મનપાને વેરાની આવક પણ વધુ થઈ હતી.

ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગ દ્વારા રીબેટ યોજના શરૂ કરવામાં આવી છે. કરદાતાના ઘરે હજુ નવા વર્ષના બીલ પહોંચ્યા નથી પરંતુ કરદાતા ગત વર્ષના બીલના આધારે તેમજ રીસીપ્ટના આધારે નવુ બીલ મનપામાં કઢાવી શકે છે તેમજ કરવેરો ભરી શકે છે. ઓનલાઈન બીલ ભરનારે ગત વર્ષના બીલનો કી નંબર નાખવાનો રહેશે એટલે તેઓ ઓનલાઈન બીલ ભરી શકશે.

## આણંદ બેઠકમાં 1996 ની ચૂંટણીમાં સૌથી ઓછુ 36.53 ટકા, 1967 માં સૌથી વધુ 76.46 ટકા મતદાન થયું હતું

(એજન્સી) આણંદ | તા.03

આણંદ બેઠક ઉપર યોજાયેલી લોકસભાની ૧૭ સામાન્ય ચૂંટણીઓ પૈકી વર્ષ ૧૯૯૬માં સૌથી ઓછુ ૩૬.૫૩ ટકા, જ્યારે વર્ષ ૧૯૬૭માં સૌથી વધુ ૭૬.૪૬ ટકા મતદાન નોંધાયું હતું. આણંદ જિલ્લામાં ચાલુ વર્ષે તા.૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ૯,૦૩,૪૦૨ પુરૂષ મતદારો, ૮,૬૫,૩૧૭ સ્ત્રી મતદારો, જ્યારે ૧૩૨ ત્રીજી જાતિના મતદારો મળી કુલ ૧૭,૬૮,૮૫૧ મતદારો નોંધાયા છે. કુલ મતદારો પૈકી આણંદ જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા ૩૮,૪૪૭ મતદારો, ૮૫ વર્ષથી વધુની વય ધરાવતા ૧૩,૬૯૩ મતદારો તેમજ ૧૩,૭૪૩ દિવ્યાંગ મતદારો નોંધાયા છે. વર્ષ ૧૯૫૧થી અત્યાર સુધીમાં યોજાયેલી ૧૭ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ દરનિયાન થયેલા મતદાન પૈકી વર્ષ ૧૯૬૭માં સૌથી વધુ ૭૬.૪૬ ટકા મતદાન, જ્યારે સૌથી ઓછુ વર્ષ ૧૯૯૬માં માત્ર ૩૬.૫૩ ટકા મતદાન નોંધાયું હતું. પ્રથમ વખત થયેલી લોકસભા ચૂંટણી દરમિયાન ૩,૬૮,૧૨૭ મતદારો નોંધાયા હતા. જ્યારે વર્ષ ૨૦૧૯માં ૧૬,૫૫,૩૪૨ મતદારો નોંધાયા હતા. જ્યારે વર્ષ ૧૯૬૭ અને વર્ષ ૧૯૭૭ દરમિયાન યોજાયેલી બે ચૂંટણીઓ દરમિયાન ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

## આણંદ શહેરમાં ભારે માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ



(એજન્સી) આણંદ | તા.03


આણંદ જિલ્લામાં ટ્રાફિકની સરળતા અને સુચારુ ટ્રાફિક આયોજન માટે જિલ્લાના મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આણંદ તથા વિદ્યાનગરના માર્ગો પર તા. ૩૦ મે ૨૦૨૪ સુધી સવારના ૯ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા સુધી તમામ પ્રકારના ભારે વાહનોના પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામામાં મહેન્દ્ર શાહથી ગુજરાતી ચોક તરફથી શહેરમાં પ્રવેશતા, એન.એસ. સર્કલથી લક્ષ્મી ચોકડી તરફથી શહેરમાં પ્રવેશતા, રઘુવિર સિટી સેન્ટરથી કોમ્યુનિટી હોલ તરફથી શહેરમાં પ્રવેશતા, દિપ સર્કલથી બેઠક મંદિર તથા કલ્પના સિનેમા તરફથી શહેરમાં પ્રવેશતા, નવા બસ સ્ટેન્ડ થી બેઠક મંદિર તરફથી શહેરમાં પ્રવેશતા, લોટિયા ભાગોળ સર્કલથી ટાવર બજાર તરફથી શહેરમાં પ્રવેશતા તથા અમૂલ ડેરી સર્કલથી સ્ટેશન તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનોના સવારના ૯ થી રાત્રીના ૮ સુધી પ્રવેશવા પર કાયમી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધ સરકારી વાહનો, પ્રવાસી બસો, એમ્બ્યુલન્સ વાન અને ફાયર બ્રિગેડના વાહનોને લાગુ પડશે નહી તથા આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ કાયદાની જોગવાઈ અનુસાર શિક્ષાને પાત્ર થશે તેમ જણાવ્યું છે.

## આણંદ જિલ્લામાં ધ્વની પ્રદૂષણને અટકાવવા પ્રતિબંધો જાહેર કરાયા


(એજન્સી) આણંદ | તા.03

ધ્વનિ પ્રદૂષણ અંગે હાઈકોર્ટે લાલ આંખ કરતા આણંદ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક સિસ્ટમ થકી થતા અવાજ પ્રદૂષણને અટકાવવા પ્રતિબંધો દર્શાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેર કર્યું છે.જે અન્વયે માઈક સિસ્ટમ ભાડે આપનાર સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર આણંદ જિલ્લાના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા રેલી/સરઘસમાં જાહેર સ્થળોએ ઉપયોગ માટે કે પાર્ટીપ્લોટ, રહેણાંક વિસ્તારની નજીકમાં આવેજી ખાનગી માલિકીની જગ્યા ઉપયોગ માટે માઈક સિસ્ટમ ભાડે આપી શકાશે નહીં. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તથા ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારને સાઈલેન્ટ ઝોન ગણવામાં આવે છે. જેથી આવા વિસ્તારની આસપાસમાં માઈક સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં. ડી.જે. સિસ્ટમ અંગે સુપ્રિમ કોર્ટના ચૂકાદા તથા નોઈસ પોલ્યુશન રુલ્સની જોગવાઈ મુજબ જોગવાઈઓનું ઉલ્લંઘન થતું હોય તેવી જાહેર જગ્યાઓએ મોટા અવાજે ડી.જે. વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કે શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી મેળવેલ હોય તેને આ પ્રતિબંધમાંથી છૂટછાટ રહેશે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)** આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.




**વૃષભ (બ,વ,ઉ)** ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.




**મિથુન (ક,છ,ઘ)** આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.



**કર્ક (ડ,હ)** આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.




**સિંહ (મ,ટ)** આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.




**કન્યા (પ,ઠ,ણ)** આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો.




**તુલા (ર,ત)** આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.




**વૃશ્ચિક (ન,ય)** આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.




**ધન (ભ,ધ,ફ)** કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)** આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)** આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)** ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

## સંક્ષિપ્ત સમાચાર

### અનુપમ રસાયણે અગ્રણી જાપાની મલ્ટીનેશનલ સાથે 90 મિલિયન ડોલર (રૂ. 743 કરોડ)નો એલઓઆઇ સાઇન કર્યો

સુરત | ભારતની અગ્રણી કસ્ટમ સિન્થેસિસ અને સ્પેશિયલ્ટી કેમિકલ્સ કંપનીઓમાંની એક અનુપમ રસાયણે (NSE, BSE: ANURAS) ફ્લોરિનેશન કેમેસ્ટ્રીનો ઉપયોગ કરતા બે એડવાન્સ્ડ ઇન્ટરમીડિયેટ્સ સપ્લાય કરવા માટે અગ્રણી જાપાનીઝ કંપની સાથે આગામી સાત વર્ષ માટે 90 મિલિયન ડોલર (રૂ. 743 કરોડ)ની આવકના મૂલ્યનો ઈરાદાપત્ર (એલઓઆઈ) સાઇન કર્યો છે. આ મોલેક્યુલ્સનું અમારા હાલના તેમજ ટૂંક સમયમાં કોમર્શિયલાઇઝ્ડ થનારા ફ્લોરિનેશન પ્લાન્ટ્સમાં ઉત્પાદન કરવામાં આવશે. આ એલઓઆઈ અંગે અનુપમ રસાયણના મેનેજિંગ ડિરેક્ટર આનંદ દેસાઈએ જણાવ્યું હતું કે "અમે ફ્લોરોકેમિકલ્સમાં સૌથી મોટી જાપાનીઝ કંપનીઓ પૈકીની એક સાથે લેટર ઓફ ઈન્ટેન્ટ (એલઓઆઈ) સાઈન કરવાની જાહેરાત કરતા આનંદ અનુભવીએ છીએ. અનુપમ દેશમાં આ મહત્વના મોલેક્યુલ્સ ઉત્પાદન કરનારી ભારતની પ્રથમ કંપની બનશે જેનો ઉપયોગ ફાર્માસ્યુટિકલ્સ તેમજ એન્જિનિયરિંગ ફ્લુઇડ્સ બંનેમાં થશે. આ એલઓઆઈ સાઇન કરવાથી અમે એક મોટા કસ્ટમરનો પણ ઉમેરો કર્યો છે.

### શું તમે હજુ પણ નથી કરી 2000ની નોટને બેન્કમાં જમા ? RBIએ આપ્યું મોટું અપડેટ

નવી દિલ્હી | ભારતીય રિઝર્વ બેંકે 2000 રૂપિયાની નોટ પર મોટું અપડેટ આપ્યું છે. આરબીઆઈએ કહ્યું કે 19 મે 2023ના રોજ ચલણમાં આવેલી રૂ. 2000ની 97.69 ટકા નોટો પરત આવી ગઈ છે. જો કે, હજુ પણ રૂ. 8,202 કરોડના મૂલ્યની રૂ. 2,000ની નોટો લોકો પાસે છે. આરબીઆઈએ કહ્યું કે 2000 રૂપિયાની નોટ લીગલ ટેન્ડર રહેશે. તમને જણાવી દઈએ કે 19 મે, 2023ના રોજ આરબીઆઈએ જાહેરાત કરી હતી કે 2000 રૂપિયાની નોટ છાપવામાં આવશે નહીં.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ સોમવારે કહ્યું કે 2000 રૂપિયાની 97.69 ટકા નોટો બેંકોમાં પાછી આવી છે. 2000ની માત્ર 8,202 કરોડ રૂપિયાની નોટો જ લોકો પાસે છે. RBI એ 19 મે, 2023 ના રોજ 2000 રૂપિયાની બેંક નોટો પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય બેંકે નિવેદનમાં કહ્યું કે 19 મેના રોજ ચલણમાં રહેલી 2000 રૂપિયાની નોટોની કુલ કિંમત 3.56 લાખ કરોડ રૂપિયા હતી. તે હવે 29 માર્ચ, 2024ના રોજ ઘટીને 8,202 કરોડ રૂપિયા થઈ ગયો છે. ભારતીય રિઝર્વ બેંકની શાખાઓમાં ડિપોઝિટ અને એક્સચેન્જ સેવાઓ 07 ઓક્ટોબર, 2023 ના રોજ બંધ કરવામાં આવી હતી. લોકોને 8 ઓક્ટોબર, 2023થી આરબીઆઈની 19 ઓફિસમાં નોટો બદલવા અથવા તેમના બેંક ખાતામાં સમાન રકમ જમા કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો.

### સંપત્તિની ઑનલાઇન ડીલના ગ્રાહકો 43% વધ્યા, કંપનીઓ એઆઇ, મશીન લર્નિંગ, બ્લૉકચેન પાછળ 1,000 કરોડનું રોકાણ કરશે

બેંગ્લુરુ| ભારતમાં પ્રોપર્ટીની ઑનલાઇન ડીલનો ટ્રેન્ડ વધશે. ટેક્નોલોજીની મદદથી ઘરે બેઠા માત્ર કેટલીક ક્લિકમાં મનપસંદ ઘર અથવા ઑફિસ શોધવાનું સંભવ થશે, પરંતુ તેની ખરીદી અથવા ભાડા પર પણ લઇ શકાશે. ભારતમાં પ્રૉપટેક (પ્રોપર્ટીમાં ટેક્નોલોજીનો ઉપયોગ) ઇન્ડસ્ટ્રી વાર્ષિક 9.6%ના દરે વધી રહી છે. એઆઇ, મશીન લર્નિંગ અને બ્લૉકચેન ટેક્નિક પર કામ કરી રહેલા સ્કવૉયર યાર્ડ્સ, ઑરમ પ્રોપટેક, સ્પાયર પ્રોપટેક અને રિલેટા ડૉટ આઇઓ જેવા ટેક સ્ટાર્ટઅપ્સ આગામી ત્રણ વર્ષમાં 1,000 કરોડથી વધુનું રોકાણ કરવાની તૈયારીમાં છે. રિયલ એસ્ટેટ ઇન્ડસ્ટ્રીની આવક દેશમાં 2030 સુધી 83 લાખ કરોડ રૂ. સુધી પહોંચવાની ધારણા છે. તેનાથી પ્રૉપટેક ઇન્ડસ્ટ્રી આગામી 6 વર્ષમાં 8.34 લાખ કરોડ રૂ.ની મૂડી એકત્ર કરવાની તૈયારીમાં છે. આ કંપનીઓ વધુ માર્કેટ સુધી પહોંચ માટે બિલ્ડિંગ ઑટોમેશન તેમજ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ), માર્કેટિંગ અથવા સાઇટ વિઝિટ માટે ઑગમેન્ટેડ રિયલિટી (એઆર) તેમજ વર્ચ્યુઅલ રિયલિટી (વીઆર)નો ઉપયોગ કરી રહી છે. તે ઉપરાંત પ્રોજેક્ટના વિવિધ તબક્કા અને ક્લાયન્ટ સર્વિસિંગમાં બ્લૉકચેનને અપનાવી રહી છે.

### એર ઇન્ડિયાએ ફ્લાઇંગ રિટર્ન્સ લોયલ્ટી પ્રોગ્રામમાં બદલાવ કર્યો

ગુરુગ્રામ, : એર ઇન્ડિયાએ આજે તેનો સુધારેલો ફ્લાઇંગ રિટર્ન્સ લોયલ્ટી પ્રોગ્રામ લોંચ કર્યો હતો, જેમાં નવું સરળ માળખું બનાવવામાં આવ્યું છે, ગ્રાહકલક્ષી ફિચર્સ વધારવામાં આવ્યા છે, ટિયર્સનું પુનઃનામકરણ કરવામાં આવ્યું છે અને નવી ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવી છે. સુધારેલાં ફ્લાઇંગ રિટર્ન્સમાં મુસાફરોને વધુ સગવડતા, વધુ રિવોર્ડસને પ્રાથમિકતા આપવામાં આવી છે અને તેમને ઇન્સ્ટન્ટ ગ્લોબલ સ્ટેટસ તથા વિશ્વભરમાં વિશેષાધિકારો પૂરાં પાડવામાં આવ્યા છે. એક દાયકાથી વધુ સમયમાં પ્રથમવાર કરવામાં આવેલાં ફેરફારમાં ફ્લાઇંગ રિટર્ન્સમાં માઇલ્સ આધારિત પોઇન્ટ કલેક્શનનાં જૂના મોડલને બદલીને વધુ વાજબી અને સમાન એવો ખર્ચ આધારિત અભિગમ (સ્પેન્ડ-બેઝ્ડ એપ્રોચ) અપનાવવામાં આવ્યો છે. ફ્લાઇંગ રિટર્ન્સ મેમ્બર્સ આજથી નવા પ્રોગ્રામનો લાભ લઈ શકે છે અને નવા માળખા પર આધારિત પોઇન્ટ્સ એકત્ર કરી શકે છે. એર ઇન્ડિયાના ચીફ કમર્શિયલ એન્ડ ટ્રાન્સફોર્મેશન ઓફિસર નિપુણ અગરવાલે જણાવ્યું હતું કે, "ફ્લાઇંગ રિટર્ન્સ પ્રોગ્રામમાં સુધારો એ ગ્રાહકોની સેવા કરવા તથા તેમને સુખદ અનુભવ પૂરો પાડવાનાં ન્યૂ એર ઇન્ડિયાનાં ઇરાદાની દિશામાં વધુ એક ડગલું છે. અમે ગયાં વર્ષ દરમિયાન 50,000થી વધુ ગ્રાહકોનાં અભિપ્રાય જાણ્યા અને શ્રેષ્ઠ લોયલ્ટી ઓફરને અમારો માપદંડ બનાવ્યો.

**વધુ પડતા તાપમાનની સ્થિતિમાં શાકભાજીના ભાવ ઊંચા રહેવાની શકયતાથી વ્યાજ દરમાં કપાત લંબાઈ જવાની સંભાવનાઓમાં થયેલો વધારો**

# હીટવેવની આગાહીથી રિઝર્વ બેન્કની ચિંતામાં વધારો

(એજન્સી) મુંબઇ | તા.03

દેશના મોટાભાગના વિસ્તારોમાં એપ્રિલથી જૂનના ત્રણ મહિનામાં ઊંચા તાપમાન તથા હીટવેવની ભારતીય હવામાન વિભાગની આવી પડેલી ચેતવણી દેશની સામાન્ય જનતા સાથોસાથ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની ચિંતામાં પણ વધારો થયો છે.હીટવેવને કારણે ખાસ કરીને શાકભાજીના ઉત્પાદન પર સૂચિત અસર ખાધાખોરાકીના ફુગાવામાં વધારો કરાવી શકે છે. દેશમાં ખરીફ વાવેતર જૂનથી શરૂ થતું હોવાથી ખરીફ અનાજ પર પણ હીટવેવની અસર નકારાતી નથી.

એપ્રિલથી જૂનના ગાળામાં દેશમાં તાપમાન સામાન્ય કરતા વધુ ગરમ રહેવાની હવામાન વિભાગની ધારણાં આવી પડી છે. હીટવેવને કારણે ફુગાવો ઘટાડવાના રિઝર્વ બેન્કના પગલાં પર અસર પડી શકે છે, અને શાકભાજીના ભાવ લાંબો સમય સુધી ઊંચા રાખી શકે છે. રિઝર્વ બેન્ક જૂનથી વ્યાજ દરમાં ઘટાડો શરૂ કરશે તેવી અપેક્ષા રખાતી હતી પરતું તે હવે લંબાઈ જવાની શકયતા રહેલી હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

રેપો રેટમાં ઘટાડો હવે ઓગસ્ટ અથવા ઓકટોબરની બેઠકમાં જોવા મળી શકે છે. જો કે તેનો આધાર પણ ખરીફ વાવણીની કામગીરી તથા ચોમાસાની સ્થિતિ પર રહેશે.

રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિની વર્તમાન નાણાં વર્ષની પ્રથમ બેઠક આવતી કાલથી શરૂ થઈ રહી છે અને પાંચમી એપ્રિલે કમિટિ પોતાનો નિર્ણય જાહેર કરશે. છેલ્લા અનેક મહિનાથી દેશમાં રિટેલ ફુગાવો રિઝર્વ બેન્કના ચાર ટકાના ટાર્ગેટ કરતા સતત ઊંચો રહ્યા કરે છે. ઊંચા ફુગાવાને કારણે છેલ્લી છ બેઠકમાં રિઝર્વ બેન્કે રેપો રેટ ૬.૫૦ ટકા યથાવત રાખ્યો છે. વ્યાજ દરમાં ઘટાડો શરૂ કરવા પહેલા રિઝર્વ બેન્ક ફુગાવાને ચાર ટકાની નજીક લાવવા માગે છે. શાકભાજી તથા અનાજના પાકને કોઈપણ નુકસાન ગ્રામ્ય માગ પર અસર કરી શકે છે.કોફી, પામ ઓઈલ, ખાંડ જેવા ખાધ્ય પદાર્થોના ભાવમાં તાજેતરમાં નોંધપાત્ર વધારો થયો છે. સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં ખાંડના ભાવમાં વાર્ષિક ધોરણે દસ ટકા જેટલો વધારો થયો છે.



# નાણાકીય વર્ષ 2024માં PE રોકાણમાં ઘટાડો, 6 વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચ્યું

- વર્ષમાં 25 અબજ ડોલરની ભારતીય પ્રાઈવેટ ઈક્વિટી એસેટનો પોર્ટફોલિયો ઉમેરવાની યોજના ધરાવે છે
- નાણા વર્ષ 2023ની તુલનામાં પીઈ ડીલ્સ દ્વારા થતા રોકાણમાં 47 ટકાનો ઘટાડો થયો

(એજન્સી) અમદાવાદ | તા.03

ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ માર્ચ ૨૦૨૪માં પૂરા થતા નાણાકીય વર્ષમાં ૨૪.૨ બિલિયન ડોલરની છ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩ની તુલનામાં પીઈ ડીલ્સ દ્વારા રોકાણમાં ૪૭ ટકાનો ઘટાડો થયો છે કારણ કે તે સમયે ૪૫.૮ બિલિયન ડોલરના ખાનગી ઈક્વિટી સોદા કરવામાં આવ્યા હતા.

બ્લૂમબર્ગના ડેટા અનુસાર, પ્રાઈવેટ ઈક્વિટી કંપનીઓએ માર્ચ ૨૦૨૨માં પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન રેકોર્ડ ૮૦ બિલિયન ડોલરના સોદા કર્યા હતા. મુખ્યત્વે આ રોકાણો માર્ચ ૨૦૨૨ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં રિલાયન્સ જિયો અને રિલાયન્સ રિટેલમાં વિવિધ ખાનગી ઈક્વિટી કંપનીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૪ માં, ૯૬૦ સોદા પર હસ્તાક્ષર કર્યા હતા જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩માં, તેમના દ્વારા ૧,૩૩૪ સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારોમાં તરલતાનો અભાવ, વ્યાજદરમાં વધારો, બજારની અસ્થિરતા, ભંડોળની તંગી, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ અને ખાનગી ઈક્વિટી સહિતના અનેક વલણોએ આમાં ફાળો આપ્યો છે. પક્ષકારોના મૂલ્યાંકનમાં પણ એકરૂપતા નથી અને વેચાણકર્તાઓએ રાહ જોવાનું શ્રેષ્ઠ માન્યું હતું.




છેલ્લા નાણાકીય વર્ષમાં મંદી હોવા છતાં, ખાનગી ઈક્વિટી કંપનીઓ અને બેન્કરો ભવિષ્ય વિશે આશાવાદી છે. અમેરિકન પ્રાઈવેટ ઈક્વિટી જાયન્ટ કંપનીએ જણાવ્યું છે કે તે તેના નવા ૬.૪ બિલિયન ડોલર એશિયા-કેન્દ્રિત ફંડનો નોંધપાત્ર હિસ્સો ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાની યોજના ધરાવે છે, જેમાં રોડ, હાઈવે અને રિન્યુએબલ એનર્જીનો સમાવેશ થાય છે.

તેણે દેશમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કર્યું છે. અન્ય યુએસ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ બ્લેકસ્ટોન આગામી પાંચ વર્ષમાં ૨૫ અબજ ડોલરની ભારતીય પ્રાઈવેટ ઈક્વિટી એસેટનો પોર્ટફોલિયો ઉમેરવાની યોજના ધરાવે છે.સિંગાપોરની ટેમાસેકે ભારતમાં અત્યાર સુધીમાં ૧૭ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે અને આગામી ત્રણ વર્ષમાં હેલ્થકેર, આઈટી અને ફીનટેક સેક્ટરમાં ૯ થી ૧૦ બિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. કેનેડાનું બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ પણ ભારતના ટેલિકોમ ટાવર ઈન્ફ્રા, રિયલ્ટી અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ૨૫ બિલિયન ડોલરના હિસ્સા સાથેનું મુખ્ય રોકાણકાર છે.

## 10,000 મેગાવોટ રિન્યુએબલ એનર્જીના ઉત્પાદનના આંકને વિંધનાર અદાણી એનર્જી ભારતની સર્વ પ્રથમ

અમદાવાદ: ભારતની સૌથી મોટી અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપનીઓ પૈકીની એક અદાણી ગ્રીન એનર્જી લિ (AGEL) એ રાષ્ટ્રીય ગ્રીડને વિશ્વસનીય, સસ્તી અને સ્વચ્છ વીજળી પૂરી પાડીને તેના સંચાલકીય પોર્ટફોલિયોના 10,000 મેગાવોટના ગૌરવરુપ આંકને પાર કર્યો છે. અદાણી ગ્રીન એનર્જીના સંચાલકીય પોર્ટફોલિયોમાં 7,393 મેગાવોટ સૌર, 1,401 મેગાવોટ પવન ઉર્જા અને 2,140 મેગાવોટ પવન-સૌર હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. ચાલુ દસકાના આખરે 45,000 MW રીન્યુએબલ એનર્જીના લક્ષ્યવેધ તરફ નિશ્ચિતપણે આગળ ધપી રહેલી AGELઅને તેના વિકાસમાં સહભાગીઓ માટે આ સિમાચિહ્નરુપ ઉપલબ્ધિ પ્રોત્સાહનના પોરસ પિરસનારી છે.



અદાણી એનર્જીનો 10,934 MWનો કાર્યાન્વિત પોર્ટફોલિયો 58 લાખથી વધુ ઘરોને રોશનીથી ઝળાહળા કરશે અને સૌથી મહત્વના એવા હવામાં વાર્ષિક 21 મિલિયન ટન કાર્બનના ઉત્સર્જનને ટાળવા સાથે હવાને પ્રદુષિત થતી અટકાવવાના પ્રયાસોમાં યોગદાન આપશે.અવનવી ટેક્નોલોજી અપનાવવાનો અભિગમ, અમલવારીની કાર્ય ક્ષમતાઓ, ડિજિટાઈઝેશન, મજબૂત સપ્લાય ચેઈન નેટવર્ક અને લાંબા ગાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પૂરતા નાણાનો પ્રવાહ અને ટકાઉ પ્રથાઓના સથવારે ગીગા સ્કેલ ઉપર સ્વચ્છ ઉર્જા સંક્રમણ અને ડીકાર્બોનાઈઝેશનને કેવી રીતે ચલાવી શકાય તેની AGEL એક મિસાલ પ્રસ્થાપિત કરી રહી છે. અદાણી ગ્રૂપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "અમને રિન્યુએબલના ફલકમાં ભારતના પ્રથમ દસ હજાર મેગાવોટ રીન્યુએબલ એનર્જીના ઉત્પાદક હોવાનો ગર્વ છે." તેમણે કહ્યું હતું કે અદાણી ગ્રીન એનર્જીએ એક દાયકાથી પણ ઓછા સમયમાં હરિત ભવિષ્યના નિર્માણની ફક્ત કલ્પના જ નથી કરી.

## લુબ્રિઝોલે નીતિન મેંગીને લુબ્રિઝોલ એડિટિવ્સઆઇઇએમએના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે જાહેર કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.03

મધ્ય પૂર્વ અને આફ્રિકા (આઈએમએ)માં પોતાની વૃદ્ધિ પ્રતિબદ્ધતાના ભાગરૂપે, લુબ્રિઝોલ એ જાહેરાત કરતાં આનંદ અનુભવે છે કે નીતિન મેંગી કંપનીમાં વાઇસ પ્રેસિડેન્ટ, લુબ્રિઝોલ એડિટિવ્સ આઈઈએમએ, તેમજ લુબ્રિઝોલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાશે. આ નિમણૂક અમારા ગ્રાહકો, સપ્લાયર્સ અને અન્ય મુખ્ય હિસ્સેદારો સાથે સફળતા સુનિશ્ચિત કરતી વખતે ભારતમાં વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંસ્થાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ ભૂમિકામાં, નીતિન આ પ્રદેશમાં અમારા ગ્રાહકો સાથે કંપનીના એડિટિવ્સના વ્યવસાયની વૃદ્ધિને વેગ આપવા, પરિવહન અને ઔદ્યોગિક બજારોને સેવા આપવા અને સમગ્ર પ્રદેશમાં ગ્રાહકો માટે તકો વધારવા માટે કામ કરશે. તેઓ આ પ્રદેશમાં અમારી વ્યૂહરચના આગળ વધારવા માટેભાવના બિન્દ્રા સાથે પણ



સહયોગ કરશે, જેઓ તાજેતરમાં લુબ્રિઝોલના આઈઈએમએના મેનેજિંગ ડિરેક્ટર, તરીકે ટીમમાં જોડાયા છે. લુબ્રિઝોલ એડિટિવ્સના એસવીપી પ્રેસિડેન્ટ ફ્લાવિયો ક્લિગરે જણાવ્યું, 'લુબ્રિઝોલે સમગ્ર આઈઈએમએમાં તેની પ્રાથમિકતાઓને આગળ વધારવાનું જાળવી રાખ્યું છે, અમારી પ્રાદેશિક નેતૃત્વ ટીમને જોડવાથી અમારા કાર્યને વેગ આપવામાં મદદ મળશે. અમે આઈઈએમએમાં વૃદ્ધિ માટે અને અમારા ગ્રાહકોને ટકાઉ ઉકેલો સાથે ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

## નાણાકીય વર્ષ 2023-24માં ભારતનો સંરક્ષણ નિકાસ રૂ.21,083 કરોડને પાર પહોંચ્યો: રાજનાથ સિંહ

(એજન્સી) નવી દિલ્હી | તા.03

સંરક્ષણ ક્ષેત્રે ભારતની નિકાસ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અંગે માહિતી આપી છે. તેમણે એક પોસ્ટમાં જણાવ્યું હતું તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ 2023-24માં ભારતની સંરક્ષણ નિકાસ 21,083 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. ગયા નાણાકીય વર્ષની સરખામણીમાં 32.5 ટકાનો વધારો થયો છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે અન્ય એક પોસ્ટમાં લખ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાનેતૃત્વ હેઠળ સંરક્ષણ મંત્રાલયે દેશના સંરક્ષણ ઉત્પાદન અને નિકાસને વધારવા માટે ઘણા પગલાં લીધા છે. ખાનગી ક્ષેત્ર અને DPSY સહિત અમારા સંરક્ષણ ઉદ્યોગોએ છેલ્લા કેટલાક વર્ષોમાં સારું પ્રદર્શન કર્યું છે. તેમણે સંરક્ષણ નિકાસ ક્ષેત્રના તમામ હિતધારકોને આ સિદ્ધિ હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તમને જણાવી દઈએ કે શરૂઆતથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા પર ભાર આપી રહી છે.

# ક્રૂડતેલ ઉછળી 89 ડોલર ઉપર જતાં પાંચ મહિનાની નવી ટોચે બજાર પહોંચી

- કોપર, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવમાં તેજી જોવા મળી, ક્રૂડતેલ પાછળ સોના-ચાંદીમાં પણ વધુ આગેકૂચ

(એજન્સી) મુંબઇ | તા.03

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીમાં તેજી આગળ વધી હતી. વિશ્વ બજારના સમાચાર આગેકૂચ બતાવી રહ્યા હતા. ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધુ ઉંચકાઈ હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઝડપી ઉછળી પાંચ મહિનાની નવી ઉંચી ટોચે પહોંચી જતાં તેની પાછળ વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાના વાવડ હતા.

વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ વધ્યા પછી ઘટતાં તેના પગલે પણ વિશ્વ બજારમાં સોનાના ભાવ ઉંચા જતાં જોવા મળ્યા હતા. વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૨૨૪૪થી ૨૨૪૫ વાળા ઉંચામાં ૨૨૬૫થી ૨૨૬૬ થઈ ૨૨૫૫થી ૨૨૫૬ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં જીએસટી વગર આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯.૫૦ના રૂ.૬૮૩૮૮ વાળા રૂ.૬૮૬૮૫ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૮૬૬૩ વાળા રૂ.૬૮૯૬૧ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર રૂ.૭૫૧૧૧ વાળા વધી રૂ.૭૬૧૨૭ રહ્યા હતા.






વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૨૪.૯૪થી ૨૪.૯૫ વાળા ઉંચામાં ૨૫.૭૩ થઈ ૨૫.૬૩ થી ૨૫.૬૪ ડોલર રહ્યા હતા. ચીન પછી અમેરિકાના આર્થિક આંકડા સારા આવ્યાના નિર્દેશો હતા. દરમિયાન, અમદાવાદ બજારમાં આજે ચાંદીના ભાવ રૂ.૫૦૦ વધી રૂ.૭૬ હજાર રહ્યા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ ૯૯.૫૦ના રૂ.૭૦૮૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૧૦૦૦ના મથાળે ઉછાળો પચાવાતા જોવા મળ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આજે ઝડપી વધી પાંચ મહિનાની ટોચે પહોંચ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૬.૫૯ વાળા ઉંચામાં ૮૯.૦૮ થઈ ૮૮.૫૫ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૮૨.૮૩ વાળા ઉંચામાં ૮૫.૪૬ થઈ ૮૪.૯૪ ડોલર રહ્યા હતા. ઓપેકનું દૈનિક ઉત્પાદન માર્ચમાં ૫૦ હજાર બેરલ્સ ઘટયું હતું તથા ઉત્પાદન ઘટી દૈનિક ૨૬૪.૨૦ લાખ બેરલ્સની સપાટીએ માર્ચમાં નોંધાયું હતું.

**ફેકટરીઓ ખાતે કામકાજમાં વધારો થતા કર્મચારીઓની સંખ્યા પણ વધારાઈ**

# નવા ઓર્ડરમાં વધારો થતા માર્ચમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓ 16 વર્ષની ટોચે પહોંચી

(એજન્સી) મુંબઇ | તા.03

ઉત્પાદન ક્ષેત્રમાં નાણાં વર્ષ ૨૦૨૪ની સમાપ્તિ પ્રોત્સાહક નોંધ સાથે થઈ છે. સમાપ્ત થયેલા માર્ચમાં ઉત્પાદન ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) વધીને ૫૯.૧૦ સાથે ૧૬ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. નવા ઓર્ડરોમાં વધારાને પરિણામે ઉત્પાદન કામકાજ વધતા કંપનીઓએ કર્મચારીઓની સંખ્યા પણ વધારવી પડી હતી.

એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરિંગ પીએમઆઈ જે ફેબ્રુઆરીમાં ૫૬.૯૦ હતો તે માર્ચમાં ૫૯.૧૦ સાથે ૧૬ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. ૨૦૦૮ બાદ આ સૌથી ઊંચો આંક છે. ૫૦થી ઉપરના ઈન્ડેક્સને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે.

માર્ચમાં સતત ૩૩માં મહિને પીએમઆઈ ૫૦થી ઉપર રહેવા પામ્યો છે. ઉપભોગ, ઈન્ટરમીડિયેટ તથા ઈન્વેસ્ટમેન્ટ ગુડસ ક્ષેત્રમાં માગ વધતા ઉત્પાદનમાં વધારો જોવા મળ્યો હોવાનું એચએસબીસી દ્વારા તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું છે.



નવા ઓર્ડરની માત્રા પણ ૨૦૨૦ના ઓકટોબર બાદ સૌથી ઊંચી રહી છે. વેચાણ વધવાની અપેક્ષાએ તથા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪નો અંતિમ મહિનો હોવાથી કંપનીઓએ સ્ટોકસ ઊભો કરવાની પણ ગણતરી રાખી હતી. કાચા માલની ખરીદીને જ્યાંસુધી સંબંધ છે ત્યાંસુધી કેપિટલ ગુડસને લગતા માલની ખરીદી ઊંચી રહી હતી. જો કે સર્વેમાં ભાગ લેનારી કંપનીઓમાં ફુગાવાને લગતી ચિંતા ચાલુ રહી હતી. ખર્ચનું દબાણ પાંચ મહિનાની ઊંચી સપાટીએ રહ્યું હતું. કપાસ, આયર્ન, મસીનરી ટુલ્સ, પ્લાસ્ટિકસ તથા સ્ટીલ માટે કંપનીઓએ વધુ રકમની ચૂકવણી કરી છે. મજબૂત ઓર્ડરને પગલે ઉત્પાદન વધારવાનું રહેતું હોવાથી કંપનીઓએ કર્મચારીઓની ભરતીમાં પણ વધારો કરવાની ફરજ પડી હતી. જોરદાર માગને કારણે કાચા માલના ખર્ચમાં વધારો થયો હતો. કર્મચારીઓની ભરતી સપ્ટેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી સારી રહી છે.

## વિતેલા નાણા વર્ષમાં 857 શેરોમાં 100 ટકાથી વધુ રિટર્ન

(એજન્સી) અમદાવાદ | તા.03

અમદાવાદ : વિતેલા ૨૦૨૪ના નાણાં વર્ષમાં સંખ્યબંધ શેરોમાં રોકાણકારોને ઊચું રિટર્ન મળ્યું છે.વિવિધ શેરોમાં મળેલા રિટર્ન પર હાથ ધરાયેલી એક અભ્યાસના તારણ મુજબ ૧૧ શેરોમાં ૧૦ ગણાથી વળતર મળ્યું છે. જ્યારે ૮૪૬ શેરોમાં ૧૦૦થી ૯૩૬ ટકાનું રિટર્ન મળ્યું છે.જ્યારે ૭૪૬ શેરોમાં ૫૧ ટકાથી ૧૦૦ ટકા રિટર્ન મળ્યું છે. જ્યારે ૫૬૩ શેરોના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. ૩૩૬૭ એક્ટિવ ટ્રેડેડ શેરો પર આ અભ્યાસ હાથ ધરાયો હતો.ઊંચા વળતરની યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ટોચ પર હતી. જ્યારે બીજા ક્રમે ટીસીએસ અને ત્રીજા ક્રમે એચડીએફસી બેંક હતી.નેગેટિવ રિટર્નની યાદીમાં હિન્દુસ્તાન લીવર, ઈન્ફોસિસ અને આઈટીસી રહ્યા હતા.વર્ષ દરમિયાન એલઆઈસીએ ટોપ ટેન માર્કેટ કેપ ક્લબમાં આઠમા ક્રમે પ્રવેશ કર્યો હતો. જ્યારે કોટક મહિન્દ્રા બેંક આ યાદીમાંથી બહાર ફેંકાઈ હતી.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ વદ-10**

# બહિષ્કારની રાજનીતિ

માલદીવ બાદ બાંગ્લાદેશમાં પણ ભારતના બહિષ્કારનું જે અભિયાન કેટલાક લોકો ચલાવી રહ્યા છે, તેની જેટલી નિંદા કરવામાં આવે એટલી ઓછી છે. એવા લોકોને ના તો પોતાના દેશનો ઈતિહાસ ખબર છે કે ના ભારતના યોગદાનનું તેમને કોઈ જ્ઞાન છે. માલદીવના સત્તાધારી નેતાઓ અને બાંગ્લાદેશના કેટલાક વિપક્ષી નેતાઓને પોતાની સ્વાર્થપૂર્ણ રાજનીતિ સિવાય કશું જ સૂઝતું નથી. માલદીવ બાદ હવે ઢાકામાં પણ ભારત વિરોધની રાજનીતિ ગરમ થવી આપણને વિચારવા માટે મજબૂર કરે છે. વિપક્ષી બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (બીએનપી) લાંબા સમયથી નાગરિકોને ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. અસલમા, આ મુખ્ય વિપક્ષી દળને લાગે છે કે ભારત સત્તારૂઢ અવામી લીગનું સમર્થક છે અને અવામી લીગની જીતમાં ભારતની મોટી ભૂમિકા છે. આ ખરેખર તો બાંગ્લાદેશના વિપક્ષી દળની એક મોટી ભૂલ છે કે ભારત સરકાર બાંગ્લાદેશમાં હસ્તક્ષેપ કરી રહી છે. હા, એ ચોક્કસ કે બાંગ્લાદેશની પ્રગતિમાં ભારતે યથાસંભવ સહયોગ કર્યો છે અને એવા સમયમાં બાંગ્લાદેશમાં જે પણ સરકાર હશે, તે સ્વાભાવિક રૂપે મજબૂત હશે. બાંગ્લાદેશના વિપક્ષી નેતા કદાચ ભૂલી ગયા છે કે જ્યારે બાંગ્લાદેશમાં સૈન્ય પ્રભુત્વ વધ્યું હતું, ત્યારે પણ ભારતે ત્યાંના રાજકારણમાં હસ્તક્ષેપ નહોતો કર્યો. જોકે બાંગ્લાદેશની સરકાર કે વડાપ્રધાને ભારતનો બચાવ કર્યો છે અને વિપક્ષોના બેવડા વલણની નિંદા કરી છે. અસલમાં બાંગ્લાદેશ જો ચાહે તો પણ ભારતનો બહિષ્કાર ન કરી શકે, કારણ કે ત્યાં ભારતીય ઉત્પાદનોની ભરમાર છે. ભારતીય ઉત્પાદનોનો વિરોધ વ્યાવહારિક અને સૈદ્ધાંતિક, બંને રૂપોમાં અયોગ્ય છે. તેમ છતાં ખબર નહીં કયા લાભ માટે બીએનપીના વરિષ્ઠ નેતા કબીર રિઝવીએ પોતાના ખભે પહેરેલી એક ભારતીય શાલ ઉતારીને ફેંકી દીધી. ભારતીય-કાશ્મીરી શાલ ફેંકતાં પહેલાં તેમણે એ ન વિચાર્યું કે તેઓ કયા પ્રકારની લડાઈને ઉત્તેજન આપી રહ્યા છે. 'હેશટેગ ઈન્ડિયાઆઉટ' અને 'બોયકોટ ઈન્ડિયન પ્રોડક્ટ્સ'ના નામે રાજનીતિ ગંભીર ભૂલ સિવાય બીજું શું છે? વિપક્ષના આ અભિયાનના જવાબમાં બાંગ્લાદેશનાં વડાંપ્રધાન શેખ હસીનાએ વિપક્ષી નેતાઓને પડકાર ફેંક્યો છે કે જે દિવસે તમે (બીએનપી) કાર્યાલય સામે તમારી પત્નીઓની તમામ ભારતીય સાડીઓ બાળી મૂકશો, તે દિવસે મને વિશ્વાસ થઈ જશે ક તમે વાસ્તવમાં ભારતીય સામાનનો બહિષ્કાર કરી રહ્યા છો. બેશક, ભારતીય સાડીઓ પ્રત્યે બાંગ્લાદેશમાં સ્વાભાવિક લગાવ છે, તેનાથી બચી ન શકાય, પરંતુ બહિષ્કાર માટે કોઈને પણ કોઈ રીતે ઉશ્કેરવા યોગ્ય નથી. ત્યાં સત્તા પક્ષ અને વિપક્ષ, બંનેએ સમજદારીનો પરિચય આપવો રહ્યો, જેથી ભારતીયોની ભાવનાને કોઈપણ પ્રકારે ઠેસ ન પહોંચે. માલદીવના સત્તાધારી નેતા હોય કે બાંગ્લાદેશના વિપક્ષી નેતા, બંનેએ તાર્કિક રીતે પોતાની ફરિયાદ રજૂ કરવી જોઈએ, જેથી શાલીનતાના દાયરામાં ભારત પડોશી ધર્મને અનુકૂળ સુધાર કરી શકે. કોઈ અન્ય ભારત વિરોધી દેશના ઈશારે ફેંસલો કરવાને બદલે આ દેશોએ પોતાના અતીત, વર્તમાન અને ભવિષ્ય જોવું જોઈએ. સંબંધોમાં હલકટતા ન આવવી જોઈએ. બાંગ્લાદેશ દિક્ષણ એશિયામાં ભારતનું સૌથી મોટં વેપારી ભાગીદાર છે. એવામાં ત્યાં ભારત ક્યારેય રાજકારણનો વિષય ન બને. માલદીવની જેમ ન થવું જોઈએ કે તમે ઈન્ડિયા આઉટનો નારો લગાવતા રહો અને તમારે ભારત પાસેથી ઉદાર મદદ પણ જોઈતી હોય.

## સ્થાનિક રહીશોની 5 વર્ષથી રજૂઆત છતાં કોણીએ ગોળ...

# આકરી ગરમીમાં રાજપીપળા દરબાર રોડ સહિતના કેટલાય વિસ્તારોમાં લો વોલ્ટેજ ની સમસ્યા યથાવત

**ઘણા વર્ષો થી આ બાબતે ફરિયાદ કરવા છતાં ખાલી વાયર આમતેમ કરી ગ્રાહકોને કોણી એ ગોળ લાગવવાનું કામ બાદ લો. વોલ્ટેજ ની રામાયણ દૂર થઈ નથી**

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા ના દરબાર રોડ સહિત ઘણા વિસ્તારો માં ઉનાળા ની આકરી ગરમીમાં લો વોલ્ટેજ આવતા પંખા સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણો એકદમ ધીમા ચાલતા હોય લોકો ગરમી માં શેકાઈ રહ્યા છે. ત્યારે દરબાર રોડ પારેખ ખડકી માં ઘણા વર્ષો થી લો વોલ્ટેજ ની રામાયણ હોય સ્થાનિકો એ દર વર્ષે વારંવાર ફરિયાદો કરી છતાં તેનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી આજે વર્ષો બાદ પણ આ જગ્યા પર સમસ્યા યથાવત છે. આ માટે સ્થાનિક અધિકારીઓ ને જાણ કરતા લાઈનમેનો આવી ફક્ત વાયર આમતેમ કરી ગ્રાહકો ને સંતોષ આપવા પ્રયત્ન કરે છે.

વર્ષો જૂની આ સમસ્યા દૂર ન થતા ભૂતકાળ માં ભરૂચ વીજ કંપની ના ઉચ્ચ અધિકારી ને આ બાબતે જાણ કરાઈ તો તાત્કાલિક લાઈનમેન



આવ્યા પરંતુ એજ જૂની પદ્ધતિ મુજબ વાયર પર લોડ બદલી સ્થાનિકોને ફક્ત કોણી એ ગોળ લગાવાયો હતો.

ખરેખર તો શહેર માં મોટા ભાગના વિસ્તારો માં અગાઉ કરતા બમણો વપરાશ વધ્યો હોય નવા વધુ પાવર ના ટ્રાન્સફોર્મર નાંખવા જરૂરી છે છતાં આ માટે કોઈ જ કામગીરી ન કરતા વીજ કંપનીના અધિકારીઓ જાણે ગ્રાહકો સાથે ઓરમાયું વર્તન રાખી જાણી જોઈને ગરમી માં હેરાન કરતા હોઈ એમ લાગી રહ્યું છે. જો આ ઉનાળા માં પારેખ ખડકી ની લો વોલ્ટેજ ની સમસ્યા દૂર નહીં થાય તો સ્થાનિકો હવે ઉચ્ચ કક્ષા સહિત ઉર્જા મંત્રી ને પણ રજુઆત કરશે.

### પાંચની ગતિએ ફરતો પંખો 1ની સ્પીડની હવા આપે છે

લો વોલ્ટેજ ના કારણે પંખા ની ગતિ અડધી થતા પાંચ ની ગતિ પર ફરતો પંખો જાણે એક ની સ્પીડે ચાલતો જણાઈ છે જ્યારે અમુક ઘરો માં તો કુલર કે અન્ય ઇલેક્ટ્રિક ઉપકરણો ઉપડતાજ નથી જ્યારે લોકોના એ.સી.બંધ થાય ત્યારબાદ વોલ્ટેજ બરાબર આવતા કંઈક રાહત મળે છે.

### કોઈ આગ જેવી દુર્ઘટના બને તો કોણ જવાબદાર..?

કોઈ વિસ્તારમાં પોલ ઉપર વાયર સ્પાર્ક થતા હોય ત્યારે પણ જો ફરિયાદ લખાવ્યા બાદ બે ત્રણ કલાકે લાઈન મેન આવતા હોય છે જેમાં ક્યારેક કોઈ આગ જેવી દુર્ઘટના બને તો કોણ જવાબદાર..? મંગળવારે રાત્રે આવી જ એક ઘટના દરબાર રોડ પારેખ ખડકી માં બની જેમાં થાંભલા પર વાયર સળગતા સ્પાર્ક થતો હતો જેથી સ્થાનિકે ફરિયાદ કેન્દ્ર પર ફરિયાદ લખાવી ત્યારબાદ કલાકો બાદ માણસ આવ્યો અને આ વ્યક્તિ એ કંઈ જોયા વિના જ ફરિયાદી ને જણાવ્યું કે અત્યારે રાત્રે મઝા નહિ આવે કાલે સવારે લાઈન ચેક કરીશ. પરંતુ બીજા દિવસે બપોર સુધી કોઈજ ત્યાં નહિ ફરકતા સ્થાનિકે ફરી ફરિયાદ આપવી પડી.તો વીજ કંપની નો આ કેવો વહીવટ..? શું કોઈ દુર્ઘટના બને ત્યારબાદ આવી ફરિયાદો નો ઝડપી ઉકેલ લાવશે..?

# ક્ષત્રિયોમાં માફી માંગવાની હોતી જ નથી

## જે ભુલ કરે એનું અમે માથું જ કાપી નાખીએ : મહારાણી રૂકમણી દેવી



ભરત શાહ | રાજપીપળા

રાજકોટ ભાજપ ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ વિરૂદ્ધની ટિપ્પણીને લઈ હાલ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર ઠેર રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, અને એમની લોકસભાની ટીકીટ રદ કરવાની પણ માંગ કરવામાં આવી રહી છે.પરસોત્તમ રૂપાલાએ આ મુદ્દે ક્ષત્રિય સમાજની માફી માંગી છતાં ક્ષત્રિય સમાજ માફી સ્વીકારવા તૈયાર નથી અને ટીકીટ રદ કરવાની માંગ પર અડગ છે.ત્યારે રાજપીપળા સ્ટેટના મહારાણી રૂકમણી દેવી ગોહિલે પણ રૂપાલાને બદલવાની માંગ કરી છે.

રાજપીપળા સ્ટેટના મહારાણી રૂકમણી દેવી ગોહિલે જણાવ્યું હતું કે રાજવી પરિવાર મુગલો સાથે બેટી વેહવાર કરતા હતા એવુ પરસોત્તમ રૂપાલા ક્ષત્રિયો વિશે જે બોલ્યાં એ ખોટુ છે, હું ક્ષત્રિય સમાજના રૂપાલા વિરુદ્ધના આંદોલનને સમર્થન આપુ છું.એવા પણ દાખલા છે કે રાજપુતાણીઓ જોહર કરી મુગલોના હાથમાં આવ્યા ન્હોતા. રૂપાલાએ માફી માંગી એનાથી નહિ ચાલે, મારે પીએમ મોદીને કેહવુ છે કે રૂપાલાની ટીકીટ રદ કરો. પરસોત્તમ રૂપાલા આવી વિચારધારાને લીધે બદનામ થાય છે,એમણે પોતાની આવી વિચારધારાને બદલવી જોઈએ.

ક્ષત્રિયોમાં માફી માંગવાની હોતી જ નથી, જે ભુલ કરે એનું અમે માથું જ કાપી નાખીએ. ક્ષત્રિય સમાજ રૂપાલા થી ઘણા નારાજ છે એટલે એમની જગ્યાએ અન્ય ને ટીકીટ આપવી જોઈએ. રાજવી પરિવારના બલિદાનને લીધે જ આજે સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બની છે.

# સરથાણામાં પ્રેમી સાથે મળી માતાએ 3 વર્ષના બાળકની હત્યા કરી

## માતાની હવસે માસૂમનો ભોગ લીધો

સાહિલ ભાઈ | સુરત

રાજસ્થાનની પરિણીત મહિલાએ તેના સાડા 3 વર્ષના સંતાનને લઈ પરિણીત પ્રેમી સાથે ભાગી સુરત આવ્યા બાદ પ્રેમી સાથે મળીને બાળકનો કાંટો કાઢવા મોતને ઘાટ ઉતાર્યો હતો. મહિલાએ 15 દિવસ પહેલા બાળકની હત્યા કરી હતી. રાજસ્થાનની મહિલા અને તેના પ્રેમીને ખુદ મહિલાના પતિએ પકડી રાજસ્થાનના દાનપુર પોલીસ સ્ટેશને લઈ ગયો હતો. મહિલાના પતિએ સાડા ત્રણ વર્ષના દીકરા બાબતે પૂછ્યું હતું. જોકે બન્ને સરખો જવાબ આપ્યો ન હતો.જેથી પતિએ ફરિયાદ કરતા પોલીસ કડક હાથે પૂછપરછ કરતા બાળકની હત્યાનો મામલો સામે આવ્યો હતો. રાજસ્થાન પોલીસ માતા લીલા મહીડા(23) અને તેના પ્રેમી અજય ડીંડોર(24)ને લઈ મંગળવારે બપોરે સરથાણાની ગઢપુર રોડની સાઈડ પર આવી હતી. જ્યા જે બેઝમેન્ટના ખાડામાં બાળકની હત્યા કરી લાશ ફેંકી દીધાની કબૂલાત કરી હતી. તે જગ્યા પરથી બાળકની લાશ પાણીમાંથી મળી આવી હતી. લાશ કોહવાયેલી હતી.

લાશનું પીએમ સ્મીમેરમાં કરાયું હતું. મોડીસાંજે બંનેને રાજસ્થાન લઈ જવાયા હતા. આરોપીની પત્ની પિયરમાં રહે છે.

સુરતમાં મહિલા અને તેનો પ્રેમી સરથાણા ગઢપુર રોડ પર નવી બાંધકામની સાઈડ પર મજૂરી કરતા હતા. અચાનક મહિલા અને તેના પ્રેમીએ સાડા ત્રણ વર્ષનો પુત્ર રડ્યા કરતો હોય અને જેના કારણે બન્ને હેરાન થતા હોય આથી તેનો કાંટો કાઢી નાખવા માટે પહેલા બિસ્કિટ ખવડાવી બાદમાં તેને 3-4 તમાચા માર્યા પછી માથું દિવાલમાં અફાળી મોતને ઘાટ ઉતારી સિમેન્ટની ગુણીમાં લાશ પેક કરી બેઝમેન્ટમાં એક ખંડેર ખાડામાં નાખી દીધી હતી. ખાડામાં પાણી હતું. મહિલા અને તેના પ્રેમીએ બાળકને 15 દિવસ પહેલા બાળકને મોતને ઘાટ ઉતારી બન્ને પાછા રાજસ્થાન ચાલી ગયા હતા.

# સુરતમાં મસ્જિદ પાસે થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો



સાહિલ ભાઈ | સુરત

સુરતના લિંબાયત વિસ્તારમાંથી બહેન સાથે પ્રેમ સંબંધના વહેમમાં એક યુવકની જાહેરમાં હત્યા કરાઈ હતી. ત્રણ દિવસ પહેલા નુરાની મસ્જિદ પાસે બે સગા ભાઈઓએ મળીને ઘરની સામે જ રહેતા એક યુવક ઉપર તીક્ષ્ણ હથિયારો વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. એટલું જ નહીં છોડાવવા માટે વચ્ચે પડતા મૃતક યુવકના મિત્ર ઉપર પણ ચપ્પુ વડે હુમલો કરી ઘાયલ કરી દેવામાં આવ્યો હતો. આ ખૂની ખેલ ખેલ્યા બાદ બંને ભાઈઓ સ્થળ ઉપરથી ભાગી છૂટ્યા હતા. ત્યારે લિંબાયત પોલીસે બે દિવસ બાદ હત્યા કરનાર બંને સગા ભાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે શહેબ અસલમ ખાનની સામે રહેતા સમીર ઉર્ફે સમીર મર્દાનગી અને તેનો નાનો ભાઈ આમીન કાલુની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નર્મદા જિલ્લા બીજેપીની યોજાયેલી બેઠકમાં ચર્ચા....

# ભાજપાનો સ્થાપના દિવસ ગૌરવભેર ઉજવાશે

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા કમલમ નર્મદા કાર્યાલય ખાતે આજે ભાજપાના અપેક્ષિત કાર્યકર્તાઓ, હોદ્દેદારો, આગેવાનોની એક મહત્વની બેઠક યોજાઈ હતી.જેમાં એપ્રિલ માસમા યોજાનારા ભાજપા ના કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા હાથ ધરાઈ હતી

ભાજપાનો સ્થાપના દિવસ 6એપ્રિલે નર્મદા ભાજપા દ્વારા ગૌરવભેર ઉજવાશે,ઉપરાંત આ બેઠકમાં લાભાર્થી સંપર્ક અભિયાન,ભાજપાનો સ્થાપના દિવસની ઉજવણી ઘર ઘર સંપર્ક અભિયાન,મોદી પરિવાર કાર્યક્રમ મેરા પરિવાર,ભાજપા પરિવારનું સ્ટીકર લગાડવાના કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું હતું.એ ઉપરાંત બાબા સાહેબ આંબેડકર દિન,રામ જન્મોત્સવનીભવ્ય ઉજવણી કરવાના આયોજન અંગે ચર્ચા હાથ ધરાઈ હતી.

રાજપીપલા ખાતે આવેલ કમલમ નર્મદા



કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખના અધ્યક્ષ સ્થાને ભાજપાના અપેક્ષિત કાર્યકર્તાઓ, હોદ્દેદારો આગેવાનોની બેઠકમા આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ,જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલ, પ્રભારી ધર્મેશ પંડ્યા, બળવંત સિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય શબ્દશરણ તડવી, હર્ષદ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસીંગભાઈ તડવી, સંયોજક અનિરુદ્ધસિંહ ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં સંયોજક અનિરુદ્ધસિંહ ગોહિલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જેમાં લાભાર્થી સંપર્ક અભિયાન માટે કામગીરી જવાબદારી,5 અને 6 એપ્રિલે ભાજપાનો સ્થાપના દિવસ ઉજવવો,27,28 એપ્રિલે ઘરે ઘરે પીએમ મોદી નો પત્ર આપવો અને સ્ટીકર લગાડવાની કામગીરી, ઝંડીઓ લગાડવી,ઉપરાંત ઘર ઘર સંપર્ક અભિયાન બુથ સ્તરે યોજવાઅંગે ચર્ચા માર્ગદર્શન હાથ ધરાયું હતું.તેમજ મોદી પરિવાર કાર્યક્રમના આયોજન અંતર્ગત એક સભાં યોજવા અંગે ચર્ચા હાથ ધરાઈ હતી એ ઉપરાંત 14 એપ્રિલ બાબા સાહેબ આંબેડકર દિન ઉજવવો, 17એપ્રિલે ભવ્ય રામ જન્મોત્સવ ઉજવવો. આ દિવસે દરેક ગામના મંદિરો ના સફાઈ અભિયાન કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું. મહિલા કાર્યકર્તાઓ દ્વારા ઘરે ઘરે જઈને મહિલાઓ ને કમલ મહેંદી મુકવા અંગે માર્ગદર્શન અપાયું હતું.એ ઉપરાંત મોદી સરકારના 10વર્ષની કામગીરી પ્રજા સુધી કેવી રીતે પહોંચાડવી તેની ચર્ચા હાથ ધરાઈ હતી.

# " જાગો મતદાર જોગો" નાટક દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભરત શાહ | રાજપીપળા




રાજપીપળા ખાતે ' જાગો મતદાર જાગો' નાટક દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નર્મદા કચેરી દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે અમદાવાદ રાજુ જોષીના ગૃપ દ્વારા મતદાન જાગૃતિ,જન જાગૃતિ નાટક પ્રોગ્રામ રાજપીપળા ખાતે ત્રણ જગ્યાએ યોજાયો હતો.જેમાં પ્રાંત અધિકારીની કચેરી,ટાઉન હોલ તેમજ નાંદોદ તાલુકાના લાછરસ ગામે આ કાર્યક્રમ યોજાયો હતો.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે પણ આ કાર્યક્રમમાં યોજાયો હતો યોજાયો હતો. જાગો મતદાર જાગો નાટક અંતર્ગત જનજાગૃતિનો કાર્યકમ યોજાયો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને મતદાન કરવા અંગે શપથ લીધા હતા. ગુરુવારે તિલકવાડા તાલુકા મથક ખાતે આ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાશે ઉપરાંત સમગ્ર નર્મદા જિલ્લામાં આ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાશે તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

## દેવલીયા ચોકડી પર ઓટો

# ગેરેજ સંચાલકે નિયમોનુસાર રજીસ્ટર નહિ નિભાવતા SOG ની લાલ આંખ




ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની ટીમ દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે જેમાં ખાસ કરી ને જિલ્લામાં માં વાહન ચોરી કે હોટલ ગેસ્ટ હાઉસ માં થતા વેપલા ને અટકાવવા આ ગ્રુપ સતત પ્રયત્નશીલ રહે છે અને સમયાંતરે આવા લોકો સામે ગુના પણ દાખલ કરે છે હાલમાં તિલકવાડા તાલુકાની દેવલીયા ચોકડી પર ચાલતા ગેરેજ વાળા સામે પણ લાલ આંખ કરી છે

પ્રાપ્ત વિગતો અનુસાર નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.એસ. સિરસાઠ ના માર્ગદર્શન હેઠળ અને તમને ટીમે જિલ્લામાં વોચ રાખતા ગતરોજ તિલકવાડા તાલુકામાં આવેલ દેવલીયા ચોકડી પર ચાલતા

બાબા ઓટો ગેરેજ ના સંચાલક પંકજભાઈ ઈશ્વરભાઈ બારીયા હાલ રહે. ગોલાતલાવડી તા.તિલકવાડા જી.નર્મદા મુળ રહે.વાઘેથા તાજી નાંદોદ. નર્મદા નાઓએ પોતે દેવલિયા ચોકડી,તિલકવાડા તરફ જવાના રોડની બાજુમાં બાબા ઓટો ગેરેજ ચલાવી નિયમ મુજબ નું રજીસ્ટર નહિ રાખી ગુનો કરતા અ.હે.કો.મનોજકુમાર શરણભાઈ બ.નં.૭૪૬ નોકરી સ્પેશ્યલ ઓપરેશન ગૃપ નર્મદા નાઓ ની ફરિયાદ ના આધારે ગુનો દાખલ કર્યો છે.

## ક્ષત્રિય સમાજ ટીકીટ રદ કરવાની માંગે અડગ

# ગોપાલપુરા ગામમાં રૂપાલાના વિરોધમાં પ્રવેશદ્વાર પર બેનર મારી નોંધાવ્યો વિરોધ

ભરત શાહ | રાજપીપળા

નર્મદાના ગોપાલપુરા ગામે ભાજપના કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના વિરોધમાં ગોપાલપુરા રાજપૂત ક્ષત્રિયોએ મોટી સંખ્યામાં ગામમાં ભેગા થઈ ગામની બહાર બેનરો મારી વિરોધ નોંધાવ્યો હતો,રાજ્યમાં ઠેર-ઠેર રૂપાલાનો રાજપૂત સમાજ દ્વારા વિરોધ નોંધવાઈ રહ્યો છે. એમાં ક્ષત્રિય સમાજ ની રાજકોટ બેઠક પરથી તેમની ટિકિટ રદ કરવાની માગ પણ અડગ છે. પુરુષોત્તમ રૂપાલાએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકોટમાં વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહ સભામાં રજવાડાને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. એના પડઘા સમગ્ર રાજ્યમાં દેખાઈ રહ્યા છે સાથે ગોપાલપુરા ગામ બહાર બેનર પણ લગાડવામાં આવ્યું છે અને આ બેનર માં લખ્યું છે કે રૂપાલા ની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી ભાજપ ના નેતાઓ કે કાર્યકરો એ ગોપાલપુરા માં પ્રવેશ કરવો નહીં,રાજપૂત સમાજ પોતાનું માથું કપાવી નાખે તેવો સમાજ છે ગમે તેમ બોલી જાય અને પછી માફી માંગી લેવાની એવું ના ચલાવી લેવાય અને જો રૂપાલા ની ટિકિટ રદ નહિ કરવામાં આવે તો ભાજપે આનું પરિણામ ભોગવવું પડશે તેવી ચીમકી પણ ઉચારી હતી.

# પેરોલ ફ્લો સ્કોડ તથા વઘઇ પોલીસની ટીમે તમિલ ગેંગનાં 4 આરોપીની ધરપકડ કરી

સુશીલ પવાર ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર તા.21-03-2024નાં રોજ વઘઇ તાલુકાનાં દગુનીયા ગામનાં મહિલા સરપંચનાં પતિ હર્ષદભાઈ કે.ગાવીત જે બેંક ઓફ બરોડા વઘઇ બ્રાન્ચનાં ખાતામાંથી એક લાખ રૂપિયાનો ઉપાડ કરી તેઓની ટાવેરા ગાડી.ન.જી.જે.30.એ.0215માં બેગમાં મૂકી વઘઇ બજારમાં કામ અર્થે ગયા હતા.તે વેળાએ તેઓની એક લાખ રૂપિયા મુકેલ બેગ કોઈક ઈસમો ચીલ ઝડપ કરી જતા તેઓએ વઘઇ પોલીસ મથકમાં ફરિયાદ કરાઇ હતી. ઉપરોક્ત ગુનો શોધી કાઢવા માટે ડાંગ જિલ્લા એસ.પી.યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી પાટીલનાં માર્ગદર્શન હેઠળ ડાંગ એલ.સી.બી,એસ.ઓ. જી,પેરોલ ફ્લો તથા વઘઇ પોલીસ સ્ટેશનની ટિમો દ્વારા ડાંગ જિલ્લાના ઠેરઠેર સ્થળોએ લગાવેલ કેમેરા,મોબાઈલ એસ.ડી.આર,સી.ડી.આર,લોકેશનો,હ્યુમન ઈન્ટેલિજન્સની મદદ લઇ શોધખોળ આરંભી હતી.તે દરમ્યાન ડાંગ પેરોલ ફ્લોનાં પી.એસ.આઈ એમ.જી.શેખ દ્વારા ટેક્નિકલ સોર્સ હ્યુમન ઈન્ટેલિજન્સનાં મદદથી આરોપીઓની સતત માહિતી મેળવતા સફળતા મળી હતી.આજરોજ બાતમી નાં આધારે પેરોલ ફ્લો ડાંગનાં પી.એસ.આઈ.એમ.જી. શેખ તથા વઘઇ પી.એસ.આઈ.પી.બી.ચૌધરીની ટીમે ચીલ ઝડપ સાથે સંકળાયેલા તમિલ ગેંગનાં ચારઓ મૂળ તમિલનાડુનાઓની ધરપકડ કરી તેઓ પાસેથી રોકડા 67,500 તથા 76,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ તમિલ ગેંગનાં આરોપીઓ સામે અગાઉ પણ વલસાડ,નવસારી,આંધ્રપ્રદેશ તથા તમિલનાડુમાં ગુનાઓ રજીસ્ટર થયેલા છે.

# રાજુલાના હિંડોરણાની પ્રાથમિક શાળાની મેનેજમેન્ટ કમિટી દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ને લેખિત પત્ર દ્વારા રજૂઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલાના હિંડોરણા પ્રાથમિક શાળાની કમિટી દ્વારા હાઈવે ઓથોરિટી ને પત્ર લખવામાં આવ્યો રાજુલા તાલુકાના હાઈવે ઉપર આવેલ હિંડોરણા ગામની પ્રાથમિક શાળાની કમિટી દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મેનેજરને એક લેખિત પત્ર દ્વારા જણાવેલ છે. કે આ હિંડોરણા ગામની પ્રાથમિક શાળામાં ૫૦૦ જેટલા બાળકો અભ્યાસ કરતા હોય અને સામે કાંઠે થી અભ્યાસ માટે આ બાળકો આવતા હોય તેઓ રોડ ક્રોસ કરી ને શાળામાં અભ્યાસ એ આવવા જવાનું હોય જેથી મુશ્કેલી પડતી હોય અને વાહનોની અવરજવર રહેતી હોય ત્યારે હાઈવે પર સ્પીડ બેંકર મૂકવા તેમજ સાઈન બોર્ડ મુકવા વિનંતી કરવામાં આવેલ છે. હિંડોરણા પ્રાથમિક શાળાની કમિટીના મેનેજમેન્ટ દ્વારા આ પત્ર લખવામાં આવ્યો છે.

# સેંઢાલમાં લીમડાના વૃક્ષો પર ભમરા મદના ઝુંડ જામ્યા

નિતીન ઠાકર | ચાણસ્મા

બે દિવસ પહેલાં ગાંધીનગર તાલુકા ના દહેગામ ના ૨૫ થી વધારે શ્રદ્ધાળુ ઓ નવી કાળકા રોડ ઉપર સંઘ લઈને પસાર થઈ રહ્યા હતા દરમિયાન ડી.જે ના અવાજ થીબાજૂના ઝાડ પર બેઠલ ભમરા મદ ઉડતાં પસાર થઈ રહેલ પદયાત્રી ઓને ભમરા વળગી પડતાં ૧ આધેડ નૂં ભમરા કરવાથી રીયેકશન આવતાં મોત નિપજ્યું હતું

આમ ઉનાળા દરમિયાન હાઈવે રોડ પરના લિંમડા ના વૃક્ષો પર ભમરા મદ જમાવટ કરતા હોય છે પરંતુ ઘણીવાર રોડ ની બંન્ને બાજુના ઝાડ પર બેઠેલ ભમરા મદ ઉંડે તો મોટું નુકશાન કરી શકે છે. ૧૫ દિવસ પહેલાં ઘરમોડા રોડ ઉપર લિમડા ના ઝાડ પર બેઠેલ ભમરા મદ ઉડતાં અને રોડ પર પસાર થતા બાઈક ચાલક ને ભમરો કરતાં સ્ટીયરિંગ



**સેંઢાલ થી ખારી ધારી ચાલ રોડ જતો હોઇ વાહનો અવરજવર માટેનો મહત્વનો રોડ છે**


પરનો કાબુ ગુમાવતાં સામે થી આવતી મારૂતી ગાડી ને અથડાઈ ગયો હતો જ્યારે ગાડી ચાલક પણ બાઈક ચાલક ને બચાવવા જતાં લીમડા ને અથડાતા બાઈક ચાલક અને ગાડીમાં સવાર ૧ મહિલા અને કાર ચાલક સહિત ત્રણ ના મોત નિપજ્યા હતા. ઘરમોડા રોડની સાઈડ પર આવેલા લીંબડા ના ઝાડ ઉપર સે ઢાલ ગામમાં પ્રવેશતાં લીમડાના ઝાડ પર ૧૦ થી વધારે મોટા ભમરા મદ બેઠા છે જે રોડ ઉપર પસાર થતા વાહનચાલકો માટે તેમજ નજીક માં આવેલી હાઈસ્કુલ અને પ્રા શાળા ના બાળકો માટે તેમ જ નજીક માં રહેતા રહેણાંક વિસ્તાર ના લોકો માટે ઝબૂળતા મોત સમાન છે તંત્ર દ્વારા આ ભમરા મદ ઉડાડી દેવામાં આવે તેવી ગ્રામ જનો ની માંગ ઉઠવા પામી છે.

# ચીનની મોડસ ઓપરેન્ડી, પેટમાં ઘૂસીને પગ પહોળા કરો

ભારતે ૧૯૭૦ના દાયકામાં શ્રીલંકાને ખેરાતમાં 'કાચ્ચીથીવુ ટાપુ' આપી દીધો તેના મુદ્દો ભાજપે ઉઠાવ્યો છે ત્યારે જ યોગાનુયોગ લડાખના પર્યાવરણવાદી સોનમ વાંગચુકે ચીને ભારતનો કુલ ૪૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર પચાવી પાડયો હોવાનો ધડાકો કર્યો છે. કેન્દ્ર સરકાર સત્તાવાર રીતે આ વાતને નકારે છે પણ વાંગચુકનો દાવો સાચો હોય તો ભવિષ્યમાં દેશની સુરક્ષા સામે મોટો ખતરો ઉભો થાય તેમાં કોઈ શંકા નથી. અત્યાર સુધી મનાતું હતું કે, ચીન અરૂણાચલ પ્રદેશ અને અક્સાઈ ચીનના વિસ્તાર પર સંપૂર્ણ કબજો કરવા મથે છે કેમ કે વ્યૂહાત્મક રીતે આ પ્રદેશો મહત્વના છે. વાંગચુકના દાવા પ્રમાણે ચીન લડાખમાં પણ ઝડપથી ઘૂસી રહ્યું હોય તો સ્પષ્ટ છે કે, ચીન ત્રણ તરફથી ભારતની જમીન પચાવી રહ્યું છે. એક રીતે ચીન અનડીકલેર્ડ વોર એટલે કે જાહેર કર્યા વિનાની લડાઈ લડી રહ્યું છે. ભારતીયોને ખબર પણ ના પડે એ રીતે ભારતનો પ્રદેશ પચાવી રહ્યું છે. ચીન ભારતનો મોટો વિસ્તાર પચાવીને બેસી ગયું છે એવી વાત કરનારા વાંગચુક પહેલા માણસ નથી. ભાજપના જ નેતા સુબ્રમણ્યમ સ્વામી લાંબા સમયથી ચીનની ઘૂસણખોરીની વાત કરે છે. રાહુલ ગાંધી પણ આ મુદ્દો ઉઠાવે છે. સરહદી વિવાદો પર નજર રાખતી ગ્લોબલ રીચર્સ સંસ્થાઓ પણ ચીને ભારતનો પ્રદેશ પચાવી પાડયો હોવાનો દાવો કરે છે અને તેના સમર્થનમાં સેટેલાઈટ તસવીરો સહિતના પુરાવા પણ મૂકે છે. આ સંજોગોમાં વાંગચુકની વાતને હળવાશથી લેવા જેવી નથી.

ચીનની હરકતો પણ આ દાવાને સમર્થન આપે છે કેમ કે ભારતના વિસ્તારો પરના દાવાને મુદ્દે ચીન વધારે ને વધારે આક્રમક બનતું જાય છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરૂણાચલ પ્રદેશ ગયા ત્યારે ચીને આ પ્રદેશ પોતાનો હોવાનો દાવો કરીને મોદીની યાત્રા સામે વાંધો લીધેલો.

હવે ચીને અરૂણાચલ પ્રદેશનાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વીતય શિખર, ૪ નદી, ૧ સરોવર, ૧ પહાડી માર્ગ અને ૧ મેદાન પ્રદેશ મળીને કુલ ૩૦ સ્થળોનાં નવાં નામ જાહેર કર્યાં છે. ગયા વરસે પણ ચીને ભારતના અરૂણાચલ પ્રદેશનાં ૧૧ સ્થળોનાં નવાં નામ જાહેર કરેલાં. ચીને ભારતનાં ક્યાં સ્થળોનાં નવાં નામ આપ્યાં છે એ સ્પષ્ટ નથી પણ આ હરકત દ્વારા ચીન ભવિષ્યમાં ભારતના આ વિસ્તારો હડપ કરવા માટેનો તખ્તો ઘડી રહ્યું છે એ સ્પષ્ટ છે. આ વિસ્તારો હડપ કરવા માટે ચીન ભારત પર આક્રમણ પણ કરી શકે. વૈશ્વિક બાબતોના નિષ્ણાતોના મતે, ચીનની મોડસ ઓપરેન્ડી પેટમાં ઘૂસીને પગ પહોળા કરવાની છે. ચીને ૧૯૬૨માં સીધું આક્રમણ કરીને ભારતના અરૂણાચલ પ્રદેશનો ૨૮ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર બથાવી પાડેલો. લદાખમાં આવેલા અક્સાઈ ચીનના ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર પર પણ ચીને ૧૯૬૨માં કબજો કરી લીધેલો. એ પછી



ચીને સીધું આક્રમણ કરવાના બદલે આ પ્રદેશોમાં ધીરે ધીરે આગળ વધીને ભારતનો વિસ્તાર પચાવી પાડવાની મોડસ ઓપરેન્ડી અપનાવી છે. ગ્લોબલ રીસર્ચ સંસ્થાઓના ડેટા પ્રમાણે, ચીને ભારતમાં ઘૂસવા ૧૩ હોટ સ્પોટ પસંદ કર્યાં છે કે જ્યાંથી ઘૂસીને ધીરે ધીરે ભારતના વિસ્તારો પર કબજો કરે છે. ભારત-ચીનનો સરહદી વિસ્તાર ઈસ્ટર્ન, મિડલ અને વેસ્ટર્ન એ ત્રણ સેક્ટરમાં વહેંચાયેલો છે. ઈસ્ટર્ન સેક્ટર સિક્કિમથી શરૂ કરીને મ્યાનમારની સરહદ સુધી ફેલાયેલું છે. અરૂણાચલ પ્રદેશ ઈસ્ટર્ન સેક્ટરમાં છે. આ સેક્ટરમાં સિક્કિમ, તવાંગ, લ્હુનેઝ, બિશિંગ, અનિની, કિબિથુ એ છ ચીનની ઘૂસણખોરીનાં હોટ સ્પોટ છે. ડેમચોકથી નેપાળ સુધીની ૫૪૫ કિલોમીટર લાંબી સરહદનો વિસ્તાર મિડલ સેક્ટર ગણાય છે કે જ્યાં બારાહોતી ચીન દ્વારા કરાતી ઘૂસણખોરીનું હોટ સ્પોટ છે. . કારાકોરમ ઘાટની ઉત્તર-પશ્ચિમથી ડેમચોક સુધીનો વિસ્તાર વેસ્ટર્ન સેક્ટર કહેવાય છે કે જ્યાં દેપસાંગ, ગલવાન, હોટસ્પ્રિંગ, પાનગોંગ, ડેમચોક, ચુમાર ચીનની ઘૂસણખોરીનાં હોટ સ્પોટ છે. ભારત સરકારના અંદાજ પ્રમાણે દર વરસે ચીન સરેરાશ ૩૦૦ વાર ભારતની સીમામાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરે છે. મતલબ કે, અઠવાડિયામાં એક દિવસ રજા રાખીને ચીના દરરોજ ભારતની સરહદમાં ઘૂસવા પ્રયત્ન કરે છે. ગ્લોબલ રીસર્ચના ૨૦૦૬થી ૨૦૨૦ સુધીના ૧૫ વર્ષના ડેટા પ્રમાણે ચીન વરસમાં સરેરાશ ૮ વાર ભારતના પ્રદેશ પર કબજો કરવામાં સફળ થયું છે. દરેક પ્રયત્નમાં વિસ્તાર અલગ અલગ હોય પણ ચીને ૨૦૨૦ સુધીમાં જ ૧૨૦ વખત ભારતનો પ્રદેશ પચાવી પાડેલો એવું આ ડેટા કહે છે. ૨૦૨૦ પછી ચીને આ ઝડપ વધારી છે તેથી મોટો પ્રદેશ ચીને પચાવી પાડયો હોય એ શક્ય છે.

આ વિસ્તારો અંતરિયાળ છે તેથી મીડિયા ત્યાં સુધી જતું નથી. ઉત્તર-પૂર્વનાં કેટલાંક અખબારોમાં સમયાંતરે ચીનની ઘૂસણખોરી કે જમીન પચાવી પાડયાના અહેવાલ આવે છે પણ એ સિવાય ત્યાં શું બને છે તેનું રીપોર્ટિંગ થતું નથી. પરિણામે ચીન ધીરે ધીરે ઘૂસી રહ્યું હોવાની ખબર જ નથી પડતી ને ભારતીયો માટે એક દિવસ જાગીને જોયું તો જગત દીસે નહીં જેવું થઈને ઉભું રહી જાય એવો પૂરો ખતરો છે. ચીનની આ ઘૂસણખોરીને રોકવાની ભારત પાસે કોઈ વ્યૂહરચના નથી એ પણ સ્પષ્ટ છે. ચીન ૨૦૦૬થી ઘૂસણખોરી કરે છે એ જોતાં કોંગ્રેસ સરકાર પાસે પણ કોઈ વ્યૂહરચના નહોતી ને ભાજપ સરકાર પાસે પણ અત્યાર લગી વ્યૂહરચના નથી એ સ્પષ્ટ છે. અલબત્ત જાગ્યા ત્યારથી સવાર કરીને હવે નક્કર સ્ટ્રેટેજી બનાવવી પડે, નહિંતર ચીન યુધ્ધ વિના ધીરે ધીરે ભારતનો મોટો પ્રદેશ પચાવીને બેસી ગયું હોય એવું બનશે.

બચાવવા માટે લડત ચલાવી રહેલા વાંગચુકના દાવા પ્રમાણે પૂર્વમાં ચીન લડાખની જમીન પર કબજો કરી રહ્યું છે ને પશ્ચિમમાં ઉદ્યોગોને ૨૦ હજાર ચોરસ કિલોમીટર જમીનની ખેરાત કરી દેવાઈ છે. ચીનની ઘૂસણખોરી વધતી રહે તો લડાખ આખું હાથથી જાય એવી ચેતવણી વાંગચુકે આપી છે. કેન્દ્રશાસિત પ્રદેશ લડાખનો વિસ્તાર ૫૯,૧૪૬ ચોરસ કિલોમીટર છે. તેમાંથી ૨૪ હજાર ચોરસ કિલોમીટર જમીન છિનવાઈ જતાં લડાખનાં લોકોની રોજગારી છિનવાઈ રહી છે. ઉદ્યોગોને અપાયેલી જમીનમાં ભરવાડોનાં ઘેટાં ચરતાં હતાં. ઘેટાંના ઉનમાંથી બનતી પશ્મિના શાલની દુનિયાભરમાં નિકાસ થતી પણ જમીન ઘટી જતાં ભરવાડો ઘેટાં વેચવા મજબૂર બની રહ્યા છે. ઉદ્યોગોને જમીનો અપાતાં ગ્લેશિયર એટલે કે હિમનદીઓનો વિસ્તાર ઘટી રહ્યો છે. પ્રદૂષણ પણ વધી રહ્યું છે તેથી ગ્લેશિયર ઝડપથી પિગળી રહ્યા છે. લડાખમાંથી ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ, સતલજ નદીઓ નિકળે છે. તેમના પાણી પર લડાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, હરીયાણા અને ચંદીગઢ નભે છે. ૩.૨૧ લાખ ચોરસ કિલોમીટર એટલે કે ભારતના લગભગ ૯.૮ ટકા જમીન વિસ્તારને પીવા તથા સિંચાઈનું પાણી આ નદીઓ આપે છે પણ ગ્લેશિયલ ગાયબ થઈ રહ્યા છે તેથી ભવિષ્યમાં આ વિસ્તારોમાં પાણીનો કકળાટ ઉભો થશે. લડાખને નહીં બચાવાય તો ભવિષ્યમાં ઉભી થનારી પાણીની સમસ્યા ગંભીર હશે તેમાં બેમત નથી.

# ડેટા ઇઝ કિંગ: 100 અબજ ડોલરના ખર્ચે સુપર કમ્પ્યુટર તૈયાર કરાશે

માઈક્રોસોફ્ટ અને ઓપન એઆઈનો ૧૦૦ અબજ ડોલરનો સુપર કમ્પ્યુટર પ્રોજેક્ટ આજકાલ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં ચર્ચાનો વિષય બન્યો છે. ૨૦૨૮માં શરૂ થનાર આ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ આધારિત પ્રોજક્ટનું નામ સ્ટારગેટ અપાયું છે, જે હકીકતે તો એક પ્રકારનો ડેટા સેન્ટર પ્રોજક્ટ છે. આમ તો, ડેટા સેન્ટર્સ ઘણાં છે, પરંતુ જનરેટીવ AIનો ઉપયોગ વધ્યા પછી AI ડેટા સેન્ટર્સની બહુ મોટી જરૂરીયાત ઊભી થઈ છે. આ પ્રોજેક્ટને માઈક્રોસોફ્ટ ફાયનાન્સ પૂરું પાડવાનું છે. માઈક્રોસોફ્ટના જણાવ્યા અનુસાર, હાલમાં જે સૌથી મોટા ડેટા સેન્ટર્સ છે તેનાથી આ સુપર કમ્પ્યુટર ૧૦૦ ગણું વધુ મોઘું હશે.

ઓપન એઆઈના સેમ ઓલ્ટમેન સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સુપર કમ્પ્યુટરનો અંદાજીત ખર્ચ ૧૦૦ અબજ ડોલર હશે, પરંતુ પ્રોજક્ટ પુરો થતાં સુધીમાં તે રકમ વધીને ૧૧૫ અબજ ડોલરને વટાવી શકે છે. સુપર કમ્પ્યુટર પ્રોજેક્ટ માઈક્રોસોફ્ટ અને ઓપન AI છેલ્લા ઘણા સમયથી કામ કરી રહ્યા છે. આ બંનેના સંયુક્ત પ્રોજક્ટના પાંચ તબક્કા છે. સ્ટારગેટ પ્રોજેક્ટ પાંચમો તબક્કો છે.

ઓપન AI માટે માઈક્રોસોફ્ટે ચોથા તબક્કાનું થોડું કામ કરી આપ્યું હતું. પ્રોજેક્ટના પહેલાં બે તબકકમાં AI ચિપ્સની જરૂર પડી હતી. આ ચિપ્સ ખૂબ મોંઘી પડે છે. આવી ચિપ



બનાવનાર કંપની એનવિડીયાના સીઈઓએ કહ્યું હતુંકે બ્લેકવેલ બી-૨૦૦ તરીકે ઓળખાતી ચીપ્સ ૩૦થી ૪૦,૦૦૦ ડોલરમાં આવે છે. માઈક્રોસોફ્ટે આવી ચિપ બનાવવા માટે પ્રયાસ કર્યા છે, પરંતુ વર્તમાન સુપર કમ્પ્યુટરના પ્રોજેક્ટ માટે એનવિડીયા કંપની પર આધાર રાખવો પડે છે. વિવિધ સપ્લાયરો પાસેથી ચિપ્સ મેળવવા પ્રયાસ કરાયા હતા, પરંતુ તેમાં કોઈ પ્રગતિ જોવા મળી નહોતી. ચિપ્સના કારણે જ પ્રોજેક્ટની કોસ્ટ વધવાની સંભાવના ઊભી થઈ છે.

'ડેટા ઈઝ કિંગ' કહેવા પાછળનો અર્થ એ છે કે ભવિષ્યમાં ટેકનાલોજી ક્ષેત્રે ભરાતું દરેક પગલું ડેટા આધારિત જોવા મળશે. જે કરેક્ટ ડેટા નહીં હોય અને તેને યોગ્ય રીતે સેવ કરવામાં નહીં આવ્યો હોય તો તે બહુ ઉપયોગી નહીં બની શકે. જો તમારા બિઝનેસને ડેટા આધારિત બનાવવો હશે તો ડેટાને ભાવિષ્ય માટે યોગ્ય રીતે સાચવીને રાખવો પડશે. વિશ્વ અનેક તકોથી ભરેલું છે. યોગ્ય તક શોધવા માટે પણ ડેટાની જરૂર પડશે. કોઈ કંપનીને કોઈ નવી પ્રોડક્ટ લોંચ કરવી હશે તો તેની સરખામણીમાં આવતી અન્ય પ્રોડક્ટના ડેટા મેળવવા પડશે. અરે, તેની નિષ્ફળતાઓના ડેટા પણ મેળવવા પડશે.

હવે જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ આધારીત બિઝનેસ વધ્યા છે એટલે I ડેટા સેન્ટરો પણ વધારવાં પડશે. અનેક દેશો ઈન્ટરનેટ જાયન્ટ કંપનીઓ કેવા પગલાં ભરશે તેના પર નજર રાખી રહી છે.

આગામી ૧૦થી ૧૪ જૂન સુધી યોજાઇ રહેલી એપલ કોન્ફરન્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ આધારીત અનેક પ્રોજેક્ટ વિશે ચર્ચા થશે. દેખીતી રીતે જ આ કોન્ફરન્સમાં છૈં ડેટા સેન્ટર્સ વિશે ચર્ચા પણ થશે. આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રે રોજ નવાં સંશોધનો થઈ રહ્યાં છે. અનેક AI કંપનીઓ રોજ કંઈક ઉપયોગી સંશોધન કરી રહી છે. ફાયનાન્સ ક્ષેત્રે સૌથી વધુ નવાં સંશોધનો થઈ રહ્યાં છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં છૈં સંશોધનો પાછળ તોતિંગ રોકાણ થઈ રહ્યું છે. AIની સ્કિલ ધરાવતા પ્રોફેશનલ્સની મોટી ડિમાન્ડ ઊભી થઈ છે. નાની કંપનીઓ ડેટા સ્ટોરેજ વેચીને આવક કરી શકે છે. AIનો બેઝ એટલે કે વપરાશકારો વધશે તેમ સૌ કોઈ ડેટા એકત્રિત કરવાનો પ્રયાસ કરતાં જોવા મળશે.

માઈક્રોસોફ્ટ અને ઓપન છૈંના સુપર કોમ્પ્યુટર પ્રોજક્ટને અમેરિકાની અન્ય આઈટી જાયન્ટ કંપનીઓ સપોર્ટ કરી રહી છે. માઈક્રોસોફ્ટ અને ઓપન એઆઈ બંને ડેટાનું મહત્ત્વ સમજે છે, માટે ૧૦૦ અબજ ડોલર જેવું જંગી રોકાણ કરીને સંશોધનને આગળ વધારી રહ્યા છે.

# પહેલાં ડેટા ડીલીટ કરો પછી જૂનાં કમ્પ્યુટર-મોબાઈલ વેચો

જૂના મોબાઈલ ફોન, લેપટોપ કે ટેબલેટ વગેરે વેચવા ભલે આસાન હોય, પરંતુ તેને કાઢી નાખતાં પહેલાં કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. મોટા ભાગના લોકો જૂના ફોન, લેપટોપ વગેરે ઉપકરણો વેચીને હાશકારો અનુભવે છે, કેમ કે તેમને નવું વર્ઝન કે લેટેસ્ટ મોડલ ખરીદવાની તાલાવેલી હોય છે. ધ્યાન રહે, જો તમારા જૂના ફોન કે લેપટોપના ડેટા કોઈ ચાલાક માણસના હાથમાં આવી જાય તો તેનો દુરૂપયોગ કરી શકે છે. જૂના મોબાઈલ કે લેપટોપ વેચતા પહેલાં તેની સાથે લિન્ક થયેલાં તમામ એકાઉન્ટ્સ ડીલીટ કરી નાખો. કાં તો તમારી હાર્ડ ડ્રાઈવ કાઢી નાખો અથવા તો તેને ડીલીટ કરો. કોઈ ફાઈલમાં કે અન્યત્ર સિરીયલ નંબર લખ્યો તો તેને પણ ડીલીટ કરો. ડિજિટલ સિસ્ટમ સાથે સંકળાયેલા અનુભવી લોકો એમ કહે છે કે વર્ષોથી તમે કોઈ ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ વાપરતા હો ત્યારે તેને વેચવાના બદલે ડિસ્પોઝ કરવાનું વિચારવું જોઈએ. કોઈ પણ હાર્ડવેર ડિસ્પોઝ કરતાં પહેલાં તેના ડેટાનો બેકૂઅપ લઈ લેવો જોઈએ. આ ડેટાને પેન ડ્રાઈવમાં લઈ શકાય. જો ડેટા વધુ હોય તો તેને અન્યત્ર શિફ્ટ કરી શકાય છે.

લેપટોપમાં રહેલાં તમામ એકાઉન્ટ કે એપ્લિકેશન્સમાંથી લોગઆઉટ થઈ જવું અને ડેટા વાઈપિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરીને હાર્ડ ડ્રાઈવમાં રહેલા ડેટાને વાંચી ના શકાય એવો કરી નાખવો જોઈએ. જૂની ટેકનોલોજી ધરાવતી ડિવાઈસ જેવી કે મોબાઈલ ફોન, લેપટોપ, ડેસ્ક ટોપ વગેરેમાં વર્ષોની માહિતી ભરેલી હોય છે. કેટલાક લોકો બેકઅપ ડેટાને ડીલીટ કરે છે, પરંતુ તે બહુ આસાન ઉપાય નથી. આ ડેટાને ક્લાઉડ સર્વિસ કે હાર્ડ ડ્રાઈવ પર સેવ કરી શકાય છે. તમારું હાર્ડવેર વેચતા પહેલાં તેનો ડેટા યોગ્ય જગ્યાએ શિફ્ટ કરવો જરૂરી છે. ડિવાઈસ પરના તમામ આઈડી અને યુઝર્સ એકાઉન્ટને ડીલીટ કરો અને જુદાં જુદાં એકાઉન્ટમાંથી લોગઆઉટ થઈ જાઓ. કમ્પ્યુટર સાથે ક્યારેક ઘણી ડિવાઈસીસ જોડાયેલી હોય છે. હોમ સિક્યોરીટી ડિવાઈસ સાથે સંકળાયેલા ડોરબેલ કેમેરા, આઈપી કેમેરા, સ્માર્ટહોમ ડિવાઈસની લિન્ક દૂર કરવી જરૂરી છે. ફાયનાન્શિયલ અને બેન્કિંગ એકાઉન્ટ વગેરેમાંથી તો ખાસ લોગઆઉટ કરી નાખો અને તેનાં સ્ટેટમેન્ટ્સ પણ ભૂલ્યા વગર ડિલિટ કરો. સૌથી અસરકારક પગલું તો એ જ છે કે તમારા ડિવાઈસની હાર્ડ ડિસ્ક કાઢી નાખો.

કેટલીક કંપનીઓએ પોતાના કર્મચારીઓને લેપટોપ, ડેસ્કટોપ અને મોબાઈલ વગેરે ડિવાઈસીસ આપેલી હોય છે. નવું વર્ઝન આવતાં જૂનાં ઉપકરણો બિનઉપયોગી બની જાય છે અને સ્ટાફને ત્યાં પડયાં રહે છે. જૂના ડેટા મહત્ત્વના હોય છે. તેથી તેના માટે પ્રોફેશનલ ડેટા ડીસ્ટ્રક્શન સર્વિસ ઉપલબ્ધ હોય છે. કેટલાક લોકોના કમ્પ્યુટરમાં પરિવારના સભ્યોના, ફેમિલી ફંક્શનના ફોટાનો ભંડાર હોય છે. નઠારો માણસ આવા ફોટાનો મોર્ફીંગ માટે ઉપયોગ કરીને જે-તે વ્યક્તિને બદનામ કરી શકે છે.

ડિજિટલ ડિવાઈસ વેચવી આસાન છે, પરંતુ તેનો ડેટા સંપૂર્ણપણે ડીલીટ કરવો આસાન નથી હોતો. વપરાશમાં લેવાયેલું ફર્નિચર વેચવું અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસ વેચવી એ બંને વચ્ચે આસમાન-જમીનનો ફર્ક છે. કેટલાક લોકો જૂનાં કોમ્પ્યુટર અને મોબાઈલ પસ્તી કે ભંગારવાળાને વેચી દે છે. ચાલાક પસ્તીવાળા વજનના આધારે પૈસા ચૂકવી દે છે, પણ પછી આ ઈલેક્ટ્રોનિક ચીજો ચોક્કસ જાણકાર લોકોને વેચી મારે છે. આ જાણકાર માણસ ભંગારમાં આવેલાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોને ફંફોસીને તેમાં કોઈ ડેટા છે કે નહીં તે ચેક કરે છે. જો તે ઉપયોગી હોય તો હેકર્સને વેચી મારે છે. બધા ડેટા ઉપયોગી નથી હોતો, પરંતુ તે રી-ચેક થાય છે તે હકીકત છે. ડેટા એક જીવંત વસ્તુ છે. હવે જ્યારે પણ જૂની ઈલેક્ટ્રોનિક ડિવાઈસ કોઈને વેચો કે ભંગારમાં કાઢો ત્યારે ડેટા ડીલીટ કરવા બાબતે અવશ્ય સાવધાની રાખજો, અન્યથા ગંભીર નુકશાન થઈ શકે છે.

# 'મહિલા પોલીસ ઓફિસરે, ભિખારણ પાસે બોમ્બ જપ્ત કર્યો'

મુંબઈ થી આવેલ સામાજિક કાર્યકર સાધના મહેતાએ ચાર રસ્તાના સિગ્નલ માં કપડા ના ડૂચા ને બાળકની જેમ સાંભળીને ફરતી પાગલ કનીનાં વિશે લોકલ કાર્યકર રેણુ પરમાર ને પૂછ્યું કે રેણુ,આ દીકરીની આવી દશા ક્યાં કારણોસર થઈ છે? એના હાથ માનાં કપડાના ડૂચા ને કેમ છોડતી નથી? રેણુ પરમાર એ વર્ષો પહેલા બનેલ ઘટના વર્ણવતા કહ્યું:

નેતાજી ના અમદાવાદ માં રોડ શો નો શોર હિન્દી,ગુજરાતી મીડિયામાં સતત બેત્રણ દિવસ થી ગુંજતો આપે સાંભળ્યો હશે......રોડ શો માટેની ખાસ તૈયારી કોર્પોરેશન તરફ થી કરવામાં આવી હતી. રોડ શો નો રૂટ એરપોર્ટ થી શરૂ થઈને શિવરંજની થી ઈસ્કોન ને ત્યાંથી નેતાજી સીધા ગાંધીનગર રવાના થવાના હતા. પરંતુ અચાનક આગલા દિવસની મોડી રાત્રે આવનાર ચૂંટણીમાં ખાસ વર્ગના ગરીબ લોકોને આકર્ષવા માટે રોડ શો નો રૂટ એરપોર્ટ થી સીધા નરોડા,મણિનગર,કાકરિયા તળાવ,ચંડોળા તળાવ વગેરે વિસ્તાર નક્કી કરવામાં આવ્યો. તૈયારીઓ માટે સમય ખૂબ ઓછો હતો એટલે સવાર પડતા જ કોર્પોરેશનની ટીમ પોલીસ સાથે રોડ શો ના રુટ ની સાફ સફાઈના સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ સાથે નીકળી પડી.દરરોજ નું કમતાને અત્યંત ગરીબ ફૂટપાથ પર નાના બાળકો સાથે જીવન વ્યતીત કરનારા પર પોલીસ ડંડા ઓ ફેરવીને ખાલી કરાવવા લાગી. કની ને આગલા દિવસે કામ અને ભીખ મળી નહતી એટલે કાળું ભૂખ્યો થયો હશે એમ વિચારીને એના બે બાળકોને કોથળા નીચે સંતાડીને સૂર્ય ઊગે એ પહેલા રોડ સાઈડ ના નજીકના બંગલામાં ભીખ માંગવા નીકળી ગઈ.કની એ ભીખ માંગવા જતાં પહેલા એના 8વર્ષના નાનકડા દીકરા કાળું ને ત્રણ મહિનાની દીકરી સોંપતા સમજાવ્યું હતું કે હું 15મિનિટ માં ખાવાનું લઈને આવું છું તારુ અને બહેનનું ધ્યાન રાખજે..આવું એટલે ફટાફટ અન્ય જગ્યા એ જવા નીકળી જઈશું.બહેન કલાક સુધી જાગશે નહિ એટલે ચૂપચાપ કોથળાની અંદર બહેનને સાચવીને બેઠજે.

સૂર્ય નારાયણ ના કિરણો ભૂમિ પર પડતાં ની સાથેજ ધીમી ઝડપે આશરે 20થી 25 જેટલા હિરો હોન્ડા માં સવાર પાર્ટી કાર્યકરો શહેરના કાળા ચળકાટ મારતા ડામરના રોડ પરથી લાઈનબંધ પાર્ટી નો નારો બુલંદ કરતા નીકળ્યા. હિરો હોન્ડા સવાર ની પાછળ બેઠેલાના પ્રત્યેક યુવાનના હાથમાં ઝંડો પકડેલો હતો. દેશભક્તિના ગીતો ના સુરમાં ઝંડો હવામાં ફરકી રહ્યો હતો.હિરો હોન્ડા ચાલકની પાછળ બેઠેલ વ્યક્તિઓ ખાદીના સફેદ દૂધ જેવા કફની લેંઘા અને ભાલ પંથક ની પાઘડીમાં રોડ શો ની ભવ્યતા વધારી રહ્યા હતા.

પાઘડીની બરોબર વચ્ચે પાર્ટીનું નિશાન એવી રીતે ચિપકવ્યું હતું કે દૂરથી રોડ શો જોનાર ને પણ કઈ પાર્ટીની રેલી નીકળી છે એ વિશે સ્પષ્ટ જાણકારી મળે.હોન્ડાની રેલી થી થોડા જ અંતરે એની પાછળ પાછળ અત્યંત મોંઘી દાટ આશરે 50સેક જેટલી કાળા કલરની એસ,યુ,વી કાર નો કાફલો ધીમી ગતિએ આવી રહીયો હતો. રોડ શો પસાર થવાનો હતો એ પહેલા જ ટ્રાફિક બંધ થઈ ગયો હતો.ફૂટપાથ થી બી. આર.ટી.એસ ટ્રેક વચ્ચેના રોડ પર આમ જનતાની એકઠી થયેલ ભીડ અને મીડિયા નો જમાવડો દેખાઈ રહ્યો હતો.. હાય ફાય રોડ શોને જોવા રોડ પર અસંખ્ય લોકોની ભીડની જમાવટ થઈ ગઈ હતી.પબ્લિકમાં લોકોનો રસ માત્ર ને માત્ર આટલા બધા વાહન માંથી એક કાર ની અંદર બેઠેલ 'નેતાજીને' પ્રત્યેક્ષ જોવાનો હતો.આમ જનતા ને નેતાજીના સાદગી ભર્યા ઉચ્ચ વિચારો માટે ભારો ભાર માન સન્માન હતું પરંતુ નેતાજી ને 20 ડિગ્રી કાર ના એ. સી માં પણ લોકોની ભીડ જોઈને 45ડિગ્રી જેવી ગરમી લાગતી હતી.એને જોવા માટે જનમેદની ઊમટી હતી છતાંય એણે એની ભવ્ય કારની કાચ ની બારીઓ બંધ કાચ માંથી હાથ જોડીને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.

નેતાજીના રોડ શો ખાસ તો આવનાર ચૂંટણી પ્રચાર માટેનો વધારે હતો...હકીકતમાં આવા રોડ શોનાં કારણે સૌથી વધારે હેરાનગતિ એ ફૂટપાથ પર જીવતા ગરીબ લોકોની સમસ્યામાં વધારો કરતા હોઈ છે.પણ આમ પબ્લિક ના પ્રશ્નને વાચા નથી મળતી હોતી.. વળી નેતાજીઓ ખુદ એવું વિચારતા હોઈ છે કે એના રોડ શો દરમિયાન ભૂલથી પણ ઈન્ટરનેશનલ મીડિયામાં ભારત ની ગરીબી



રોડ શો

- રુપાલી દવે

દેખાવી જોઈએ નહિ.ભૂલથી મીડિયામાં ગરીબી દેખાઈ નહિ એટલે તાત્કાલિક ફૂટપાથ પરના ગરીબોનું માત્ર એક દિવસનું જીવન નર્ક સમાન કરી નાખે છે.પરંતુ ક્યારેય દેશ માંથી ગરીબી દૂર કરવા માટે ચોક્કસ પગલાં લેશે નહિ. સરકારી ચોપડે તો ફૂટપાથ પર જીવતા ગરીબો માટે અસંખ્ય કામો થયેલા વાચી શકાય છે.. પરંતુ એ કામો ગરીબ સુધી પોહચતાં જ નથી. આવા બધા લોકહિતના કામો એ ગરીબ લોકોની મજાક થી વિશેષ કશુંય નથી હોતું. ગરીબો ની યોજના નું બજેટ એના સુધી પોહચે એ પહેલા જ અદ્રશ્ય થઈ જાય છે.

નેતાજીના રોડ શો ના કારણે પોલીસે એકાએક રસ્તો બંધ કરી દિધો ગયો..માત્ર 10 મિનિટ માં ભીખ મળતાની સાથેજ કની હર્ષભેર દોડીને જ્યાં બાળકો છુપાવ્યા હતા ત્યાં આવી. પરંતુ અંદર જવાના રસ્તા આડે બેરિકેટ લગાવ્યા હોવાના કારણે એ બીજા રસ્તે થી લપાતી છુપાતી બાળકો આગળ જઈ રહી હતી. ત્યાં જ મહિલા પોલીસે આવીને પાછળથી એના બરડા પર સોટી ફટકારતાં કહ્યું કે કેમ અંદર જા છો? જોતી નથી બરિકેટ લગવ્યા છે.. કની બે હાથ જોડીને મહિલા પોલીસ આગળ કરગરીને રડતા રડતા કહ્યું કે મને પાંચ મિનિટ આપો હું હમણાં જ દોડી ને મારા બાળકો ને લઈને નીકળી જઇશ.મહિલા પોલીસ ને દયા આવતા કહ્યું કે જા જલદી જઈને લઇ આવ,હર્ષભેર કની બે ત્રણ ડગલાં ચાલી હશે ત્યાં જ મહિલા પોલીસે કની ના હાથમાંનું ભીખમાં મળેલું લાલ કલરનું લંચ બોક્સ જોઈને એને પકડીને એ કશુંય સમજે એ પહેલા એને પોલીસવાન માં બેસાડી દીધી. 'લાલ લંચ બોક્સમાં બોમ્બ' નાં મામલા હેઠળ રાત સુધી પોલીસ કસ્ટડી માં નાખી દીધી..

દિવસભર દેશ વિદેશના મીડિયાની મુખ્ય હેડ લાઈન અને બ્રેકિંગ ન્યુઝ બન્યું 'લાલ કલરના લંચ બોક્સ માં બોમ્બ' નેતાજીના રોડ શો માં એને ઉડાડી દેવાનું વિદેશી કાવતરું.

'મહિલા પોલીસ ઓફિસરે લાલ લંચ બોક્સ માં બોમ્બ જપ્ત કર્યો, વિચારો કે ભિખારણ પાસે બોમ્બ આવ્યો કેવી રીતે? શું પાકિસ્તાની અજેન્ટ ભિખારણ ના વેશમાં રોડ શોની રેકી કરતી હશે? વગેરે વગેરે...'

ભિખારણ ના 'લાલ લંચ બોક્સમાં બોમ્બ' ના મુદ્દે નેતાજી નો રોડ શો દુનિયાભર માં હિટ થઈ ગયો.નેતાજી એ પણ ચૂંટણી પ્રચારના કાર્યક્રમો માં પડોશી દેશની સાજિશ વાળી ગેમ ખૂબ ગજાવી ને બમ્પર બહુમતી સાથે ફરી તખ્ત મેળવી લીધો..પરંતુ નેતાની જીત બદલ કની એ એના જીવનમાં શું ગુમાવ્યું હતું? કનીની ત્રણ મહિના ની દીકરીને સવારથી રાત સુધી માનું દૂધ ના મળતા તરફડીને મરી ગઈ, ને દીકરો કાળું આગલી રાતનો ભૂખ્યો તરસ્યો નાનકડી બહેનને ખોળામાં લઈને માં ની રાહ જોઈ જોઈને બેઠા બેઠા જ માં આવે એ પહેલા મૃત્યુ પામ્યો.રોડ શો પસાર થઇ ગયા બાદ મહિલા પોલીસે 'લાલ લંચ બોક્સ' ખોલ્યું તો એમાં આગલી રાતની વાસી રોટલી અને વાસી શાક હતું..પોતાની ભૂલ સમજાઈ એટલે મહિલા પોલીસે કની ને જેલ માંથી મુક્ત તો કરી દીધી. જેલ માંથી મુક્ત થતાંજ દિવસભરના બાળકો નાં વિયોગમાં સવાર થી રાત સુધી તડફતી કની દોડતી દોડતી એના બાળકો પાસે ગઈ ને બાળકો ને મૃત હાલતમાં જોયા ત્યારે મરણચીશ પાડીને ત્યાજ બેહોશ થઈને પડી ગઈ.મીડિયા વાળા અને પોલીસનું ધ્યાન જતાં કનીને સરકારી હોસ્પિટલમાં ભર્તી કરી દીધી ને મૃત બાળકો ને દફનાવી મામલો રદેફદે કરી નાખ્યો હોસ્પિટલમાં સારવાર બાદ નીકળેલી કની એના બાળકોના વિયોગ માં કાયમ માટે ગાંડી થઈ ગઈ...

સમાજિક કાર્યકર સાધના મહેતાએ જ્યારે લોકલ સામજિક કાર્યકર રેણુ પરમાર પાસેથી કનીના જીવનની સચ્ચાઈ સાંભળી ત્યારે એની આંખો માંથી આંસુઓ વહેવા લાગ્યા. કની, સાધના મહેતાની આંખ માંથી વહેતા આંસુઓને જોઈને હસ્તા હસતાં તાળીઓ પાડીને બોલી ઉઠી 'દીદી પાણી મફત મળે છે, આંખ માંથી કેમ વહેડવો છો?'

સાધના મહેતાના અંતર મન એ એને સવાલ પૂછ્યો કે કની એ એના બાળકો ગુમાવ્યા એના કારણે ગાંડી થઈ ગઈ છે એ સત્ય છે.પરંતુ એણે એના બાળકો ગુમાવ્યા એમાં ભૂલ કોની નેતાજીના રોડ શોની કે ખુદ કનીની?.મન બોલ્યું તું જાણે છે શહેરની મૂર્ખ અને સમસ્યા થી દુર ભગનાર પ્રજા તો 'કની ' ને જ બેજવાબદાર માને છે.કહે પણ છે કે માં થઈને આમ બાળકોને રેઢા મુકાઈ...' સાધના મહેતા આકાશ સામુ જોઈને બોલી કે:

**"નાં પૂછશો કોઇ આસમાન ને કે,**
**રંગ તારો બદલાઇ છે કેમ?નિત્ય,**
**મળશે જવાબ દર્દ ભર્યો એનો કે,**
**દર્દમાં થઇ જાવ કાળો વાદળોથી,**
**દુઃખમાં રડી પડું અનરાધાર વરસીને"**

મિત્રો,ગરીબ માણસો પર બધું વિતે છે ત્યારે એની ગંભીરતા કોઈને નથી સમજાતી.લાખો લોકોની જીંદગીઓ સિસ્ટમ ની ખામીના કારણે મૃત્યુ સુધી ફૂટપાથ પર ગુજરતી હોઈ છે.એ દેશની મોટામાં મોટી સમસ્યા છે પરંતુ ભ્રષ્ટાચાર એ માણસોના હદય અંદર થી ખોખલા કરી મુક્યા છે.પાગલ કનીને લૂગડાંના પોટકાને છાતી સરસી ચાંપીને સિગ્નલમાં ફરતી તમે જોશો તો સમજાશે કે માનવતા દુનિયા માંથી હમેશાં માટે હારી ચૂકી છે....દુનિયાના સમૃદ્ધ દેશમાં ક્યાંય ફૂટપાથ પર વસતા લોકો નજરે પડશેનહિ એનું કારણ એ નથી કે ત્યાં ગરીબી નથી.ત્યાં પણ ગરીબી છે પરંતુ ભીખ માંગવાની છૂટ નથી.સામન્ય આવક થી ઓછી આવક વાળા લોકો માટે ખાસ સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે.એ લોકોને જેમાં રુચિ હોઈ એ પ્રકારના કામ શીખવવામાં આવે છે. જ્યાં સુધી એ પગભર ના થાય ત્યાં સુધી ત્યાંની સરકાર એનો રહેવા જમવા નો ખર્ચ ઉઠાવે છે.આપણા બધાથી દેશની સિસ્ટમ તો ચેન્જ થશે નહિ પરંતુ મારું માનવું છે કે રેકડીઓ માંથી ખરીદી કરતી વખતે બને તો ભાવતાલ કરશો નહિ..હાથ લંબાવ નારની કાઈ ને કઈ મજબૂરી હોઈ છે તમારી શકતી પ્રમાણે આપશો તો ભગવાન ચોક્કસ ખુશ થઈ જશે.

# કભી ખુશી કભી ગમનું ઓવરબજેટ હતું રૂ. 30 કરોડ



## નિખિલ અડવાણી બોલ્યો, યશ જોહરે પૈસા ખતમ થતાં તેમના મિત્ર પાસે મદદ માગી...

(એજન્સી) મુંબઇ | 2001માં રિલીઝ થયેલ ફેમિલી ડ્રામા 'કભી ખુશી કભી ગમ'ની ગણના તે સમયની સૌથી મોંઘી ફિલ્મોમાં કરવામાં આવી હતી. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, શાહરુખ ખાન, કાજોલ, હૃતિક રોશન અને કરીના કપૂર જેવા કલાકારો સાથે જોવા મળ્યા હતા. આ ફિલ્મ કરન જોહર દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી અને તેના પિતા યશ જોહર તેના નિર્માતા હતા. હવે ફિલ્મ કમ્પેનિયનને આપેલા એક ઇન્ટરવ્યુમાં, નિખિલ અડવાણી, જે ફિલ્મના સહાયક નિર્દેશક હતા, તેમણે તેની સાથે જોડાયેલી કેટલીક વાતો શેર કરી હતી. નિખિલે જણાવ્યું કે જ્યારે આ ફિલ્મ નિર્માતા યશ જોહરને પ્રસ્તાવિત કરવામાં આવી ત્યારે તેનું બજેટ 24.50 કરોડ રૂપિયા હતું, પરંતુ જ્યારે આ ફિલ્મ બની ત્યારે તેનું બજેટ 54.50 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. નિખિલે વધુમાં જણાવ્યું હતું કે, 'બજેટ સાંભળ્યા પછી યશજીએ કાગળ પર કંઈક લખ્યું હતું. તેમણે તેમને ફોલ્ડ કરીને ખિસ્સામાં મૂક્યો અને કહ્યું - ઠીક છે, એક ફિલ્મ બનાવો. વર્ષ 2000માં 24.5 કરોડના બજેટવાળી ફિલ્મ બનાવવી એ મોટી વાત હતી. સારું, અમે શૂટિંગ શરૂ કર્યું અને પહેલા દિવસે અમે આખી સ્ટાર કાસ્ટ, 200 ડાન્સર્સ અને 300 જુનિયર કલાકારો સાથે 'બોલે ચૂડિયાં' ગીત શૂટ કર્યું હતું.

નિખિલે વધુમાં જણાવ્યું હતું કે, 'અમે ફિલ્મીસ્તાન સ્ટુડિયોમાં સેટ સેટ કર્યો હતો. તે સમયે સ્ટુડિયોમાં 10 માળ હતા અને તે બધાને ધર્મા પ્રોડક્શન દ્વારા ભાડે રાખવામાં આવ્યા હતા. આ સ્થિતિમાં કેટલાક દિવસોથી ફિલ્મીસ્તાન સ્ટુડિયો ધર્મ સ્ટુડિયો બની ગયો હતો.

યશ જોહરની ઑફિસ પહેલા માળે હતી, HODની ઑફિસ બીજા માળે હતી અને અમે માત્ર જમવા માટે એક માળ બુક કર્યો હતો. અમે ત્યાં મેક-અપ રૂમમાં પણ કલર કર્યો હતો, બાથરૂમ ફરીથી બનાવ્યા, ફ્રીજ, કેબલ, ટીવીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### આ ફિલ્મનું ઓવરબજેટ 30 કરોડ રૂપિયા હતું

નિખિલે વધુ વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, 'આ પછી, એક દિવસ યશજી મને સેટની બહાર મળ્યા. તેમણે મને પૂછ્યું કે શું મને યાદ છે કે અમે ફિલ્મ માટે કેટલું બજેટ ફાઈનલ કર્યું હતું? મેં યશજીને કહ્યું કે સેટ પર ઘણો તણાવ છે અને મારે ઘણી બધી વસ્તુઓ તપાસવી છે, તેથી મને યાદ નથી.

યશજીએ ફરી તે કાગળ મારી સામે કાઢ્યો અને કહ્યું - 'અમે આખી ફિલ્મ માટે 3 કરોડ રૂપિયાનું આર્ટ બજેટ ફાઈનલ કર્યું હતું અને તમે આ એક સેટ પર 3 કરોડ 60 લાખ રૂપિયા ખર્ચ્યા છે.' આ પછી યશજીએ તે કાગળ ફાડી નાખ્યો અને કહ્યું- હવે જાઓ અને આ ફિલ્મ બનાવો.

### આ ફિલ્મ રિલીઝ કરવી પણ મુશ્કેલ હતી:નિખિલ

નિખિલે આ ઉન્ટરવ્યુમાં એ પણ જણાવ્યું કે માત્ર પ્રોડક્શનનો ખર્ચ જ નહીં, આ ફિલ્મની રિલીઝ દરમિયાન પણ ઘણો સંઘર્ષ થયો હતો. નિખિલે જણાવ્યું કે આ ફિલ્મની ડીલ છેલ્લી ક્ષણે એક મોટા સ્ટુડિયો સાથે ફાઈનલ થઈ શકી નથી. આ પછી યશજીએ તેમના એક વિશ્વાસુ નજીકના વ્યક્તિ સાથે પણ વાત કરી. મતેણે કહ્યું, 'મારી પાસે પૈસા નથી. મેં ઘણા પૈસા ખર્ચ્યા છે અને મને તમારી મદદની જરૂર છે. જો કે, તે સહયોગીએ પણ ફિલ્મ રિલીઝ કરવા માટે મદદ કરી ન હતી. બાદમાં યશ જોહરે પોતે 17.5% રિફંડપાત્ર કમિશન પર આ ફિલ્મનું વિતરણ કર્યું.

### 'K3G' એ વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી

2001માં રિલીઝ થયેલી ફિલ્મ 'કભી ખુશી કભી ગમ'એ દુનિયાભરમાં 135 કરોડ 53 લાખ રૂપિયાની કમાણી કરી હતી. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. આ પછી 'ગદરઃ એક પ્રેમ કથા' 133 કરોડ રૂપિયાના કલેક્શન સાથે આ લિસ્ટમાં બીજા સ્થાને હતી અને 'લગાન' રૂપિયા 65 કરોડના કલેક્શન સાથે ત્રીજા સ્થાને હતી.

# અંબા વાઘણ માટે પ્રિયંકા દ્વારા વોઈસ ઓવર

### પ્રિયંકાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં દીપિકા પાદુકોણને ટેગ કરતાં અનેક અટકળો



(એજન્સી) મુંબઇ | પ્રિયંકા ચોપરાની આગામી ફિલ્મ 'ટાઈગર' ઓટીટી પર રીલિઝ થવાની છે. જોકે, આ ફિલ્મમાં પ્રિયંકા એક્ટિંગ કરવાની નથી પરંતુ અંબા નામની વાઘણ માટે વોઈસ ઓવકર કરી રહી છે. પ્રિયંકાએ જાતે આ ફિલ્મની રીલિઝ વિશે જાહેરાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે ફિલ્મમાં અંબા નામની વાઘણની વાત છે. જે પોતાના બચ્ચાઓને પ્રેમથી ઉછેરે તેને અન્ય જનાવરો તથા જંગલના પડકારોથી સુરક્ષિત પણ રાખે છે. માતા તથા સંતાનનું બોન્ડિંગ આ ફિલ્મમાં જોવા લાયક છે. દરમિયાન આ ફિલ્મની જાહેરાતમાં પ્રિયંકા ચોપરાએ અભિનેત્રી દીપિકા પાદુકોણને પણ ટેગ કરી છે તેનાથી અનેક અટકળો વ્યક્ત થઈ રહી છે. દીપિકા આ પ્રોજેક્ટ સાથે કોઈ રીતે સંકલાયેળી નથી. પ્રિયંકાનું પોતાનું ફેન ફોલોઈંગ એટલું જબરદસ્ત છે કે તેણે પોતાના પ્રોજેક્ટના પ્રચાર માટે અન્ય કોઈ હિરોઈનના નામનો ટેકો લેવાની જરુર નથી.

# આર્યન ખાન બ્રાઝિલની એક્ટ્રેસને ડેટ કરી રહ્યો હોવાની ચર્ચા થઇ રહી છે...



(એજન્સી) મુંબઇ | શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન પોતાની વેબ સીરીઝના શૂટિંગમાં વ્યસ્ત છે ત્યારે તેના ડેટિંગના સમચાર આવી રહ્યા છે. એક સોશિયલ મીડિયા યૂઝરે દાવો કર્યો છે કે, આર્યન બ્રાઝીલિયન એક્ટ્રેસ લારિસા બન્સીને ડેટ કરી રહ્યો છે.

લારિસા આર્યનથી સાત વર્ષ મોટી હોવાનું કહેવાય છે. તે તેની ક્લોથિંગ બ્રાન્ડના પ્રચારમાં જોવા મળી હતી. આર્યન ઈન્સ્ટાગ્રામ પર લારિસાના સમગ્ર પરિવારને ફોલો કરે છે. તેણે લારિસાની માતાને બર્થ ડે ગિફ્ટ પણ મોકલી હતી.

લારિસા એ અક્ષય કુમારની 'દેસી બોયઝ 'ફિલ્મના ગીત સુબહ હોને ના દેમાં કામ કર્યું છે. આ ઉપરાંત તે સાઉથની કેટલીક ફિલ્મો તથા મ્યુઝિક વીડિયોમાં પણ દેખાઈ ચૂકી છે. લારિસા તાજેતરમાં મુંબઈ આવી હતી ત્યારે આર્યને તેને એક જેકેટ પણ ગિફ્ટ કર્યું હતું. તે પછી બંનેનાં ડેટિંગની અફવાઓ શરુ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે આર્યનની બહેન સુહાના અમિતાભ બચ્ચનના દૌહિત્ર અગત્સ્ય નંદાને ડેટ કરતી હોવાનું કહેવાય છે. બંનેએ 'આર્ચીઝ' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું તે પછી તેમનાં ડેટિંગની ચર્ચા શરુ થઈ હતી.

# 'હું બાળકને જન્મ આપી શકતી ન હોતી તો...' : રૂબીના દિલાઈક

### ઘણી તકલીફો હતી જેના કારણે તે ગર્ભ ધારણ કરી શકતી ન હતી:રૂબીના

### હું ખૂબ જ નિરાશ રહેતી હતી અને એક દિવસ અચાનક પ્રેગ્નેન્ટ થઈ



મુંબઇ | રૂબીના દિલાઈક ટીવીની નાની વહુ બનીને દરેક ઘરમાં લોકપ્રિય બની હતી. ત્યાર બાદ તે ટીવીના ફેમસ રિયાલિટી શો 'બિગ બોસ 14'ની વિનર બની હતી. થોડા સમય પહેલા રૂબીનાએ જોડિયા બાળકીઓને જન્મ આપ્યો છે. આ દિવસોમાં તે તેના માતૃત્વનો ખૂબ આનંદ માણી રહી છે.

હાલમાં જ ટીવીની નાની વહુ રૂબીના દિલાઈકે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તે ગર્ભ ધારણ કરી શકતી ન હતી. તેમના માટે સંતાન પ્રાપ્ત કરવું ખૂબ મુશ્કેલ બની ગયું હતું.

રૂબીનાએ પોતે કહ્યું હતું કે તેને ઘણી તકલીફો હતી જેના કારણે તે ગર્ભ ધારણ કરી શકતી ન હતી. આવી સ્થિતિમાં હું ખૂબ જ નિરાશ રહેતી હતી. હું ખૂબ જ સ્ટ્રેસ ફીલ કરતી હતી અને એક દિવસ અચાનક પ્રેગ્નેન્ટ થઈ અને મને ખૂબ જ આશ્ચર્ય થયું ખુબ જ ખુશ થઈ હતી. બધું ભગવાનની કૃપાથી જ બન્યું છે.

રૂબીનાએ કહ્યું હતું કે, હું કંઈ સમજી શકતી ન હતી પરંતુ અભિનવે મને પૂરો સાથ આપ્યો હતો. તે દરેક મુશ્કેલીમાં મારી સાથે ઉભો રહ્યો. તેણે મારી ખૂબ કાળજી લીધી હતી. અભિનવે મારા સ્વાસ્થ્ય અને મારા હેલ્થી ડાયટનું પણ ધ્યાન રાખ્યું હતું. તેણે મને ખૂબ સપોર્ટ કર્યો હતો.

રૂબીનાએ આગળ કહ્યું હતું કે, જ્યારે પ્રેગ્નન્સી દરમિયાન મારો અકસ્માત થયો ત્યારે અમે બંને તણાવમાં હતા. તે તબક્કો અમારા માટે ખૂબ જ મુશ્કેલ હતો પરંતુ પછી બધું સારું થઈ ગયું હતું. અત્યારે હું બે જોડિયા દીકરીઓની માતા છું. અભિનવ એક સારા પિતા છે અને અમે માતા-પિતા બનવાની જવાબદારી નિભાવી રહ્યા છીએ.

# ક્રિતી સેનન સાક્ષી ધોનીના કઝીનને ડેટ કરી રહી છે! કબીર કરોડપતિ કુલજિન્દર બહિયાનો પુત્ર છે



મુંબઇ | અભિનેત્રી ક્રિતી સેનન વિશે એવી ચર્ચા છે કે તે આ દિવસોમાં યુકે સ્થિત એનઆરઆઈ કબીર બહિયાને ડેટ કરી રહી છે. અભિનેત્રીએ હાલમાં જ હોળી સેલિબ્રેશનની કેટલીક તસવીરો શેર કરી હતી, જેને જોયા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા છે કે તે કબીર સાથે રિલેશનશિપમાં છે.

અગાઉ, ક્રિતીનો તેની લંડન ટ્રિપનો ફોટો પણ વાઈરલ થયો હતો જેમાં તે એક મિસ્ટ્રી મેનનો હાથ પકડેલી જોવા મળી હતી. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે વ્યક્તિ કબીર હતો.

રિપોર્ટ્સનું માનીએ તો કબીરની ઉંમર 24 વર્ષ છે. તેનો જન્મ 1999માં ઈંગ્લેન્ડના સમરસેટમાં થયો હતો.

કબીર યુકે સ્થિત કરોડપતિ કુલજિંદર બહિયાનો પુત્ર છે. કુલજિન્દર યુકે સ્થિત ટ્રાવેલ એજન્સી સાઉથોલ ટ્રાવેલના સ્થાપક છે.

કબીર ક્રિકેટર એમએસ ધોનીના પરિવારના સભ્ય છે. તે ધોનીની પત્ની સાક્ષીનો પિતરાઈ ભાઈ છે. કબીર પોતે સ્કૂલ લેવલનો ક્રિકેટર રહી ચૂક્યો છે. તે સોશિયલ મીડિયા પર અવારનવાર ક્રિકેટરો સાથેના ફોટા શેર કરે છે. આ પહેલા પણ ક્રિતી અને કબીર ઘણી પાર્ટીઓમાં સાથે જોવા મળ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે ક્રિતીની બહેન નૂપુર સેનન હતી જેણે અભિનેત્રીને કબીર સાથે પરિચય કરાવ્યો હતો.

ગયા વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં ક્રિતીના દુબઈ વેકેશન દરમિયાન યોજાયેલી પાર્ટીમાં બંને પહેલીવાર મળ્યા હતા. આ પાર્ટીમાં એમએસ ધોની પણ પત્ની સાક્ષી સાથે હાજર રહ્યો હતો. ક્રિતીની બહેન નૂપુર અને તેનો બોયફ્રેન્ડ સ્ટીવિન બેન ધોની અને સાક્ષી સાથે સારા સંબંધ ધરાવે છે. નૂપુરે જ આ પાર્ટીમાં ક્રિતીને સાક્ષીના પિતરાઈ ભાઈ કબીર સાથે પરિચય કરાવ્યો હતો.

# રણવીર એરપોર્ટ પર સ્પોટ થયો

### યુઝર્સે સોશિયલ મીડિયા પર આપ્યું જોરદાર રિએક્શન; કહ્યું, 'એક્ટર ડોન-3નો લુક છુપાવી રહ્યો છે...'



(એજન્સી) મુંબઇ | બુધવારે સવારે રણવીર સિંહ મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો. રણવીર તેના ચહેરા પર માસ્ક સાથે વિન્ટર આઉટફિટ પહેરેલો જોવા મળ્યો હતો. રણવીરના આ લુકને જોઈને યુઝર્સ સોશિયલ મીડિયા પર જોરદાર રિએક્શન આપી રહ્યા છે. યુઝર્સનું કહેવું છે કે, કદાચ રણવીર તેની આગામી ફિલ્મ 'ડોન 3'નો લુક જાહેર કરવા નથી માગતો. લોકોનું કહેવું છે કે રણવીરે પોતાનો લુક છુપાવવા માટે માસ્કનો સહારો લીધો હતો.

'ડોન 3'માં રણવીરની કાસ્ટિંગથી ફેન્સ બહુ ખુશ નહોતા. પરંતુ હવે લોકોમાં ફિલ્મને લઈને ઉત્તેજના વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. આ ફિલ્મનું નિર્દેશન ફરહાન અખ્તર કરશે. આ ફિલ્મમાં રણવીરની સાથે કિઆરા અડવાણી લીડ રોલમાં જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડોનનો પહેલો ભાગ 2006માં આવ્યો હતો અને તેમાં શાહરુખ ખાન સાથે પ્રિયંકા ચોપરા, અર્જુન રામપાલ અને કરીના કપૂર ખાન જોવા મળ્યા હતા. 'ડોન 2' ની સિક્વલ 2011 માં રિલીઝ થઈ હતી. આ વખતે શાહરુખ ખાનની જગ્યાએ રણવીર સિંહ નવો ડોન હશે.

રણવીર આદિત્ય ધરની 'શક્તિમાન'માં પણ જોવા મળી શકે છે. હાલમાં જ એક્ટર મુકેશ ખન્નાએ રણવીરના શક્તિમાન બનવા સામે વાંધો વ્યક્ત કર્યો હતો. આ સિવાય તે રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેઇન'માં પણ જોવા મળશે.

# તેજસ્વી પ્રકાશ - કરણ કુન્દ્રાનું થયું બ્રેકઅપ? લગ્ન અંગે તોડ્યું મૌન



(એજન્સી) મુંબઇ | કરણ કુન્દ્રા અને તેજસ્વી પ્રકાશ ટેલિવિઝન જગતના સૌથી પ્રખ્યાત કપલ છે. સલમાન ખાનના શો બિગ બોસ સીઝન 15થી બંને કલાકારો તેમના અફેરને કારણે ચર્ચામાં હતા. આટલું જ નહીં સોશિયલ મીડિયા પર તેમના લગ્નની ઘણી વખત ચર્ચા થાય છે. હાલમાં જ કરણ કુન્દ્રાએ એક ઈન્ટરવ્યુમાં તેજસ્વી સાથેના લગ્ન વિશે ખુલાસો કર્યો હતો.

કરણ કુન્દ્રાનો નવો શો લવ અધુરા ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યો છે. આ શોમાં અભિનેતાની સાથે એરિકા ફર્નાન્ડિસ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. શોના પ્રમોશન દરમિયાન એક ઈન્ટરવ્યુમાં એરિકા અને કરણને એકબીજાના લગ્નની પ્રોફાઈલ બનાવવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યારે એરિકાએ કહ્યું કે કદાચ કરણ ક્યારેય લગ્ન નહીં કરે. તો તેના જવાબમાં કરણે કહ્યું હતું કે, બેટા, જમાનો બદલાતા વધુ સમય નથી લાગતો. આ સાથે અભિનેતાએ કહ્યું હતું કે મારા ઈન્ટરવ્યુ મારા શોના ટ્રેલર જેટલા ભ્રામક છે.

એટલું જ નહીં પરંતુ કરણ કુન્દ્રાએ તેજસ્વી સાથેના તેના સંબંધો અને સમજણ વિશે પણ વાત કરી હતી. જ્યારે અભિનેતાને પૂછવામાં આવ્યું કે જ્યારે તેના લગ્ન અને બ્રેકઅપના સમાચાર સમાચારમાં પ્રકાશિત થાય છે ત્યારે તે કેવું અનુભવે છે. આના જવાબમાં અભિનેતાએ કહ્યું હતું કે, કપલ હોવા ઉપરાંત અમે બંને વર્કિંગ એક્ટર્સ પણ છીએ. આ વસ્તુઓ અમારી સાથે થઈ રહી છે તેની અમને પરવા નથી. અભિનેતાએ કહ્યું હતું કે ક્યારેક એવું બને છે કે અમે બંને સાથે બેઠા હોઈએ છીએ. તે સમયે ટીવી પર અમારા બ્રેકઅપના સમાચાર પ્રસારિત થઈ રહ્યા હતા.

તમને જણાવી દઈએ કે તેજસ્વીએ બિગ બોસ 15ની ટ્રોફી જીતી હતી જ્યારે કરણ આ શોનો સેકન્ડ રનર અપ હતો. આ શોમાં બંને કલાકારોની કેમેસ્ટ્રી ચાહકોને પસંદ આવી હતી. ત્યાર બાદ બંને રિલેશનશિપમાં આવ્યા આટલું જ નહીં, બંને કલાકારો પોતાની લેટેસ્ટ કપલની તસવીરો પણ ફેન્સ સાથે શેર કરતા રહે છે.

# સ્વાતંત્ર્ય વીર સાવરકર' ફિલ્મ માટે પિતાની મિલકતો પણ વેચી દીધી : રણદીપ હૂડા...

મુંબઇ | આ દિવસોમાં રણદીપ હૂડા તેમની ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'ની સફળતાની ઉજવણી કરી રહ્યા છે. આ દરમિયાન તેણે એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાન સાથેની તેની મિત્રતા વિશે વાત કરી હતી. તેણે કહ્યું 'સલમાને એક વખત મને ખૂબ મૂલ્યવાન સલાહ આપી હતી. તે હંમેશા મને વધુ પૈસા કમાવવા અને વધુ કામ કરવાની સલાહ આપતા રહ્યા છે. સલમાન મને કહેતો હતો કે, જો હું અત્યારે કામ કરીને પૈસા નહીં કમાઉં તો ભવિષ્યમાં મને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. રણદીપ હૂડાએ કહ્યું કે 'સ્વાતંત્ર્ય વીર સાવરકરના શૂટિંગ દરમિયાન તેમને લાગ્યું કે જાણે સાવરકર તેમની આસપાસ છે.' રણદીપે કહ્યું કે જ્યારે તેણે પોતાની જાતને અરીસાની સામે જોઈ તો એવું લાગતું હતું કે જાણે સાવરકર પોતે જ તેની સામે દેખાયા હોય.

રણદીપે કહ્યું કે તે આંદામાન જેલમાં બંધ હતો જ્યાં સાવરકરને રાખવામાં આવ્યા હતા. રણદીપે વધુમાં કહ્યું કે, તેને થોડા સમય માટે કોઈ ફરક ન લાગ્યો, પરંતુ પછી તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તે થોડા સમય પછી તે અંધારકોટડીમાંથી બહાર આવ્યો. રણદીપ હૂડા આ દિવસોમાં પોતાની ફિલ્મ સ્વતંત્ર્ય વીર સાવરકરને કારણે ચર્ચામાં છે. રણદીપ હૂડાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું 'રાત્રે ત્યાં એક અલગ પ્રકારનું મૌન હતું. એવું લાગતું હતું કે ત્યાં કોઈ છે.'

આ ફિલ્મના દિગ્દર્શક, નિર્માતા અને લેખક રણદીપ હૂડા છે. એમ કહેવામાં કોઈ સકોચ નથી કે તેણે તેની પ્રથમ દિગ્દર્શક ફિલ્મમાં અદભુત કામ કર્યું છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં, તેણે ખુલાસો કર્યો છે કે તેણે આ ફિલ્મ માટે ઘણા શારીરિક અને નાણાકીય પડકારોને પાર કરવા પડયા હતા. પૈસાના અભાવે ફિલ્મ બંધ કરવી પડી હતી. પછી તેણે વીર સાવરકરની બાયોપિક માટે ભંડોળ પૂરું પાડવા મુંબઈમાં તેના પિતાની મિલકતો વેચી દીધી. તે જ સમયે, તેણે આ ફિલ્મ માટે ઘણું વજન પણ ઘટાડયું હતું.

# ધોની, રોહિત અને વિરાટ ના કરી શક્યા તે દિનેશ કાર્તિકે કરી બતાવ્યું



(એજન્સી) મુંબઇ | તા.03

IPL 2024માં 15મી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં ફિલ્ડિંગ માટે મેદાન આવતાની સાથે જ દિનેશ કાર્તિકે એક એવું કારનામું કર્યું જે આજ સુધી એમએસ ધોની, રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ કરી શક્યા નથી. દિનેશ કાર્તિકની આ છેલ્લી IPL સિઝન છે અને અત્યાર સુધી આ ખેલાડીએ RCB માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. દિનેશ કાર્તિક RCB માટે ફિનિશરની ભૂમિકા સારી રીતે નિભાવી રહ્યો છે. હવે દિનેશ કાર્તિકના નામે એક ખાસ રેકોર્ડ નોંધાઈ ગયો છે.

દિનેશ કાર્તિક લખનૌ સુપર જાયન્ટ્સ સામે રમવા આવ્યો કે તરત જ તેના નામે એક ખાસ રેકોર્ડ નોંધાઈ ગયો. તેણે હવે એવો રેકોર્ડ બનાવ્યો છે જેને એમએસ ધોની અને વિરાટ કોહલી જેવા ખેલાડીઓ પણ તોડી શકશે નહીં. કાર્તિક કોઈ એક દેશમાં 300 T20 મેચ રમનાર પ્રથમ ક્રિકેટર બન્યો છે. તેણે રોહિત શર્માને પાછળ છોડી દીધો છે જેણે હાલમાં 289 મેચ રમી છે. જ્યારે ધોની, સમિત પટેલ અને કોહલી ઘણા પાછળ છે. દિનેશ કાર્તિકે તેની T20 કારકિર્દીમાં અત્યાર સુધી કુલ 389 મેચ રમી છે. જેમાંથી તેણે ભારતમાં 70% થી વધુ મેચ રમી છે. દિનેશ કાર્તિકે ટીમ ઈન્ડિયા માટે 69 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં તેના નામે 686 રન છે.

## ડુપ્લેસિસે લખનૌ સામેની હારનું કારણ જણાવ્યું



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આ સિઝનમાં અત્યાર સુધી નિરાશાજનક પ્રદર્શન કર્યું છે.IPL 2024માં ટીમે 4 મેચ રમી છે અને આ દરમિયાન તેને 3 મેચમાં હારનો સામનો કરવો પડયો છે. છેલ્લી મેચમાં RCBને લખનૌ સુપર જાયન્ટસે 28 રને પરાજય આપ્યો હતો. કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે આ હાર પર પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું કે અમને બે કેચ છોડવા મોંઘા પડયા.RCBએ ડી કોકનો કેચ છોડયો હતો. ડુપ્લેસિસે મેચ બાદ હારનું કારણ જણાવ્યું. તેણે કહ્યું,બે ખૂબ જ સારા ખેલાડીઓનો કેચ ચૂકી જવાની અમને મોંઘી કિંમત ચૂકવવી પડી.જ્યારે ક્વિન્ટન ડી કોક 25-30 રન અને નિકોલસ પૂરન 2 રન સાથે રમી રહ્યા હતા. અમે 60-65 વધારાના રન આપ્યા. આવી ભૂલો તમને મોંઘી પડે છે. અમારી બોલિંગ પણ બહુ સારી નથી.\ આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા લખનૌએ 181 રન બનાવ્યા હતા. આ દરમિયાન ડી કોકે 56 બોલનો સામનો કરીને 81 રન બનાવ્યા હતા. તેણે 8 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પુરને પણ અજાયબીઓ કરી. 21 બોલનો સામનો કરીને તેણે અણનમ 40 રન બનાવ્યા હતા. પુરનની આ ઈનિંગમાં 5 સિક્સ અને એક ફોરનો સમાવેશ થાય છે. કેપ્ટન કેએલ રાહુલે 20 રન બનાવ્યા હતા. આ દરમિયાન RCB તરફથી મેક્સવેલે 2 વિકેટ ઝડપી હતી.લખનૌ દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટનો પીછો કરતી વખતે RCB માત્ર 153 રન જ બનાવી શકી હતી. તે માટે મહિપાલ લોમરોરે સૌથી વધુ 33 રન બનાવ્યા હતા. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને આ સિઝનમાં સતત બીજી હારનો સામનો કરવો પડયો હતો. લખનૌ પહેલા તેને કોલકાતા નાઈટ રાઈડર્સે 7 વિકેટે હરાવ્યું હતું. ચેન્નાઈ સુપર કિંગ્સે 6 વિકેટે હરાવ્યું હતું. આરસીબીએ પંજાબ કિંગ્સ સામે 4 વિકેટે જીત મેળવી હતી. જો પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો RCB 9મા સ્થાને છે. તેના માત્ર 2 પોઈન્ટ છે.

# પર્પલ કેપની રેસમાં મયંક યાદવનું નામ મોખરે

(એજન્સી) મુંબઇ | તા.03

ચોગ્ગા અને છગ્ગાની આ ટૂર્નામેન્ટ, અહીયા એક એવા યુવા બોલરની વાત છે જેણે પોતાની બોલિંગની ઝડપથી બેટસમેનોને ઉડાવી દીધા છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ લખનૌ સુપર જાયન્ટસના ફાસ્ટ બોલર મયંક યાદવની.જેણે પર્પલ કેપ રેસમાં પણ પોતાની જગ્યા બનાવી લીધી છે. આ બે મેચમાં તેણે પોતાનો બોલિંગ રેકોર્ડ પણ તોડયો છે.

મયંક યાદવ પોતાની બોલિંગ સ્પીડ ખૂબ જ સારી રીતે બતાવી રહ્યો છે. તેણે પોતાની બોલિંગથી પર્પલ કેપની યાદીમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. IPL 2024માં મયંક અત્યાર સુધી માત્ર 2 મેચ રમ્યો છે. તેણે આ બંને મેચમાં 8 ઓવર ફેંકી છે.

મયંકે અત્યાર સુધી 41 રનમાં 6 વિકેટ ઝડપી છે. પર્પલ કેપની રેસમાં તેણે બીજા સ્થાને પોતાનું સ્થાન બનાવી લીધું છે.ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર મુસ્તાફિઝુર રહેમાને 3 મેચમાં 106 રન આપીને 7 વિકેટ લીધી છે. આ આંકડા સાથે, મુસ્તાફિઝુર રહેમાન પર્પલ કેપની યાદીમાં ટોચ પર છે. આ પછી મયંક યાદવનું નામ આવે છે. મયંક યાદવ બાદ ત્રીજા સ્થાને યુઝવેન્દ્ર ચહલનું નામ આવે છે. ચહલે અત્યાર સુધી ત્રણ મેચમાં 55 રન આપીને 6 વિકેટ લીધી છે. તો મોહિત શર્મા ચોથા નંબર પર છે. મોહિતે ત્રણ મેચમાં 93 રન આપીને 6 વિકેટ લીધી છે. દિલ્હી કેપિટલ્સના ખલીલ અહેમદે ત્રણ મેચમાં 88 રન આપીને 5 વિકેટ લીધી છે. આ સાથે ખલીલ હવે પાંચમા નંબરે છે.

### મયંક યાદવે કયો રેકોર્ડ તોડયો

21 વર્ષીય મયંક યાદવ પોતાની ડેબ્યૂ મેચથી જ ઘણી ચર્ચામાં છે. તેણે IPLની ડેબ્યૂ મેચમાં IPL 2024નો સૌથી ઝડપી બોલ ફેંક્યો હતો. પોતાની પ્રથમ મેચમાં મયંકે પંજાબ કિંગ્સ સામે 155.8 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. હવે મયંક યાદવે પણ આ રેકોર્ડ તોડી નાખ્યો છે. તેની બીજી મેચમાં તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે 156.7 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. જે IPL 2024માં અત્યાર સુધીનો સૌથી ઝડપી બોલ છે.

ભારતીય ટીમે આ દરમિયાન આયર્લેન્ડ અને અમેરિકાનો સામનો કરવાનો છે

# T20 WORLD CUP : ભારતીય ટીમની બે મેચની ટિકીટો 4 એપ્રિલથી વેચાશે

(એજન્સી) મુંબઇ | તા.03

આ વર્ષે, T20 વર્લ્ડ કપ 2024 વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા દ્વારા સંયુક્ત રીતે 1 જૂનથી શરૂ થશે. ન્યૂયોર્કમાં યોજાનારી છ T20 વર્લ્ડ કપ મેચોની વધારાની ટિકિટોનું વેચાણ ગુરુવાર, 4 એપ્રિલ, 2024થી શરૂ થશે.આ સમયગાળા દરમિયાન, ભારતીય ટીમે આયર્લેન્ડ અને અમેરિકા સામે મેચ રમવાની છે, તે સિવાય ગુરુવારથી ટિકિટોનું વેચાણ થશે. ભારતીય ટીમ 5 જૂને આયર્લેન્ડ સામે ટી20 વર્લ્ડ કપમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ 12 જૂને ભારતીય ટીમનો મુકાબલો ટુર્નામેન્ટના સંયુક્ત યજમાન અમેરિકા સામે થશે. ICCAએ કહ્યું કે ચાહકો હવે વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન બુક કરી શકે છે.

ન્યુયોર્કના નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં છ મેચ માટે વધારાની ટિકિટોનું વેચાણ ગુરુવારથી શરૂ થશે. જેમાં ભારતીય ટીમની બે મેચનો સમાવેશ થાય છે.રિલીઝમાં આગળ વાંચવામાં આવ્યું હતું કે, ટેક્સાસના ગ્રાન્ડ પ્રેરી ક્રિકેટ સ્ટેડિયમમાં 1 જૂનના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા વચ્ચેના ઉદ્ઘાટન વર્લ્ડ કપ મેચ સહિત તમામ ચાર મેચો માટે મર્યાદિત સંખ્યામાં ટિકિટો પણ ઉપલબ્ધ રહેશે.



### ટિકીટના ભાવ આસમાને

એક વીડિયો પણ બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં મેગા ઈવેન્ટના 60 દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં 34,000 દર્શકોની ક્ષમતા ધરાવતા નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમના નિર્માણની પ્રગતિ દર્શાવવામાં આવી હતી. આ સ્થળ 9 જૂને ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચ સહિત 8 મેચોનું આયોજન કરશે.ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકીટના ભાવ આસમાને છે. આ ટિકિટો સામાન્ય ટિકિટ કરતાં 200 ગણી વધુ કિંમતે વેચાઈ હતી.

# લખનૌ સુપર જાયન્ટસમાં મયંક યાદવની પસંદગી કઈ રીતે કરવામાં આવી



હાલમાં IPL 2024માં એક જ ઝડપી બોલર હેડલાઈન્સમાં છે અને તેનું નામ છે મયંક યાદવ. મયંક યાદવ પોતાની સ્પીડથી માત્ર બેટસમેનોના મનમાં ડર જ નથી ઉભો કરી રહ્યો છે પરંતુ ક્રિકેટ એક્સપર્ટના મનને પણ મોહિત કરી રહ્યો છે. મયંક યાદવના ક્રિકેટર બનવાની વાર્તા ખૂબ જ સંઘર્ષપૂર્ણ છે, જેના રહસ્યો DDCA ના ભૂતપૂર્વ પસંદગીકારો ચૈતન્ય નંદા અને વિજય દહિયાએ જાહેર કર્યા હતા.

લગભગ પાંચ વર્ષ પહેલા મેં પહેલીવાર મયંકને સેન્ટ સ્ટીફન્સ ગ્રાઉન્ડમાં જોયો હતો, જ્યાં તે દિલ્હી તરફથી અંડર-19 મેચમાં મધ્યપ્રદેશ સામે રમી રહ્યો હતો. કોઈએ મને મયંક વિશે કહ્યું હતું કે તે ખૂબ જ ઝડપી બોલિંગ કરે છે. તે મેચમાં મયંકે સાત વિકેટ ઝડપી હતી. પીચ બેટિંગ માટે યોગ્ય હતી, જેના પર મયંકે મધ્યપ્રદેશના બેટસમેનોને ટકી રહેવા દીધા ન હતા.આ પછી, અમે મયંકને દિલ્હીથી અંડર-23માં મોકલવા માંગતા હતા, પરંતુ તે પછી તેને પગની ઘૂંટીમાં ઈજા થઈ. અમે મયંકના સ્વસ્થ થવાની રાહ જોઈ રહ્યા હતા. તે ફિટ હતો, પરંતુ ટીમ કોમ્બિનેશનમાં સ્થાન મેળવી શક્યો ન હતો. નંદાએ કહ્યું કે મયંક ખૂબ જ સામાન્ય છોકરો છે અને તે ખૂબ જ સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવે છે. 2020માં, જ્યારે અમે તેને દિલ્હીમાં સિનિયર ટીમ કેમ્પમાં આમંત્રણ આપવાનું શરૂ કર્યું, ત્યારે તેને આવવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડયો.

### અમને તેની વાત પર ગર્વ થયું

તેની બોલિંગથી પ્રભાવિત થઈને અમે તેને ODI ટીમમાં દાખલ કરવાનો અને તેને રણજી ટીમમાં રાખવાનો નિર્ણય કર્યો જેથી તે વધુ સારો બને. 2021 માં, અમે તેને દિલ્હીમાં વિજય હજારે ટ્રોફીમાં પસંદ કર્યો. ત્યારબાદ મયંકે ચંદીગઢમાં હરિયાણા સામેની મેચમાં અમને જીત અપાવી.તે 49મી ઓવર નાખવા આવ્યો હતો. તેણે ત્રણ વિકેટ લીધી અને એક પણ રન ન આપ્યો. તે મેચથી તેનું નામ ચર્ચામાં આવ્યું હતું. નંદાએ કહ્યું કે જો મયંક પોતાને ઈજા મુક્ત રાખે તો તે શ્રેષ્ઠ ઝડપી બોલર બની શકે છે.

### ઈજાના કારણે હર્ષિતને તક મળી હતી

મયંક યાદવની કુશળતા જોઈને અમે જે રીતે તેને ટેકો આપ્યો તેના પર ઘણા લોકોએ વાંધો પણ ઉઠાવ્યો, પરંતુ અમે અમારા નિર્ણય પર અડગ છીએ. અમારી પાસે આઠથી 10 ખેલાડીઓનો પૂલ હતો. જ્યારે મયંક ઘાયલ થયો ત્યારે હર્ષિત રાણાને તેની પહેલા રમવાનો મોકો મળ્યો. મયંકની સૌથી ખાસ વાત એ છે કે તે કુદરતી રીતે ઝડપી બોલ ફેંકે છે.તેણે IPLમાં જે રીતે પ્રદર્શન કર્યું છે, મને લાગે છે કે મયંકને બહુ જલ્દી દેશ માટે રમવાની તક મળશે. ટી-20 વર્લ્ડ કપમાં પસંદગી થવાની સંભાવના અંગે નંદાએ કહ્યું કે જ્યારે બોલર તેની ટોચ પર હોય ત્યારે તેને રમાડવો જ જોઈએ. અત્યારે મયંક સારા ફોર્મમાં છે અને તેનો આત્મવિશ્વાસ પણ વધી ગયો હશે. મોટી ટીમોએ તેને રમ્યો પણ ન હોત, તેથી મયંકને લેવો અન્ય ટીમો માટે આઘાતજનક હોઈ શકે છે.

# RCBની હાર બાદ વિરાટ કોહલી થયા નારાજ



રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ IPL 2024 માં લખનૌ સુપર જાયન્ટ્સ સામે સતત બીજી મેચ હારી ગઈ, જે તેઓ તેમના હોમ ગ્રાઉન્ડ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમી હતી. આ હારથી ચાહકોની સાથે-સાથે ટીમના પૂર્વ કેપ્ટન અને ઓપનર વિરાટ કોહલી પણ સંપૂર્ણ રીતે મગજથી હારી ગયા છે. . તે 16 બોલમાં 2 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 22 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. હવે કિંગ કોહલીનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ડ્રેસિંગ રૂમમાં ખૂબ જ ઉદાસ બેઠેલો જોવા મળી રહ્યો છે. તેની સાથે એક અન્ય તસવીર પણ છે, જેમાં તે ઉભો જોવા મળી રહ્યો છે. બંને તસવીરોમાં વિરાટની ઉદાસી સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઠીક છે, તેઓ દુખી થવામાં યોગ્ય છે કારણ કે ટીમ 4માંથી 3 મેચ હારી છે અને તેમને અત્યાર સુધી માત્ર એક જ જીત મળી છે.બેંગલુરુએ ટૂર્નામેન્ટમાં તેની પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમી હતી, જેમાં તેનો 6 વિકેટે પરાજય થયો હતો. આ પછી પંજાબ કિંગ્સ સામે રમાયેલી બીજી મેચમાં આરસીબીએ 4 વિકેટે જીત મેળવી હતી. પરંતુ તે પછી, તે તેની આગામી બંને મેચ હારી ગયો. બેંગલુરુને કોલકાતા સામે 7 વિકેટે અને લખનૌ સામે 28 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

# હાર્દિક પંડ્યાને મળ્યો ભૂતપૂર્વ દિગ્ગજનો સાથ MIના ફેન્સને આપ્યો જડબાતોડ જવાબ



મુંબઇ | તા.03

હાર્દિક પંડ્યાની કપ્તાનીવાળી મુંબઈ ઈન્ડિયન્સ IPL 2024માં જીતનું ખાતું પણ ખોલી શકી નથી. મુંબઈએ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી ત્રણ મેચ રમી છે અને ત્રણેયમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો છે. આ વખતે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ કરતો જોવા મળી રહ્યો છે, પરંતુ જ્યારથી હાર્દિક મુંબઈનો કેપ્ટન બન્યો છે ત્યારથી તેને સોશિયલ મીડિયા પર ઘણો ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. સ્ટેડિયમમાં હાજર દર્શકો પણ હવે હાર્દિક સામે હોબાળો કરતા જોવા મળી રહ્યા છે.

### રોહિત-રોહિતના નારા લાગ્યા

ત્રણેય મેચમાં હાર્દિકને મુંબઈ ઈન્ડિયન્સ અને રોહિત શર્માના ફેન્સ દ્વારા બૂમાબૂમનો સામનો કરવો પડ્યો છે, જ્યારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં જ્યારે છેલ્લી મેચ રમાઈ ત્યારે ચાહકો રોહિત-રોહિતની બૂમો પાડી રહ્યા હતા.આ દરમિયાન જોવા મળ્યું હતું કે સ્ટેડિયમમાં હાજર રોહિત શર્માના ફેન્સે બૂમ પાડી હતી. રોહિત ચૂપ રહેવાનો ઈશારો કરતો જોવા મળ્યો હતો. હવે હાર્દિક પંડ્યાને પૂર્વ દિગ્ગજનું સમર્થન મળ્યું છે. જે બાદ પૂર્વ દિગ્ગજ ખેલાડીએ મુંબઈ ઈન્ડિયન્સને ફટકાર લગાવી છે.

### ફેન્સને જડબાતોડ આપ્યો જવાબ

મુંબઈ ઈન્ડિયન્સના નવા કેપ્ટન હાર્દિક પંડ્યાની સતત ટ્રોલિંગ જોઈને ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર રવિ શાસ્ત્રીએ કહ્યું કે તે કોઈ ભારતીય ક્રિકેટ ટીમ નથી જે રમી રહી છે. આ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ છે. તેઓને ખૂબ જ રુપિયા ચૂકવવામાં આવે છે, તેઓ માલિકો છે. તેઓ કોને કેપ્ટન બનાવવા માંગે છે તે નક્કી કરવાનો અધિકાર ફ્રેન્ચાઈઝીનો છે. જ્યાં મને લાગે છે કે તેને વધુ સારી રીતે હેન્ડલ કરી શકાયું હોત. જો તમે કેપ્ટન બનવા માંગતા હો, તો કહો કે તમે ભવિષ્ય તરફ જોઈ રહ્યા છો. અમે ઈચ્છીએ છીએ કે મુંબઈના ફેન્સ હાર્દિકને સમર્થન કરે અને આગામી 3 વર્ષમાં જ્યારે ટીમ આગળ વધી રહી હોય ત્યારે તેને સમર્થન આપે.

### IPL 2024માં મુંબઈની શરૂઆત ખરાબ



ચાહકોને આશા હતી કે હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ શાનદાર પ્રદર્શન કરશે, પરંતુ અત્યાર સુધી મુંબઈ ઈન્ડિયન્સ IPL 2024માં એક પણ મેચ જીતી શકી નથી. IPL ઈતિહાસની સૌથી મજબૂત ટીમ આ સિઝનમાં કંઈ ખાસ કરી શકી નથી. મુંબઈ ઈન્ડિયન્સ પણ પોતાના હોમ ગ્રાઉન્ડ પર મેચ જીતી શકી નથી.

# IPL 2024 : કોલકાતાના આ ત્રણ ખેલાડીઓ દિલ્હીને હરાવી શકે છે

મુંબઇ | તા.03

આ મેચ આજે વિશાખાપટ્ટનમમાં રમાશે. કોલકાતાએ અત્યાર સુધી બે મેચ રમી છે અને બંનેમાં જીત મેળવી છે. દિલ્હીએ 3 મેચ રમી છે અને એકમાં જીત મેળવી છે. હવે આ મેચમાં જીત દિલ્હી માટે આસાન નહીં હોય. આન્દ્રે રસેલ, રિંકુ સિંહ અને ફિલિપ સોલ્ટ KKR માટે અજાયબી કરી શકે છે.

કોલકાતા નાઈટ રાઈડર્સનો ઓપનર ફિલિપ સોલ્ટ આ સિઝનમાં સૌથી વધુ રન બનાવવાના મામલે ટોપ પર છે. સોલ્ટે 2 મેચમાં 84 રન બનાવ્યા છે. આ દરમિયાન એક અડધી સદી ફટકારી છે. સોલ્ટ વિકેટકીપર બેટ્સમેન છે અને તે પહેલા પણ ઘણા પ્રસંગોએ સારું પ્રદર્શન કરી ચુક્યો છે. જો કે, વર્ષ 2023 તેના માટે કંઈ ખાસ ન હતું. સોલ્ટે IPLની 9 મેચમાં 218 રન બનાવ્યા હતા. પરંતુ આ વખતે તેઓ દિલ્હી સામે અજાયબી કરી શકે છે.

રસેલ આક્રમક બેટિંગમાં નિષ્ણાત છે. તેણે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે શાનદાર બેટિંગ કરી હતી. રસેલે 25 બોલનો સામનો કરીને અણનમ 64 રન બનાવ્યા હતા. રસેલની આ ઈનિંગમાં 3 ફોર અને 7 સિક્સ સામેલ હતી. આ પછી તેને બેટિંગ કરવાની તક મળી ન હતી. રસેલ હવે દિલ્હી સામે વિસ્ફોટક બેટિંગ કરી શકે છે. જો તે જશે તો બોલરોની મુશ્કેલીઓ વધી જશે. રસેલે IPLની 114 મેચમાં 2326 રન બનાવ્યા છે.

રિંકુ પણ વિસ્ફોટક બેટિંગ કરે છે. તેણે હૈદરાબાદ સામે માત્ર 15 બોલમાં 23 રન બનાવ્યા હતા. આ દરમિયાન 3 ચોગ્ગા માર્યા હતા. રિંકુને હજુ સુધી આ સિઝનમાં ઘણી મેચમાં રમવાની તક મળી નથી. પરંતુ તે દિલ્હી સામે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. તેણે IPLની 33 મેચમાં 753 રન બનાવ્યા છે.

### 7નાં મોત, 730 ઘાયલ, 100થી વધારે આફ્ટરશોક; જાપાન-ફિલિપાઇન્સમાં પણ આંચકા અનુભવાયા : કેન્દ્ર ધરતીથી 34 કિલોમીટર નીચે હતું...

# તાઈવાનમાં છેલ્લાં 25 વર્ષમાં સૌથી મોટો ભૂકંપ, 7.5ની તીવ્રતા

(એજન્સી) ટોક્યો | તા.03

3 એપ્રિલના રોજ તાઈવાનમાં 7.5ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકા જાપાન અને ફિલિપાઈન્સમાં પણ અનુભવાયા હતા. તાઈવાનના ફાયર વિભાગના જણાવ્યા અનુસાર સાત લાકોનાં મોત થયા છે. 730 લોકો ઘાયલ થયા છે.

તાઈવાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ધરતીથી 34 કિલોમીટર નીચે હતું. ભારતીય સમય અનુસાર સવારે 5:30 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી, લેન્ડ સ્લાઈડ પણ થયું હતું. ઘણા આફ્ટરશોક્સ પણ આવ્યા છે. તેમાંથી સૌથી તેજ 6.5ની તીવ્રતાનો આફ્ટરશોક હતો. ભૂકંપનું કેન્દ્ર પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં હતું. તાઈવાનના સેન્ટ્રલ વેધર બ્યુરોના જણાવ્યા અનુસાર, 25 વર્ષમાં તાઈવાનમાં આવેલો આ સૌથી ખતરનાક ભૂકંપ છે. આ પહેલાં 1999માં 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારે 2 હજારથી વધુ લોકોનાં મોત થયાં હતાં.

તાઈવાનના મીડિયા અનુસાર, તાઈવાનમાં 10 હજારથી વધુ ઘરો વીજળી ગુલ થઈ છે. ભૂકંપના કારણે વાયરો અને પાવર પ્લાન્ટને નુકસાન થયું છે. વીજ પાવર સપ્લાય ફરીથી શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે. ભૂકંપ બાદ તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સમાં સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જાપાનના હવામાન વિભાગે દરિયામાં 3 મીટર એટલે કે લગભગ 10 ફૂટ સુધીના મોજા ઉછળવાની શક્યતા જણાવી હતી. જો કે, જાપાન અને ફિલિપાઈન્સે હવે સુનામીનું એલર્ટ હટાવી લીધું છે.



### ડોક્ટરો દર્દીઓ સુધી પહોંચી શકતા નથી, મોટાભાગના રસ્તાઓ તૂટી ગયા

ભૂકંપમાં અનેક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ લોકોને સારવાર કરાવવામાં મુશ્કેલી પડી રહી છે. તેનું કારણ એ છે કે ભૂકંપના કારણે મોટાભાગના રસ્તાઓ તૂટી ગયા છે અને અસરગ્રસ્ત સ્થળોએ ડોક્ટરો પહોંચી શકતા નથી.

**ચીનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા :** તાઈવાનમાં આવેલો આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેના આંચકા ચીનના શાંઘાઈ સુધી અનુભવાયા હતા. ચીનના મીડિયાનું કહેવું છે કે ભૂકંપ ચીનના ફુઝુ, શિયામેન, ઝુઆનઝુ અને નિંગડેમાં પણ અનુભવાયો હતો. જાપાનમાં મંગળવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 6.1 માપવામાં આવી હતી. આ આંચકા ઉત્તર જાપાનના ઈવાતે અને આઓમોરી પ્રાંતમાં અનુભવાયા હતા. જાપાનની હવામાન એજન્સીએ જણાવ્યું કે, ભૂકંપનું કેન્દ્ર ઈવાતે પ્રાંતનો ઉત્તરીય ભાગ હતો. જો કે હાલમાં જાનમાલના નુકસાન અંગે કોઈ માહિતી બહાર આવી નથી.

**દુનિયામાં દર વર્ષે 20,000 ભૂકંપ આવે છે :** દર વર્ષે દુનિયામાં અનેક ભૂકંપ આવે છે, પરંતુ એની તીવ્રતા ઓછી હોય છે. નેશનલ અર્થક્વેક ઈન્ફર્મેશન સેન્ટર દર વર્ષે લગભગ 22 હજાર ભૂકંપ નોંધે છે. એમાંથી 100 ભૂકંપ એવા હોય છે, જેમાં વધુ નુકસાન થાય છે. ભૂકંપ થોડીક સેકન્ડ કે થોડી મિનિટો સુધી રહે છે. ઈતિહાસમાં સૌથી લાંબો સમય ચાલતો ભૂકંપ હિન્દ મહાસાગરમાં 2004માં આવ્યો હતો. આ ભૂકંપ 10 મિનિટ સુધી રહ્યો હતો.

## ફિનલેન્ડમાં 12 વર્ષનો વિધાર્થી સ્કૂલે હેન્ડગન લઈ ગયો...

### વિધાર્થીનું મોત, 2 ઘાયલ : સવારે ઘટનાની જાણ થતાં સંખ્યામાં પોલીસ શાળામાં તૈનાત કરવામાં આવી હતી

(એજન્સી) હેલસિન્કી | તા.03

ફિનલેન્ડની એક માધ્યમિક શાળામાં મંગળવારની સવારે એક ૧૨ વર્ષના વિદ્યાર્થીએ ગોળીબાર કરતા એક વિદ્યાર્થીનું મોત થયું છે અને અન્ય બે વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.ઘટના પછી ગોળીબાર કરનાર વિદ્યાર્થીની ધરપકડ કરી લેવામાં આવી છે. સવારે ૯.૦૮ કલાકે ગોળીબારની જાણ કરવામાં આવતા મોટી સંખ્યામાં શસ્ત્રો સાથેની પોલીસ ફિનલેન્ડની રાજધાની હેલસિન્કીની બહાર આવેલા વાન્ટા શહેરમાં આવેલ લોઅર સેકન્ડરી સ્કૂલની આસપાસ તૈનાત કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ગોળીબાર કરનાર અને પીડિતો તમામની ઉંમર ૧૨ વર્ષની છે. પોલીસના જણાવ્યા અનુસાર ગોળીબાર કરનાર વિદ્યાર્થીની હેન્ડગન સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ગંભીર રીતે ઘાયલ એક વિદ્યાર્થીનું મોત થઇ ગયું છે. ઘાયલ થયેલા અન્ય બે વિદ્યાર્થીઓની પણ સ્થિતિ ગંભીર છે તેમ યુસિમા પોલીસ ડિપાર્ટમેન્ટના ચીફ ઓફ પોલીસ ઈલ્કા કોસ્કીમાકીએ જણાવ્યું છે. ફિનલેન્ડના વડાપ્રધાન પેટેરી ઓર્પોએ એક્સ પર જણાવ્યું છે કે તે આ ઘટનાથી ખૂબ જ દુ:ખી છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં ફિનલેન્ડમાં શાળામાં ગોળીબારની બે મોટી ઘટનાઓ જોવા મળી છે.

નવેમ્બર, ૨૦૦૭માં શાળામાં થયેલ ગોળીબારની ઘટનામાં ૯ લોકોનાં મોત થયા હતાં. સપ્ટેમ્બર ૨૦૦૮માં થયેલી ઘટનામાં ૨૨ વર્ષના વિદ્યાર્થીએ ૧૦ લોકોની હત્યા કરી હતી.

### ઈમરાને કહ્યું- બુશરાને ઝેર આપવામાં આવેલું

# પાકિસ્તાનના પૂર્વ PMનો આરોપ- પત્નીને કંઈ થશે તો તેના માટે આર્મી ચીફ જવાબદાર

(એજન્સી) ઇસ્લામાબાદ | તા.03

અદિયાલા જેલમાં બે કેસમાં સજા કાપી રહેલા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું છે કે તેમની પત્ની બુશરા બીબીને ઝેર આપવામાં આવ્યું છે. બુશરા ખાનના બાનીગાલા સ્થિત આલીશાન ઘરમાં સજા ભોગવી રહી છે. તેના એક ભાગને સબ જેલમાં ફેરવી દેવામાં આવ્યો છે.

ઈમરાને મંગળવારે જેલમાં સ્થાપિત કામચલાઉ કોર્ટમાં સુનાવણી દરમિયાન આ આરોપો લગાવ્યા હતા. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર ખાને એમ પણ કહ્યું કે જો બુશરાને કોઈ નુકસાન થશે તો તેના માટે આર્મી ચીફ જનરલ અસીમ મુનીર જવાબદાર રહેશે.

જેલમાં લગભગ 45 મિનિટ ચાલેલી સુનાવણી દરમિયાન ઈમરાને જજ નાસિર જાવેદ રાણાને કહ્યું- મારી પત્નીને ઝેર આપવામાં આવ્યું છે. આ ઝેરના કારણે બુશરાના શરીર અને જીભ પર નિશાન જોવા મળ્યા છે. હું જાણું છું કે આ પાછળ કોનો હાથ છે. ખાને આગળ કહ્યું- જો બુશરાને કંઈ થશે તો તેના માટે પાકિસ્તાની આર્મી ચીફ જનરલ અસીમ મુનીર જવાબદાર હશે. દેશની ગુપ્તચર એજન્સી દરેક બાબત પર નજર રાખી રહી છે અને દરેક વસ્તુ પર નિયંત્રણ કરી રહી છે. બુશરા ઈસ્લામાબાદમાં ઈમરાનના આલીશાન ઘર બનીગાલામાં રહે છે. ઈમરાન હાલ રાવલપિંડીની અદિયાલા જેલમાં છે.

ખાને કોર્ટને કહ્યું- મારી માગ છે કે બુશરાની તપાસ શૌકત ખાનુમ હોસ્પિટલના ડો. અસીમ દ્વારા કરાવવામાં આવે. હું અને મારી પાર્ટી સરકારી ડોક્ટરો પર વિશ્વાસ કરી શકતા નથી. આ બાબતની ઝીણવટભરી તપાસ થવી જોઈએ.

ઈમરાનના આરોપો પર જજ નાસિરે કહ્યું- તમારા આરોપો ગંભીર છે. તમે અરજી આપો અને તેમાં તમામ આરોપોની વિગતો આપો. આ સુનાવણી દરમિયાન બુશરા પણ હાજર હતી. તેણે કહ્યું- મને સોશિયલ મીડિયા પર અમેરિકન એજન્ટ કહેવામાં આવી રહ્યો છે. મને મારા ખોરાકમાં મિશ્રિત ટોયલેટ ક્લીનરનાં ત્રણ ટીપાં આપવામાં આવ્યાં. આ પછી મને તકલીફ થવા લાગી.

બુશરાએ કહ્યું- મારી આંખો સૂજી ગઈ હતી. આખા શરીરમાં અને ખાસ કરીને પેટમાં દુખાવો થવા લાગ્યો. ખોરાકનો સ્વાદ સારો આવતો નથી. આ પહેલા મને મધ સાથે મિશ્રિત કંઈક આપવામાં આવ્યું હતું. જો કે મને ઘરમાં કેદ કરવામાં આવી છે, મને ત્યાં બારી ખોલવાની પણ મંજૂરી નથી.

આ તસવીર ઈમરાનના ઈસ્લામાબાદમાં અનેક એકરમાં ફેલાયેલા આલીશાન ઘર બાની ગાલાની છે. બુશરા અહીં નજરકેદ છે..



## ભારતીય કામદારોની પહેલી બેચ ઈઝરાયલ જવા રવાના

### ઈઝરાયલ અને ગાઝા યુધ્ધ વચ્ચે 60 જેટલા ભારતીય કામદારોની એક બેચ ઈઝરાયલ માટે રવાના થઈ ગઈ છે.

(એજન્સી) ઈઝરાયેલ | તા.03

ઈઝરાયલના રાજદૂત નાઓર ગિલોને આ બાબતની જાણકારી આપી છે. દૂતાવાસે પહેલા જથ્થાને વિદાય આપી હતી. આવનારા સપ્તાહમાં વધુ 1500 ભારતીય કામદારો ઈઝાયેલ માટે રવાના થશે. ભારતીય કામદારોને ઈઝરાયલમાં મોકલતા પહેલા નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ટ્રેનિંગ પણ આપવામાં આવી છે.

ઈઝરાયલના રાજદૂતે કહ્યું હતું કે, ભારતીય કામદારોના કારણે બંને દેશોના સબંધોમાં હજી પણ વધારે નિકટતા આવશે તેવી આશા છે. ઈઝરાયલ દ્વારા એક લાખ જેટલા ભારતીય કામદારોને ઈઝરાયલમાં વિવિધ ક્ષેત્રોમાં નોકરી આપવાની યોજના છે. ભારતીય કામદારો પેલેસ્ટાઈનના લોકોની જગ્યા લેશે. જેમને હમાસના આતંકવાદી હુમલા બાદ ઈઝરાયલે પોતાના દેશમાંથી પાછા પેલેસ્ટાઈન જવાની ફરજ પાડી છે. કામદારોની ભરતી માટે યુપી અને હરિયાણામાં પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સંખ્યાબંધ પ્રકારની ચકાસણી બાદ કામદારોની પસંદગી કરવામાં આવી છે. હાલમાં તો 10000 કામદારોને ઈઝરાયલ મોકલવામાં આવશે અને ભવિષ્યમાં આ સંખ્યા એક લાખ સુધી પહોંચી શકે છે. ભારતીય કામદારોને 1.35 લાખ રુપિયા સુધીનો પગાર તેમજ બીજી સુવિધાઓ મળશે.

કામદારો માટે એર ઈન્ડિયા દ્વારા વિશેષ ફ્લાઈટની વ્યવસ્થા કરાઈ છે. ઈઝરાયલ પણ ચાર્ટર વિમાનો ભાડે લઈ રહ્યું છે.

## લ્યો બોલો.... જર્મનીએ ગાંજાને બનાવી દીધો કાયદેસર



જર્મનીએ સોમવારે ગાંજાને કાયદેસર બનાવી દીધો છે. આ સાથે જ આ દેશ આખા ગાંજાને કાયદેસર બનાવનાર યુરોપનો પહેલો દેશ બની ગયો છે. જર્મનીના નવા કાયદા હેઠળ હવે 18 વર્ષથી વધુ ઉંમરના લોકો 25 ગ્રામ સુધી સૂકો ગાંજો લઈ જઈ શકશે. તેમજ લોકોને દેશમાં ગાંજાના છોડની ખેતી કરવાની પણ મંજૂરી પણ આપી દેવામાં આવી છે. દેશના કેટલાક વિરોધ પક્ષના નેતાઓ અને ચિકિત્સા સંગઠનોનો વિરોધ હોવા છતાં તેને કાયદેસર કરી દેવામાં આવ્યો છે.

### આપણા દેશમાં દખલ કરીને હત્યા કરાવી દીધી, કેનેડાની સંસદમાં ભારત વિરોધી ઠરાવ રજૂ કરાયો

(એજન્સી) કેનેડા | તા.03


કેનેડામાં એક સાંસદે એક ખાનગી દરખાસ્ત રજૂ કરતા એવો આરોપ લગાવ્યો છે કે, ભારત ત્યાંની સિસ્ટમમાં દખલ કરી રહ્યું છે. આ પ્રસ્તાવ પીએમ જસ્ટિન ટ્રુડોની લિબરલ પાર્ટીના સાંસદ સુખ ધાલીવાલે રજૂ કર્યો છે. જેના પગલે ભારત અને કેનેડાના સંબંધોમાં કડવાશ આવી શકે છે. આ પ્રસ્તાવ 12 ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવ્યો હતો, જેને 6 અન્ય ભારતીય મૂળના કેનેડિયન સાંસદોએ ટેકો આપ્યો છે. આ દરખાસ્તમાં કહેવામાં આવ્યું છે કે, 'કેનેડાના નાગરિક હરદીપ સિંહ નિજ્જરની દેશની અંદર એક ધાર્મિક સ્થળ પર હત્યા કરવામાં આવી હતી. આમાં ભારત સરકારના એજન્ટોનો હાથ હોવાનું બહાર આવ્યું હતું.

# ગાઝામાં કર્મચારીઓના મોત પર જો બાઈડેને દુ:ખ વ્યક્ત કર્યું, ઈઝરાયલને આપી ચેતવણી

(એજન્સી) જેરુસલેમ | તા.03

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. ગાઝામાં થયેલા હવાઈ હુમલામાં અમેરિકન એનજીઓ 'વર્લ્ડ સેન્ટ્રલ કિચન'ના સાત સહાયક કર્મચારીઓ માર્યા ગયા હતા. મૃતકોમાં ભારતીય મૂળની મહિલા લાલજવમી ફ્રેન્કકોમ અને અમેરિકન નાગરિકનો પણ સમાવેશ થાય છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને ગાઝામાં સહાયક કર્મચારીઓના મોત પર શોક વ્યક્ત કરતા ઈઝરાયેલની ટીકા કરી છે. તેમણે કહ્યું કે 'નાગરિકોની સુરક્ષા માટે પૂરતું નથી થયું.' બાઈડેને ગાઝામાં થયેલા ઘાતક હુમલા પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું, "તે યુદ્ધની વચ્ચે ભૂખ્યા લોકોને ભોજન પહોંચાડી રહ્યો હતો, તે બહાદુર અને નિ:સ્વાર્થ હતો, તેનું મૃત્યુ એક દુર્ઘટના છે." હુમલામાં સહાય કર્મચારીઓના મૃત્યુ અંગે પ્રમુખ જો બાઈડેને કહ્યું કે, "ઈઝરાયલે સહાય કર્મચારીઓની કાર પર હુમલો કેમ થયો તેની સંપૂર્ણ તપાસ કરવાનું વચન આપ્યું છે." બાઈડેને પોતાના નિવેદનમાં કહ્યું કે તપાસ ઝડપી હોવી જોઈએ, જવાબદારી હોવી જોઈએ અને તેના પરિણામો જાહેર કરવા જોઈએ. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું, "તેનાથી પણ વધુ દુ:ખની વાત એ છે કે આ પહેલી ઘટના નથી. આ હુમલો સૌથી ખતરનાક હુમલાઓમાંનો એક રહ્યો છે. ઈઝરાયેલે ગાઝામાં મદદ પહોંચાડવાનો કોઈ રસ્તો છોડ્યો નથી અને તેથી જ ત્યાં હિંસા થઈ રહી છે. ગાઝા." માનવતાવાદી સહાય મોકલવી મુશ્કેલ છે. ઈઝરાયલે નાગરિકોની સુરક્ષા માટે પૂરતું કામ કર્યું નથી.

### મૃતકોમાં ભારતીય મૂળની મિઝોરમની મહિલાનું પણ મોત થયું : અમેરિકન એનજીઓ કર્મચારીઓનાં મોતને લઈ બાઈડેન દુખદ ઘટના ગણાવી



ગાઝામાં સહાયક કર્મચારીઓના મોત પર ચિંતા વ્યક્ત કરી છે. આ હુમલામાં 'વર્લ્ડ સેન્ટ્રલ કિચન'ના સાત સહાયક કર્મચારીઓ માર્યા ગયા છે, જેમાં ત્રણ બ્રિટિશ નાગરિકોનો સમાવેશ થાય છે. પીએમ સુનકે આ ઘટનાની વ્યાપક અને નિષ્પક્ષ તપાસની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. અગાઉ, વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા પ્રવક્તા જ્હોન કિર્બીએ એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે અમે સહાયતા કર્મચારીઓના પરિવારો અને પ્રિયજનો પ્રત્યે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. કિર્બીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને ઈઝરાયેલ સંરક્ષણ દળોએ "ઝડપી અને સંપૂર્ણ રીતે" તપાસ કરવાનું વચન આપ્યું છે.

# ભારતનો ચૂંટણી જવર અમેરિકામાં પણ પ્રસર્યો : ઈન્ડીયન અમેરિકન્સે 20 શહેરોમાં કાર રેલી યોજી

(એજન્સી) ન્યૂયોર્ક, નવી દિલ્હી | તા.03

ભારતનો ચૂંટણી ફીવર અમેરિકામાં વસતા ભારતવંશીઓએ લાગુ પડી ગયો છે. અમેરિકામાં ૨૦ શહેરોમાં ભાજપના સમર્થકોએ વડાપ્રધાન મોદી, સતત ત્રીજી વાર વડા પ્રધાન બને અને ભાજપનાં નેતૃત્વ નીચેનું એન.ડી.એ. ગઠબંધન, ત્રીજી વખત સત્તાધીશ બને તેવી આશા વ્યક્ત કરતા નારા પણ લગાવ્યા હતા. દરેકે દરેક કાર ઉપર ભાજપ તરફી બેનર્સ હતા. તેમજ ભાજપના ફ્લેગ ફરકતા જોવા મળ્યા હતા.

તે સર્વવિદિત છે કે ભારતમાં લોકસભાની ચૂંટણી તા. ૧૯મી એપ્રિલથી ૧લી જુન સુધી ૭ તબક્કામાં યોજાવાની છે. તે ચૂંટણીમાં ભાજપના સમર્થકો ૨૦૦ મોટરો લઇ નીકળી પડયા હતા. તેમાં કુલ ૩૦૦ પાર્ટીસીપન્ટસ હતા. આ ઉપરથી સાબિત થાય છે કે ચૂંટણી ફીવર માત્ર ભારતના જ નાગરિકોને નહીં, પરંતુ વિદેશોમાં વસતા ભારત-વંશીઓને પણ લાગુ પડયો છે. આથી ભારતીય જનતા પાર્ટીના ટેકેદારોએ અમેરિકામાં ૨૦ શહેરોમાં કાર રેલી યોજી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વિજયી બનાવવા સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સાથે ભારતના



લોકોને ભાજપનાં નેતૃત્વ નીચેનાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)એ ૪૦૦થી વધુ બેઠકો અપાવવા અનુરોધ કર્યો હતો.

ધી ઓવર સીઝ ફ્રેન્ડઝ ઓફ બીજેપી ઈન ધ યુએસના (ઓ-એફ બીજેપી યુએસએ) પ્રમુખે આ માહિતી આપતાં કહ્યું હતું કે ઈન્ડિયન અમેરિકન સમાજ, મોદીનાં નેતૃત્વ નીચેનાં ભાજપનું નેતૃત્વવાળું સંગઠન એનડીએ ૪૦૦થી વધુ વધુ બેઠકો લોકસભામાં મેળવે તે માટે ઘણો જ ઉત્સાહિત છે. તેઓના નારા છે ''અબકી બાર ૪૦૦ કે પાર'' અને બીજો નારો છે ''તીસરી બાર મોદી સરકાર''.

## નાટોની પોલ તેના સભ્ય ઇસ્ટોનિયાએ ખોલી નાખી

### નાટોના દરેક સભ્ય દેશના સૈનિકો યુક્રેનમાં છે આ સૈનિકો રશિયા સામેનાં યુદ્ધમાં જોડાયેલા છે

(એજન્સી) ટાલીન્ન | તા.03

નાટો લશ્કરી સંગઠનના જ એક સભ્ય દેશ ઈસ્ટોનિયાએ નાટોના દંભ અને જૂઠ્ઠાણાનો પર્દાફાશ કરી નાખ્યો છે. રશિયા- યુક્રેન યુદ્ધ સંબંધે બોલતાં તેના સંરક્ષણ મંત્રી હાન્નો પેવકરે જણાવ્યું હતું કે, રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનના સહાય કરવા નાટો દેશોના સૈનિકો યુક્રેન ક્યારનાએ પહોંચી ગયા છે. અને યુક્રેનનો જ લશ્કરી ગણવેશ પહેરી, રશિયા સામે લડી રહ્યા છે. બાલ્ટિક સમુદ્રના સૌથી ઉત્તરના ભાગે ગલ્ફ ઓફ ફિન્લેન્ડને રૂવર્શીને રહેતું આ નાનકડું રાજ્ય ઝારના સમયથી રશિયાનો ભાગ જ રહ્યું હતું. સામ્યવાદી ક્રાંતિ પછી તે વિશાળ સોવિયેત સંઘ (યુનિયન ઓફ સોવિયેત સોશ્યાલિસ્ટિક- રીપબ્લિકસ - યુ.એસ.એસ. આર.) નું એક ઘટક રાજ્ય બની રહ્યું હતું. તે પછી સોવિયેત સંઘનું વિભાજન થયા પછી સ્વતંત્ર રાષ્ટ્ર બની રહ્યું છે. આમ છતાં તે તેના અંતરના ઊંડાણમાંથી તો અમેરિકાની વિરુદ્ધ રહેવું હોવા પૂરો સંભવ છે.

અને તેથી જ તેના સંરક્ષણ મંત્રી હાન્નો પેવકેરુએ ઈસ્ટોનિયા નાટો દેશોના લશ્કરી જૂથનો ભાગ હોવા છતાં નાટો દેશોના સૈનિકો યુક્રેનમાં યુક્રેનના સૈનિકોની સાથે રહી રશિયા સામે લડી રહ્યા છે. તેવો પર્દાફાશ કર્યો છે. વાત બહુ સ્પષ્ટ છે. જો તે અંદરથી રશિયા તરફી ન હોય તો નાટોની આ રાજ રમત ખુલ્લી શા માટે પાડે ? અને તે વિધાનો કોઈ સામાન્ય નાગરિક નહીં પરંતુ તેના સંરક્ષણ મંત્રી જ શા માટે કરે ?

# ઉ.કોરિયાએ મધ્યમાન પ્રહાર મર્યાદા ધરાવતાં પ્રક્ષેપાત્રનું પરીક્ષણ કર્યું

### મિસાઇલ, દ.કોરિયા, જાપાન અને અમેરિકાનાં પેસિફિક ટાપુ ગ્વામ સ્થિત લશ્કરી મથકને આવરી લઇ શકે છે...

(એજન્સી) સીઉલ | તા.03

ઉત્તર કોરિયાએ આજે મંગળવારે મધ્યમાન પ્રહાર મર્યાદા ધરાવતાં પ્રક્ષેપાસ્ત્રનું સફળ પરીક્ષણ કર્યું છે. આ પરીક્ષણને લીધે, દ.કોરિયા, જાપાન અને અમેરિકા ચિંતાગ્રસ્ત બની ગયાં છે.

કારણ કે તે દ.કોરિયા, જાપાન અને પેસિફિક મહાસાગરમાં આવેલાં ગ્વામ ટાપુ સ્થિત, અમેરિકાનાં લશ્કરી મથકને પણ આવરી લઇ શકે તેમ છે. દ. કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ ધ સ્ટાફ જણાવે છે કે આ મિસાઈલ ઉ.કોરિયાનાં પાટનગર પ્યોગ્યાં પાસેથી છોડવામાં આવ્યું હતું. પરંતુ તે કેટલે દૂર ગયું હશે તે તેઓએ સ્પષ્ટત: જણાવ્યું ન હતું.

માર્ચ ૧૦ પછી ઉ.કોરિયાએ આવું પહેલું પરીક્ષણ કર્યું હતું. તે પરીક્ષણ સમયે ઉન પોતે હાજર રહ્યા હતા. દ.કોરિયાનો વરિષ્ટ અધિકારીનાં મંતવ્ય સાથે જાપાનનું સંરક્ષણ



મંત્રાલય પણ સહમત થયું હતું. જો કે, જાપાનની પ્રસાર માધ્યમ સેવા એનએચકેએ કહ્યું હતું કે તે મિસાઈલ જાપાનના એક્સક્લુઝીવ ઈકોનોમિક ઝોન સુધી પહોંચ્યું ન હતું.

રશિયાએ યુક્રેનમાં ૨૦૨૨માં કરેલાં આક્રમણ પછી, દુનિયાનું ધ્યાન તે તરફ કેન્દ્રિત થયું હશે. તેમ માની ઉત્તર કોરિયાએ ફરી એકવાર પોતાનો પ્રક્ષેપાત્ર કાર્યક્રમ આગળ ધપાવવા નિર્ણય કર્યો હતો. તે પ્રમાણે તે આગળ વધી રહ્યું છે. તેઓએ તે પણ ઉલ્લેખનીય છે કે કીમ જોંગ ઉને, આ વર્ષે અમેરિકા તેમજ દ.કોરિયા તેમ બંને દેશોમાં આવતી ચૂંટણી પૂર્વે તે દેશો ઉપર દબાણ લાવવા જ આ પરીક્ષણ કર્યું હોવાનું માનવામાં આવે છે.

આ પૂર્વે ઉને આઈ.સી.બી.એમનું પણ સફળ પરીક્ષણ કર્યું હતું. આ આઈસીબીએમ અમેરિકાનાં ન્યૂયોર્ક, બાલ્ટીમોર, વૉશિંગ્ટન અને માયામી સુધીનાં શહેરો સુધી પહોંચી શકે તેમ છે. તેટલું જ નહીં પરંતુ તે શસ્ત્ર પરમાણુ બોમ્બ પણ વહી શકે તેમ છે.

### તપાસ એજન્સીએ પોતાના જવાબમાં એમ પણ કહ્યું કે અરવિંદ કેજરીવાલ લીકર પોલિસી 2021-22ની રચનામાં સીધી રીતે સામેલ હતા

# 'કેજરીવાલને હવાલાથી કોઇ ડાયરેક્ટ લિંક નથી, પરંતુ...' EDએ દિલ્હી હાઇકોર્ટમાં આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે પોતાની ધરપકડ વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. EDએ પોતાનો જવાબ દાખલ કરતા કેજરીવાલની મુક્તિનો વિરોધ કર્યો છે. કેજરીવાલે આ કેસમાં ધરપકડને પડકારવાની સાથે-સાથે વચગાળાની રાહત તરીકે મુક્ત કરવાની પણ માગ કરી હતી. છેલ્લી સુનાવણીમાં કોર્ટે EDને 2 એપ્રિલ સુધીમાં જવાબ દાખલ કરવા કહ્યું હતું. હવે દિલ્હી હાઈકોર્ટ આવતીકાલે આ મામલે સુનાવણી કરશે.

EDએ કહ્યું કે કેજરીવાલને પોતાની કસ્ટડી પર સવાલ ઉઠાવવાનો પોતાનો અધિકાર ત્યારે યાદ આવ્યો જ્યારે EDએ કોર્ટ પાસેથી તેમની કસ્ટડી ન માગી. આવી સ્થિતિમાં કેજરીવાલ હવે એવો દાવો ન કરી શકે કે, તેમની કસ્ટડી ગેરકાયદેસર છે. EDનું કહેવું છે કે કસ્ટડી અંગે ટ્રાયલ કોર્ટનો આદેશ યોગ્ય છે. આ સાથે જ પીએમએલએ હેઠળ અમે તમામ જરૂરી પ્રક્રિયાઓનું પાલન કર્યું છે.

પોતાની પાસે રહેલી સામગ્રીના આધાર પર ED પાસે એ માનવાનું કારણ છે કે કેજરીવાલ મની લોન્ડરિંગના ગુનામાં દોષિત છે. કેજરીવાલ લીકર પોલીસી કૌભાંડના કિંગપિન અને મુખ્ય સૂત્રધાર છે. EDએ પોતાના જવાબમાં લખ્યું છે કે અરવિંદ કેજરીવાલ કેટલાક લોકોને ફાયદો



કરાવવા માટે લીકર પોલિસી 2021-22 તૈયાર કરવાના ષડયંત્રમાં સામેલ હતા અને તે પોલિસીમાં લાભ આપવાના બદલામાં દારૂના ધંધાર્થીઓ પાસેથી લાંચ માંગવામાં પણ સામેલ હતા. EDએ જણાવ્યું કે, અરવિંદ કેજરીવાલે આ પૈસાનો ઉપયોગ આમ આદમી પાર્ટી ગોવા ચૂંટણી પ્રચારમાં કર્યો હતો. આ સાથે જ તપાસ એજન્સીએ પોતાનાજવાબમાં એમ પણ કહ્યું કે અરવિંદ કેજરીવાલ લીકર પોલિસી 2021-22ની રચનામાં સીધી રીતે સામેલ હતા.

'સાઉથ ગ્રુપને ફાયદો પહોંચાડવાના હેતુથી લીકર પોલિસી તૈયાર કરાઈ'બીજી તરફ EDએ પોતાના જવાબમાં એમ પણ કહ્યું કે, સાઉથ ગ્રુપને આપવામાં આવતા લાભોને ધ્યાનમાં રાખીને આ લીકર પોલિસીનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેની રચના વિજય નાયર, મનીષ સિસોદિયા અને સાઉથ ગ્રુપના સદસ્ય પ્રતિનિધિઓની મિલીભગતથી કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલે લીકર પોલિસી 2021-22ની રચના અને અમલીકરણમાં લાભ આપવાના બદલામાં સાઉથ ગ્રુપ પાસેથી લાંચની માગણી કરી હતી.અહીં નોંધનીય વાત એ છે કે EDએ હાઈકોર્ટને જણાવ્યું કે કેજરીવાલે હવાલાથી કોઈ ડાયરેક્ટ લિંક નથી પરંતુ EDએ કહ્યું કે સૌથી મહત્વપૂર્ણ પુરાવા જે કૌભાંડમાં તેમની ભૂમિકા દર્શાવે છે તે એ છે કે તેઓ ષડયંત્ર વિશે તેમને જાણ હતી. ED દ્વારા કહેવામાં આવ્યું કે, વિજય નાયર અરવિંદ કેજરીવાલના ખૂબ નજીકના સહયોગી છે. વિજય નાયરની દિલ્હી આબકારી વિભાગ કે દિલ્હી સરકારમાં કોઈ ભૂમિકા નહોતી. તેઓ તો લાંચ લેવા માટે AAPના ટોચના નેતાઓ (ખાસ કરીને અરવિંદ કેજરીવાલ) વતી દલાલીનું કામ કરતા હતા.

એક કોર્ટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને સોમવારે 15 દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા છે. કેજરીવાલને તેમની ED કસ્ટડીનો સમયગાળો પૂરો થયા બાદ વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન EDએ કોર્ટ પાસે કેજરીવાલને 15 દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાની માંગ કરતા કહ્યું કે, પૂછપરછ દરમિયાન મુખ્યમંત્રીએ બિલકુલ સહયોગ નથી કર્યો.

## એપ્રિલથી જૂન સુધી કાળ ઝાળ ગરમીના એંધાણ, ઠેર ઠેર તાપમાનનો પારો ઉંચો રહેશે

**પ્રશાંત ક્ષેત્રમાં મધ્યમ પ્રકારના અલનીનોની સ્થિતિ જળવાઇ રહી છે. લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઉંચુ રહેવાની સંભાવના છે**

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

ભારતના મૌસમ વિજ્ઞાન વિભાગ (આઇએમડી)એ એપ્રિલથી જુન દરમિયાન ભીષણ ગરમી પડવાની સાથે હિટવેવના દિવસોમાં વધારો થવાની ચેતવણી આપી દીધી છે. આ સાથે જ વર્ષ ૨૦૨૪ના વર્ષનો ઉનાળો આકરો રહેવાની શકયતા છે. અતિ ગરમીના લીધે હવામાનમાં નાટયાત્મક પલટો આવવાથી કયાંક વરસાદ પણ પડી શકે છે. આ સાથે જ હવામાન વિભાગ દ્વારા ૨૦૨૪નું તાપમાન અને વરસાદ અંગેનો માસિક આઉટલૂક પણ બહાર પાડવામાં આવ્યો છે.

હવામાન વિભાગના મહા નિર્દેશકે જણાવ્યું હતુ કે એપ્રિલથી જૂન દરમિયાન તાપમાન સામાન્ય કરતા ઘણું ઉપર રહેવાની શકયતા છે. આ ઉપરાંત પૂર્વ અને ઉત્તર-પૂર્વના ભારતના કેટલાક ભાગોમાં ઉત્તર પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્યથી થોડું નીચુ પણ જોવા મળશે. જયારે દેશના મોટા ભાગમાં ન્યૂનતમ તાપમાન સામાન્ય કરતા ઉપર રહેવાની આશંકા છે.

દક્ષિણ પ્રાયદ્વીપ,મધ્ય ભારત, પૂર્વી ભારત અનપ્રશાંત ક્ષેત્રમાં મધ્યમ પ્રકારના અલનીનોની સ્થિતિ જળવાઇ રહી છે. ઉત્તર પશ્ચિમ અને પૂર્વ ભાગમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઉંચુ રહેવાની સંભવના છે. મૌસમ વિભાગ માને છે કે વર્ષની શરુઆતથી જ અલ નીનોની સ્થિતિ નબળી પડી ગઇ છે અને વર્તમાનમાં ભૂમધ્યરેખાના પ્રશાંત ક્ષેત્રમાં મધ્યમ પ્રકારના અલનીનોની સ્થિતિ જળવાઇ રહી છે.

**છેલ્લી ચૂંટણીમાં ગુના સીટ પરથી મળેલી હારને ભૂલી શક્યા નથી. પરંતુ 2024ની ચૂંટણી તેમની સામે એક તક સમાન છે**

## લોકસભામાં સિંધિયાનો 'ખેલ' કરી નાખવા કોંગ્રેસનો જોરદાર પ્લાન, ભાજપ માથું ખંજવાળતું થઈ ગયું!

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

આ વખતે લોકસભા ચૂંટણી ખૂબ જ રસપ્રદ બની છે. તેનું એક કારણ એ પણ છે કે ઘણાં એવા પક્ષપલટુ નેતાઓ છે જેઓ આમ-તેમ થયા છે. જેના લીધે રાજકીય પક્ષોએ તેનો લાભ લઈને એકબીજા સામે આવા જ ઉમેદવારોને ટિકિટ આપી દીધી છે. આ સૌની વચ્ચે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા મધ્યપ્રદેશની ગુના સીટથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. 2019માં સિંધિયાને આ જ સીટ પર હારનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા કે.પી. સિંહ યાદવે જ્યોતિરાદિત્યને હરાવ્યા હતા.

સિંધિયા અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે વાત ન જામતાં તેમણે બળવો કર્યો અને પછી સિંધિયા તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા. હવે ભાજપે સિંધિયાને લોકસભા ચૂંટણી



મેદાને ઉતાર્યા છે. અત્યાર સુધી તેઓ ભાજપ વતી મધ્યપ્રદેશથી રાજ્યસભાના સાંસદ હતા. સિંધિયા હજુ પણ છેલ્લી ચૂંટણીમાં ગુના સીટ પરથી મળેલી હારને ભૂલી શક્યા નથી. પરંતુ 2024ની ચૂંટણી તેમની સામે એક તક સમાન છે. ગુના સીટ સિંધિયા પરિવારનું ગઢ મનાય છે પરંતુ આ પરિવારનો જાદુ ગત ચૂંટણીમાં ઓસરી ગયો હતો. આ વખતે કોંગ્રેસે પણ ઘેરાબંધી કરી છે. કોંગ્રેસે ગુના સીટ પર રાવ યાદવેન્દ્ર સિંહ યાદવને મેદાનમાં ઉતાર્યા છે.

યાદવેન્દ્ર સિંહ મુંગાવલીના યાદવ પરિવારના છે, જે સિંધિયાના પરંપરાગત હરીફ પણ છે. રાવ યાદવેન્દ્ર સિંહ યાદવના પિતા રાવ દેશરાજ સિંહ યાદવને લોકસભા ચૂંટણીમાં ભાજપે અહીંથી બે વખત મેદાનમાં ઉતાર્યા હતા.સિંધિયા પહેલીવાર ગુના સીટ પરથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે કોંગ્રેસે આ સીટ પર તેમની સામે ભાજપનો જ પ્લાન અપનાવ્યો છે. ગત ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસના પૂર્વ નેતા કે.પી. સિંહને મેદાનમાં ઉતાર્યા હતા. આ વખતે કોંગ્રેસે ભાજપના પૂર્વ નેતા યાદવેન્દ્ર સિંહ યાદવને લોકસભાની ટિકિટ આપીને સિંધિયાનો ખેલ કરી નાખવાનો પ્લાન બનાવ્યો છે.

## પૂર્વ PM સહિત 54 રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ સમાપ્ત, તેમાં 9 તો કેન્દ્રીયમંત્રી

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને 9 કેન્દ્રીય મંત્રી સહિત 54 સાંસદો રાજ્યસભામાંથી આજે નિવૃત્ત થઇ રહ્યાં છે અને તે પૈકી કેટલાક સંસદ ઉપલા ગૃહમાં પરત ફરશે નહીં. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ 33 વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ રહ્યાં પછી આજે નિવૃત્ત થઇ રહ્યાં છે. તેમના સ્થાને સોનિયા ગાંધી પ્રથમ વખત રાજ્યસભામાં સાંસદ તરીકે એન્ટ્રી કરશે. દેશના અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેનારા મનમોહન સિંહ પ્રથમ વખત 1991માં રાજ્યસભાના સાંસદ બન્યા હતાં. તેઓ 1991થી 1996 સુધી દેશના નાણામંત્રી અને 2004થી 2014 સુધી દેશના વડાપ્રધાન રહ્યાં હતાં. 91 વર્ષીય મનમોહન સિંહની વર્તમાન ટર્મ પૂરી થતાં તેમના સ્થાને સોનિયા ગાંધી રાજસ્થાનમાંથી પ્રથમ વખત રાજ્યસભામાં એન્ટ્રી કરશે.કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભુપેન્દ્રયાદવ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની રાજ્યસભાની મુદ્દત આજે સમાપ્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે વૈષ્ણવ સિવાય કોઈને પણ રાજ્યસભાની ટિકિટને બદલે લોકસભાની ટિકિટ આપવામાં આવી છે. રાજ્યસભાના 49 સાંસદો મંગળવારે પાંચ આજે નિવૃત્ત થશે.

JANA SMALL FINANCE BANK
(A scheduled commercial bank)

મુખ્ય ઓફિસ :- ધ ફેયરવે, ભોંયતળિયે અને પ્રથમ માળ, સર્વે નં. :- 10/1,11/2 & 12/2B, ડોમલૂર બહાર, કોરમંગલા આંતરિક રિંગ રોડ, EGL બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર -560071.

**સોનાના દાગીનાની હરાજી માટે જાહેર સૂચના**

આ નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓ અનેક રીમાઈન્ડર છતાં નિર્ધારિત સમયમાં લોનની ચુકવણી કરવામાં અને સોનાના દાગીના રિડીમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નીચે સૂચિબદ્ધ ઉધાર લેનારાઓ દ્વારા ઉપરોક્ત લોન ખાતાઓ હેઠળ ગીરવે મૂકેલ સોનાના દાગીના/આભૂષણો **10-04-2024 ના રોજ સવારે 10:30** વાગ્યે અમારી શાખા પરિસરમાં જાહેર/ઓનલાઈન/ખાનગી હરાજીમાં વેચવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુકોએ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વગર કોઈપણ બિડ સ્વીકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે. મહેરબાની કરીને નોંધ કરો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ ન થાય, તો તે જ નિયમો અને શરતો પર તે પછીના દિવસોને અનુસરશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ઋણ લેનાર આથી હરાજીની તારીખ પહેલાં અદ્યતન વ્યાજ અને આનુષંગિક ખર્ચ ચૂકવે છે, જેમાં નિષ્ફળ થવા પર ગીરવે રાખેલા સોનાના ઘરેણાં વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો વ્યાજ અને કિંમત સાથે વસૂલ કરવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો. શાખા સરનામાની વિગતો માટે **www.janabank.com** ની મુલાકાત લો.

| ક્રમ નં | લોન એકાઉન્ટ નંબર | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારા નું નામ | ગીરવે મૂકેલા સોનાના આભૂષણનું કુલ વજન |
|---|---|---|---|
| 1 | 48368730003205 | વિપુલકુમાર પરમાર | 10 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નંબર 3, પ્લોટ નંબર 1, ગેલેક્સી 2 કોમ્પ્લેક્સ, સાબરકાંઠા બેંક પાસે, રેલ્વે સ્ટેશન રોડ, મૌજે વડાલી, તાલુકો વડાલી, જિલ્લો સાબરકાંઠા, પીન કોડ 383235 | | | |
| 2 | 48348730003800 | સોલંકી દિનેશસિંહ પુનમસિંહ | 4.02 |
| 3 | 48348730003792 | પરમાર નરેન્દ્રકુમાર કાલાભાઈ | 10.11 |
| 4 | 48348730003750 | પટેલ મનોજકુમાર હિરાભાઈ | 9.86 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ , ગ્રાઉન્ડ ફ્લોર, જનમંગલ કોમ્પ્લેક્સ, દુકાન નંબર 4 5 6, રિલાયન્સ પેટ્રોલ પંપની સામે, બાયડ, પિન કોડ 383325. | | | |
| 5 | 45168740000469 | સથવારા જીગીશા શૈલેષભાઈ | 10.42 |
| 6 | 45168740000380 | શાહ મીનાબેન | 36.8 |
| 7 | 45168730001571 | કોલાંજી અદિદ્રાવિદ | 3.98 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ રૂમ નંબર 101, પહેલો માળ, સિગ્મા આર્કેડ, વિજય સેલ્સ ઉપર, વિસટ પેટ્રોલ પંપ પાસે, સર્વે નંબર 224a+b, tp નંબર 21, ફાઈનલ પ્લોટ નંબર 141/04, ચાંદખેડા-382424 | | | |
| 8 | 33998740002090 | શુભમ રાણે | 42.63 |
| 9 | 33998740002041 | પાર્થકુમાર ડોબરીયા | 43.7 |
| 10 | 33998730017039 | અંજુદેવી તોમર | 4.7 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે , સર્વે નંબર 421, વેદ બંગલો સામે , એરપોર્ટ રોડ, નાના ચિલોડા, અમદાવાદ ગુજરાત 382361 | | | |
| 11 | 33468740000484 | જયશ્રીબેન કિર્તીભાઈ | 21.43 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1 લો માળ, શોપ નંબર 115 અને 116, એડવાન્સ બિઝનેસ પ્લાઝા , નમસ્કાર સર્કલ પાસે , સ્વામી નારાયણ મંદિર સામે , શાહીબાગ અમદાવાદ 380004 | | | |
| 12 | 33028730015554 | રવિ કિશનભાઈ | 15.83 |
| 13 | 33028730015515 | નીતાબેન મદ્રાસી | 3.54 |
| 14 | 33028730014907 | રાઠોડ પાર્વતીબેન સુરેશભાઈ | 3.75 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 21-23, રૂદ્ર ગ્રીન કોમ્પ્લેક્સ , કેનરા બેંક ઉપર , જુના નારોલ કોર્ટ પાસે , નારોલ | | | |
| 15 | 32408730003207 | હલપતિ કાન્તિભાઈ રવજીભાઈ | 5.2 |
| 16 | 32408730003121 | તેજલબેન કેતનભાઈ પટેલ | 4.2 |
| 17 | 32408730003081 | ધર્મેન્દ્રભાઈ વરૂડે | 5.2 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પ્લોટ નંબર શોપ નંબર 1, વિનય મેડિકલ ખાતે , હાલાર રોડ, વલસાડ 396001, ગુજરાત | | | |
| 18 | 32118730015810 | મોડસિંહ દલપતસિંહ ચૌહાણ | 7.16 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 2 જો માળ , મેઘદર્શન કોમ્પ્લેક્સ , ઓફિસ નં 28, 29 અને 30, મેહુલ પાર્ક , સર્કિટ હાઉસ સામે , એબીયુ હાઈવે , પાલનપુર (બનાસકાંઠા ) 385001 | | | |
| 19 | 32108730004839 | રામી ગાયત્રીબેન | 5.9 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ટી 11 થી 14, 3જો માળ , કૃષ્ણમ્ પ્લાઝા , પાટણ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સામે , પાટણ 382465 | | | |
| 20 | 31808730014784 | સોલંકી ભીમાભાઈ | 6 |
| 21 | 31808160000142 | પટેલ ધ્રુમનકુમાર અશ્વિનભાઈ | 21.27 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, દત્ત આર્કેડ, 1 લો માળ, શોપ નં 6-7, નડિયાદ સિટી, લાખાવાડ પાર્ટી, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા રિજનલ ઓફિસ પાસે નડીયાદ - પેટલાદ રોડ, તાલુકા નડિયાદ - 387002, ભારત. | | | |
| 22 | 31798730003182 | નિતીનકુમાર પુજારા | 8.74 |
| 23 | 31798730003172 | નિલેશકુમાર ખાંટ | 3.14 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, રત્ન સાગર કોમ્પલેક્ષ, 2 જો માળ, કે/ઓ હૈટલ શીન લાઈટ , સહકાર જીન ચાર રસ્તા પાસે , હિમ્મતનગર- 383001, ભારત. | | | |
| 24 | 30978740000597 | ઠાકોર ગાંડાજી | 55.95 |
| 25 | 30978740000584 | નિવેદિતા કુડેચા | 23.19 |
| 26 | 30978730007409 | સોલંકી રમેશભાઈ | 12.89 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે દુકાન નં 2/એ અને પહેલા માળે એફએફ 2એ, સાત્વેદ કોમ્પ્લેક્સ , સરદાર પટેલના બાવળા પાસે , સરદાર પટેલ રોડ , નવરંગપુરા અમદાવાદ 380013. | | | |
| 27 | 30748730005877 | જયદેવસિંહ ગોહિલ | 33.3 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્સ , 101-102, 1 લો માળ, મહિલા કોલેજ રોડ , સ્ત્રી વિકાસ ગૃહની સામે , પટેલ કોલોની , જામનગર ગુજરાત 361008 | | | |
| 28 | 30718730003800 | સુમિત્રા દેવી | 7.14 |
| જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, દુકાન નં 120-121, શ્રીજી આર્કેડ, આસપાસ તીન રસ્તા પાસે , ગોડાદરા-ડિંડોલી રોડ , સુરત (ગુજરાત ) 394210 | | | |

સ્થળ :- ગુજરાત
તારીખ :- 04-04-2024

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

## વિસરાતી વાનગીઓની સ્પર્ધા સાથે રાજસ્થાન મહોત્સવનું સમાપન



અમદાવાદ : ગુજરાજ ફાઉન્ડેશન ગુજરાત રાજસ્થાન મૈત્રી સંઘ દ્વારા અમદાવાદમાં 29મી માર્ચથી 2 એપ્રિલ દરમિયાન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે રાજસ્થાન મહોત્સવનું આયોજન કરાયું હતું, જેનું વિસરાતી વાનગીઓની સ્પર્ધા સાથે સમાપન ત:યું હતું. આ 5 દિવસીય કાર્યક્રમને લોકોનો ઉમળકાભેર પ્રતિભાવ મળ્યો હતો. સંસ્થા 11 વર્ષથી કાર્યરત છે અને તેમનો ઉદ્દેશ ફક્ત મારવાડી સમાજના જ નહિ પરંતુ દરેક સમાજના લોકો ભેગા મળે તે માટેનો છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્ર પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતિમ દિવસે નરેન્દ્ર પુરોહિત ઉપરાંત દાંતાના રાજમાતા ચંદ્રાકુમારી (ભવાની વીલા હેરિટેજ હોમ સ્ટે), પરમજીતકૌર છાબડા (કૂકિંગ એક્સપર્ટ), પૂર્વાન્જલિ અગ્રવાલ (પૂર્વી'સ કિચનના ઓનર), રિના મોહનોત (ધોરા - ફ્લવેર્સ ઓફ રાજસ્થાન), રજની પુરોહિત (કવિક્રમ્સ તવા આઈસ્ક્રીમ & ફૂડ), સ્નેહા વિઠલાણી અગ્રવાલ (હિલ્લોક હોટેલ), રીન્કુ શાહ (ફ્યુઝન આહાર) વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. 5 દિવસ દરમિયાનના આ મેળામાં 100 જેટલાં સ્ટોલ્સ હતા જેમાં, ગૃહ અને કુટિર ઉદ્યોગની બહેનો તથા કારીગરોને રોજગારી આપવા માટે રાજસ્થાનના વિવિધ ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. 2જી એપ્રિલના રોજ વિસરાતી વાનગીઓની સ્પર્ધાના આયોજન ઉપરાંત રાષ્ટ્ર રક્ષા યજ્ઞ અને ગૌમાતાની પૂજા વગેરેથી આ કાર્યક્રમ યાદગાર બની રહ્યો હતો.

## હવાઈ મુસાફરો માટે ખુશખબર, ફ્લાઈટ મોડી પડશે તો એરપોર્ટના ડિપાર્ચર ગેટથી બહાર જઈ શકશો

નવી દિલ્હી | તા. 03

મોડી પડેલી ફ્લાઈટથી પરેશાન થનારા મુસાફરોના હિતમાં નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરો (BCAS)એ નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. તેમાં જણાવ્યા મુજબ જો ફ્લાઈટ ટેક ઓફ થવામાં વિલંબ થશે તો મુસાફરો ફ્લાઈટની બહાર પણ નિકળી શકશે અને એરપોર્ટના ડિપાર્ચર ગેટની બહાર પણ જઈ શકશે. અગાઉ મુસાફરોએ બોર્ડિંગ મેળવ્યા બાદ ફ્લાઈટમાં જ બેસી રહેવું પડતું હતું, એટલું જ નહીં તેઓ એરપોર્ટના ડિપાર્ચર ગેટ બહાર પણ નિકળી શકતા ન હતા. જોકે હવે નવી માર્ગદર્શિકા જાહેર થયા બાદ તેમને આ મુસીબતમાંથી રાહત મળશે. તાજેતરમાં જ બોર્ડિંગ બાદ મુસાફરોએ વિમાન જ બેસી રહેવાના ઘણા કિસ્સાઓ સામે આવ્યા હતા. ત્યારે આ સમસ્યાને ધ્યાને લઈ નિયમોમાં ફેરફાર કરી મુસાફરોને મોટી રાહત આપવામાં આવી છે.

## ગુજરાતથી વાયા યુએઇ-સાઉદી અરેબિયા થઇ નવો નિકાસ માર્ગ બનાવાશે, જયશંકરની મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

રાતા સમુદ્રમાં સોમાલિયાના ચાંચિયાઓના હુમલા અને ડ્રોન એટેકથી ખતરામાં આવેલી શિપિંગ લાઈનના વિકલ્પે ગુજરાત અને મહારાષ્ટ્રના સમુદ્ર કિનારાથી અરબી સમુદ્ર પાર કરીને યુનાઈટેડ આરબ અમિરાત અને સાઉદી અરેબિયાને પાર કરીને ભૂમધ્ય સમુદ્રમાં થઈને અલગથી કનેક્ટિવિટી બનાવવામાં આવશે. આ માર્ગ વિકસાવીને સુએઝ કેનાલને સાવ જ ચાતરી જઈને પણ વેપાર ચાલુ રાખી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ જ રીતે ઈરાન-ચોબહાર થઈને રશિયા તરફ લઈ જવાઈ રહ્યો છે. સુએઝ કેનાલની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. વિદેશમંત્રી એસ.જયશંકરે આજે અમદાવાદ અને રાજકોટની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે આ કોરિડોરનો આજકાલ વધુ ઉપયોગ થવા માંડયો છે. ઉત્તર ધ્રુવમાં બરફ ઓગળવા માંડ્યો હોવાથી રશિયાથી આગળ થઈને યુરોપના દેશોમા પણ જવાનો માર્ગ આ વિસ્તારમાંથી થઈ જશે. આ એક કલ્પના નથી. આવનારા દિવસોની વાસ્તવિક્તા છે. આ જ રીતે મણિપુરની સીમાથી આગળ વધીને હાઈવે તૈયાર કરવામાં આવશે. મણિપુર બોર્ડરથી વિયેટનામ સુધી જઈ શકાય તેવી સ્ટ્રાલય, સાઉદી અરેબિયા સહિતના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને ભારતે નવા માર્કેટ ઊભા કરવામાં પણ સફળતા મેળવી છે. ભારત આજે વિશ્વનું પાંચમાં ક્રમનું અર્થતંત્ર છે. થોડા વરસોમાં ત્રીજા ક્રમનું અર્થતંત્ર બની જશે. આગામી વર્ષોમાં ભારત દુનિયાનું ગ્રોથ એન્જિન બનવાને સક્ષમ છે.

ગ્લોબલ વિલેજમાં ભારતના સંબંધો અનેક દેશો સાથેના સંબંધો ઘનિષ્ટ થઈ રહ્યા છે અને આ સંબંધો જ વિકસિત ભારતનો પાયો નાખી રહ્યા છે.

## કોંગ્રેસ બાદ વધુ બે રાજકીય પક્ષો ITની રડાર પર, 380 કરોડની લેવડ-દેવડ, નોટિસ આપવાની તૈયારી

**નાણાકીય વર્ષ 2020-21 અને 2022 દરમિયાન સહકારી બેંકોમાં 380 કરોડ રૂપિયા જમા કરાવવાનો અને તેમના ટેક્સ રિટર્ન ભરવાનો આરોપ છે**

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ માટે સૌથી મોટી સમસ્યા એ છે કે આવકવેરા વિભાગે તેના તમામ બેંક ખાતા સીઝ કરી દીધા છે અને કોંગ્રેસે આરોપ મૂક્યો છે કે તે હવે ચૂંટણી પ્રચાર માટે પૈસાની ગંભીર અછતનો સામનો કરી રહી છે. પાર્ટીને આવકવેરા રિટર્ન ન ભરવા બદલ રૂ. 3567 કરોડની નોટિસ ફટકારાઈ હતી. દરમિયાન કોંગ્રેસ બાદ વધુ બે રાજકીય પક્ષો આવકવેરા વિભાગ(IT) ના રડાર પર છે. આઈટી વિભાગ તેમને ટૂંક સમયમાં નોટિસ ઈશ્યુ કરવાની પણ તૈયારી કરી રહ્યું છે. સહકારી બેંકોમાં જમા કરાયેલા 380 કરોડ રૂપિયા અંગે આ બંને પક્ષો સામે તપાસ ચાલી રહી છે.અહેવાલ મુજબ, આ મામલો તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના બે પ્રાદેશિક પક્ષોને લગતો છે. તેમના પર નાણાકીય વર્ષ 2020-21 અને 2022 દરમિયાન સહકારી બેંકોમાં



380 કરોડ રૂપિયા જમા કરાવવાનો અને તેમના ટેક્સ રિટર્ન ભરવાનો આરોપ છે. આવકવેરા વિભાગે આ બંને પક્ષો સામે તપાસ શરૂ કરી છે અને ટૂંક સમયમાં આ મામલે નોટિસ પણ જારી કરવામાં આવી

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "બંને પક્ષો દ્વારા સહકારી બેંકોમાં જમા કરવામાં આવેલી રકમમાં કેટલીક અનિયમિતતાઓ મળી આવી છે. તેથી તેની તપાસ કરવામાં આવી રહી છે." આઈટી વિભાગ અગાઉના વર્ષોમાં આ બંને પક્ષો દ્વારા કરવામાં આવેલા વ્યવહારોની પણ તપાસ કરી રહ્યું છે. આ બંને પક્ષોના નામ જાહેર થઈ શક્યા નથી પરંતુ એવું ચોક્કસ જાણવા મળ્યું છે કે આ પક્ષો તમિલનાડુ અને આંધ્ર પ્રદેશ સાથે સંકળાયેલા છે.

## દેશમાં ઉનાળાં પહેલાં 13 નદીઓ સુકાવા લાગી

**પારો 45 ડિગ્રીએ પહોંચશે, હવામાન વિભાગનું એલર્ટ**

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

એપ્રિલ મહિનો શરૂ થવાની સાથે દેશમાં કાળઝાળ ગરમી શરૂ થઇ ગઇ છે. હવામાન વિભાગે હીટવેવ અને તાપમાન ૪૫ ડિગ્રીને પાર જશે તેવી ચેતવણી આપી છે ત્યારે સરકારનો વધુ એક આંચકાજનક અહેવાલ આવ્યો છે. દેશમાં ગંગા, સિંધુ, બ્રહ્મપુત્ર, નર્મદા, તાપી, સાબરમતી, ગોદાવરી, મહાનદી, કાવેરી સહિતની નદીઓ ખૂબ જ ઝડપથી સુકાવા લાગી છે. ગંગા નદી ૧૧ રાજ્યોના ૨.૮૬ લાખ ગામોને સિંચાઇ અને પીવાનું આપણી આપતી હોવાથી ઉનાળામાં પાણીનું સ્તર સુકાતા ચિંતાજનક સ્થિતિ સર્જાઇ છે. કેન્દ્રીય જળ આયોગના વિશ્લેષણમાં સામે આવ્યું છે કે દેશના ૧૫૦ મહત્વના જળાશયોમાં પાણી જમા કરવાની કુલ ક્ષમતા કરતાં ૩૬ ટકા ઓછું પાણી છે. ૮૬ જળાશયોમાં પાણી ૪૦ ટકા અથવા તેનાથી ઓછું છે. ૨૮ માર્ચે સીડબલ્યુસીએ જાહેર કરેલા બુલેટિન મુજબ મોટાભાગના જળાશયો દક્ષિણના રાજ્યો, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે.હવામાન વિભાગ મુજબ આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં એક માર્ચ ૨૦૨૪થી અત્યંત ઓછો વરસાદ થયો છે. આંધ્ર પ્રદેશમાં ૬૫ અને તેલંગણામાં ૬૭ ટકા ઓછો વરસાદ થયો છે. દેશની નદીઓ સિંચાઇ, પીવાનું પાણી પૂરું પાડે છે. આ સિવાય ટ્રાન્સપોર્ટ અને વીજળી ઉત્પાદનમાં પણ મદદરૂપ થાય છે. આ નદીઓ દેશમાં સામાજિક અને આર્થિક વિકાસનો મહત્વનો સ્રોત છે. સરકાર માટે ચિંતાજનક બાબત એ છે કે ૨૦માંથી ૧૨ નદીઓના બેસિનમાં ગયા વર્ષની સરખામણીમાં પાણી ઓછું છે.

## રેલવેએ વૃદ્ધ મુસાફરોની રાહત પર કાતર ફેરવી 4 વર્ષમાં રૂ.5800 કરોડની કમાણી કરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

રેલવેએ દેશના સીનિયર સિટીઝન એટલે કે વરીષ્ઠ વયના મુસાફરોને ભાડા અપાયેલી છૂટ પાછી ખેંચી લીધી હતી, એવુ કરીને રેલવેએ કરોડો રૂપિયાની કમાણી કરી લીધી છે. આ માહિતી આરટીઆઈમાં સામે આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર રેલવેએ સીનિયર સિટીઝનને ભાડામાં અપાતી છૂટને પાછી ખેંચીને છેલ્લા ચાર વર્ષમાં 5800 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. મધ્ય પ્રદેશના નાગરિક ચંદ્ર શેખર ગૌરે આરટીઆઇ કાયદા હેઠળ રેલવે પાસે સીનિયર સિટીઝનના ભાડાની છૂટ બાદ આવક અંગે માહિતી માગી હતી, વિવિધ મુદ્દાઓ હેઠળ માગવામાં આવેલી માહિતીમાં જે જવાબ મળ્યો છે તે મુજબ 20 માર્ચ, 2020થી 31જાન્યુઆરી 2024 સુધીમાં રેલવેએ વધારાની 5875 કરોડ રૂપિયાની આવક મેળવી છે.

સિટી એક્સપ્રેસ

THURSDAY 04 APRIL-2024

AHMEDABAD


## ભાટમાં કારના સાઈલેન્સરમાંથી 40 હજારના ધાતુની ચોરી

ગાંધીનગર | શહેરમાં વાહન ચોરીના બનાવો ઓછા થતા તસ્કરો અલગ ચોરી કરી રહ્યા છે. ક્યારેક વાહન ચોરી તો ક્યારેક ઘરફોડ કરતા હોયછે. હવે ભાટમાં ઘર આગળ પાર્ક કરવામાં આવેલી ઈકો કારના સાઈલેન્સરમાંથી 40 હજારની કિંમતની કિંમતી ધાતુની ચોરી કરી ગયા છે. જેને લઈ અડાલજ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ ભાટ ગામમાં રહેતા અને ખાણીપીણીનો ધંધો કરતા વેપારીએ તેમના ઉપયોગ માટે કાર ખરીદી હતી અને તેનો ધંધાર્થે ઉપયોગ કરતા હતા.

## મુબારકપુરા રોડ પર કારનું ટાયર ફાટતા એકનું મોત

ગાંધીનગર | મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના મુસ્લિમ બિરાદરો રમજાન ઈદ આવતી હોવાના કારણે કપડાં લેવા માટે અમદાવાદ જઈ રહ્યા હતા. તે દરમિયાન મુબારકપુરા રોડ ઉપર કારનું ટાયર ફાડતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવાનનું મોત્યું હતું. વિજાપુર શહેરના પટેલ વાડો કસ્બા મસ્જિદ પાસે હબીબુર રહેમાન પઠાણ પોતાના પરીવાર સાથે રહેતા હતા. જેઓ ગત તા. 30 માર્ચના રોજ રમજાન ઈદ નિમિત્તે ની કપડાની ખરીદી કરવા માટે પોતાની ઈકો કારનં. જીજે 07 બીબી 3932 લઈ વિજાપુર થી અમદાવાદ જવા નીકળ્યા હતા.

### ક્ષત્રિય આગેવાનોએ કહ્યું.....એક જ વાત- રૂપાલાની ઉમેદવારી પાછી ખેંચાવો

# રૂપાલા મામલે ભાજપ-ક્ષત્રિયની બેઠક નિષ્ફળ

(એજન્સી) અમદાવાદ | તા.03

પરશોત્તમ રૂપાલા મુદ્દે ભાજપના આગેવાનો અને ક્ષત્રિય સમાજ સાથે ચર્ચા બંધ બારણે પૂર્ણ થઈ હતી. જે અમદાવાદના ગોતામાં રાજપૂત ભવનમાં બેઠક પૂર્ણ થઈ છે. આ દરમિયાન ભાજપના આગેવાનો ક્ષત્રિય આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી છે અને ચોક્કસ નિર્ણય પર આવી શકે તેવી ધારણ હતી પરંતુ બેઠક પૂર્ણ થઈ છે અને કોઈ પણ નિર્ણય આવ્યો નથી તેવી વિગતો સામે આવી રહી છે.

### ભાજપ અને ક્ષત્રિય સમાજની બેઠક પૂર્ણ

ભાજપ અને ક્ષત્રિય સમાજની બેઠક નિષ્ફળ રહી છે. આ અંગે ભાજપના વરિષ્ઠ નેતા ભૂપેન્દ્રસિંહે જણાવ્યું કે, ક્ષત્રિય સમાજ પોતાની માગ પર અડગ છે અને રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માગ યથાવત છે. જેથી બેઠકમાં કોઈ નિરાકરણ આવ્યું નથી. રૂપાલા દ્વારા ત્રણ - ત્રણ વાર માફી મંગાઈ છે. ક્ષત્રિય સમાજ રૂપાલાને માફ કરવા તૈયાર નથી. તેમજ બીજી બેઠક થાય એવું લાગતું નથી.

આ માટે અમદાવાદ ખાતેની બેઠકમાં બલવંતસિંહ રાજપૂત, ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજરી આપવા પહોંચ્યા છે. જ્યારે કેસરીદેવ સિંહ, આઈ.કે.જાડેજા પણ બેઠકમાં પહોંચ્યા છે. જ્યારે ક્ષત્રિય આગેવાન હકુભા જાડેજા, વિરેન્દ્રસિહ જાડેજા બેઠકમાં હાજર રહેશે. જ્યારે ક્ષત્રિય આગેવાન હકુભા જાડેજા, વિરેન્દ્રસિહ જાડેજા બેઠકમાં હાજર રહેશે. તેમજ રાજપૂત આગેવાન જયદ્રથસિંહ પરમાર, વીરભદ્રસિંહ જાડેજા, આઈ. કે. જાડેજા હાજર છે. ક્ષત્રિય સમાજ તરફથી મુખ્ય કોર કમિટીમાં કરણસિંહ ચાવડા, તૃપ્તિબા રાઓલ, વિજયસિંહ, અશ્વિનસિંહ સરવૈયા, સુખદેવસિંહ વાઘેલા છે.

**ક્ષત્રિય સમાજની એક જ માગ :** બેઠક બાદ ભાજપ ક્ષત્રિય નેતાએ જણાવ્યું કે, કોર કમિટી સાથે બેઠક કરવામાં આવી છે. ક્ષત્રિય સમાજના આગેવાનો હાજર હતા. કોર કમિટી સાથે વાત કરી છે. રૂપાલાએ 30 મિનિટમાં માફી માગી હતી. ગોંડલ ખાતે માફી માગી હતી, પ્રદેશ પ્રમુખે પણ માફી માગી છે. પરંતુ બધાની એક જ માગ છે કે રૂપાલાની ટિકિટ કાપી ઉમેદવાર બદલે તેમ કહ્યું છે.

**આ માહિતી પાર્ટી હાઈકમાન્ડને આપવામાં આવશે :** આ સાથે જ ભાજપ નેતાએ કહ્યું કે, આજે ભાજપના ક્ષત્રિય આગેવાનો રૂપાલાની માફીની વાત લઈને આવ્યા છે. તે અમને મંજૂર નથી એમ કોર કમિટીએ કહ્યું છે, અમે પક્ષમાં રજૂઆત કરીશું. હવે પાર્ટી નિર્ણય લેશે. અમે પાર્ટીમાં અહીંયા બેઠકમાં જે વાત થઈ તે રજૂ કરીશું. આજે બેઠકમાં કોઈ નિર્ણય નહીં. ભાજપના નેતાઓ સમક્ષ માત્ર એક જ માગ રૂપાલાની ટિકિટ કાપી અને રાજકોટની સીટ ઉપરથી ઉમેદવાર બદલવામાં આવે. આ અંગે હવે પાર્ટી દ્વારા હવે આગામી નિર્ણય લેવામાં આવશે.

### શું છે ક્ષત્રિય સમાજની માંગ

ક્ષત્રિય સમાજના આંદોલનની દિશા પર નિર્ણય લેવામાં આવશે. એક તરફ ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટની રદ્દ કરવા માગ કરી રહ્યા છે. જોકે ભાજપના આગેવાનો સાથે ચર્ચા કરવા પહેલાં રાજપૂત સમાજની મુખ્ય કોર કમિટીની બેઠક મળી હતી. ગોતા રાજપૂત ભવન ખાતે મુખ્ય કોર કમિટી અને ભાજપના ક્ષત્રિય આગેવાનો વચ્ચે બેઠક શરૂ થઈ છે. આ બેઠક પૂર્ણ થયા બાદ ગુજરાતની વિવિધ રાજપૂત સંસ્થાઓના આગેવાનો સાથે ભાજપના ક્ષત્રિય નેતાઓ અને કમિટીના સભ્યો ચર્ચા કરશે. ભાજપના ક્ષત્રિય આગેવાનો અને રાજપૂત સમાજના કેટલાક જ મુખ્ય આગેવાનો સાથે ચર્ચા કરાઈ.

# કાલે 5 વાગ્યા સુધીમાં રૂપાલા ફોર્મ પાછું ખેંચે : કરણસિંહ ચાવડા

- સમગ્ર ગુજરાતમાં વિરોધ પ્રદર્શન થશેઃ કરણસિંહ
- અમારૂ આંદોલન પરશોત્તમ રૂપાલા સામે છેઃ કરણસિંહ

(એજન્સી) અમદાવાદ | તા.03

આજે ભાજપ અને ક્ષત્રિય સમાજના આગેવાનો વચ્ચે બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. આ દરમિયાન બેઠક સંપૂર્ણ રીતે નિષ્ફળ રહી છે. જે બેઠક બાદ ક્ષત્રિય સમાજ આગેવાન કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, અમે હવે કોઈ મિટિંગ કરવાના નથી અને કાલે 5 વાગ્યા સુધીમાં રૂપાલા ફોર્મ પાછું ખેંચે.

રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક શહેરના ગોતા વિસ્તારમાં આવેલા રાજપૂત ભવન ખાતે યોજાઈ હતી. આજે બેઠકમાં કોઈ નિર્ણય નહીં. ભાજપના નેતાઓ સમક્ષ માત્ર એક જ માંગ રૂપાલાની ટિકિટ કાપી અને રાજકોટની સીટ ઉપરથી ઉમેદવાર બદલવામાં આવે. તેવી જ ક્ષત્રિય સમાજની માગ રહી છે.



### રાજકોટમાં 400 અપક્ષ ઉમેદવારી નોંધવશે

બેઠક બાદ કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, અમારી માતાઓ આજે અહીંયા રડી પડી છે. કાલે 5 વાગ્યા સુધીમાં રૂપાલા ફોર્મ પાછું ખેંચે. નહીં કરે તો માતાઓએ આત્મદાહ કરવાની ચીમકી આપી છે. ક્ષત્રિય સમાજ એક જ છે. તેમજ ચર્ચા માટે 15 આગેવાન ભેગા થાય તેનો અર્થ ઊંધો ન લેવો જોઈએ. રાજકોટમાં 400 લોકો ઉમેદવારી નોંધાવીશું અને 400 ભાઈ બહેનો અપક્ષ ઉમેદવારી કરશે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદથી વિસ્તારાની બે ફ્લાઈટ રદ થતાં 300 પેસેન્જર રઝળી પડ્યા

અમદાવાદ | એર ઈન્ડિયા સાથેના મર્જર પહેલા વિસ્તારા એરલાઈન એચઆર પોલિસીને લઈ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહી છે. વેતનમાં કાપ મૂકવાથી પાઈલટ નાખુશ છે. જ્યારે કેટલાક પાયલોટ અન્ય એરલાઈન્સમાં જોડાયા હોવાથી રાજીનામાં આપી નોટિસ પિરિયડ પર છે. પાયલોટ સમયસર ડ્યુટી પર હાજર ન થતાં સોમવારે 50થી વધુ ફ્લાઈટો રદ થઈ હતી અને ઘણી ફ્લાઈટો મોડી પડી હતી ત્યારે મંગળવારે અમદાવાદથી બે ફ્લાઈટો રદ કરાતા 300 પેસેન્જર રઝળી પડ્યા હતા. અમદાવાદથી વિસ્તારાની સવારે 7.15 વાગ્યાની બેંગ્લુરુ અને 8.40 દિલ્હી જતી ફ્લાઈટ રદ કરાઈ હતી.

### ટેક્સ ન ભરતી 270 મિલકત પર મ્યુનિ.એ બોજો દાખલ કર્યો

અમદાવાદ | વર્ષોથી ટેક્સ નહીં ભરતી 270 મિલકતો પર મ્યુનિ.એ રેવન્યૂ રેકોર્ડમાં બોજો દાખલ કરાવ્યો છે. આ મિલકતધારકોએ મિલકત વેચવી હશે તો મ્યુનિ.ની મંજૂરી લેવી પડશે. મધ્ય ઝોનની સૌથી વધુ 92 મિલકતોની રેવન્યુ રેકોર્ડમાં નોંધ કરાવાઈ છે. જ્યારે 547 મિલકતો પર બોજાની પ્રક્રિયા ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, મિલકતો પાસેથી વેરો ઉઘરાવવામાં આવે છે. દરેક મિલકતધારકોને પ્રોપર્ટી ટેક્સની ઉપરાંત ડિમાન્ડ નોટિસ મોકલવામાં આવે છે. તેના પછી મિલકત હરાજી સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. જે મિલકત પર કલેક્ટરના રેકોર્ડમાં બોજો નખાય છે તે મિલકતની ટેક્સની રકમ, વ્યાજ અને પેનલ્ટી સહિતની રકમ ન ભરે ત્યાં સુધી જે-તે મિલકતમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી.

### અધ્યાપકોની કુલપતિને રજૂઆત: જીટીયુના કેલેન્ડરમાં સમર વેકેશનનો ઉલ્લેખ જ નથી

અમદાવાદ | ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)એ જાહેર કરેલા એકેડેમિક કેલેન્ડર 2023-24માં ઉનાળાના વેકેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જેથી તેનો ઉલ્લેખ કરવામાં આવે તેવી માગણી અધ્યાપક મંડળે કરી છે. આ સાથે જ એઆઈસીટીઈની માર્ગદર્શિકા મુજબ 13 મેથી 29 જૂન સુધી સાત અઠવાડિયાનું ઉનાળાનું વેકેશન જાહેર કરવામાં આવે તેવી માગણી પણ કરવામાં આવી છે. સરકારી એન્જિનિયરિંગ કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળે જીટીયુના કુલપતિને લેખિતમાં રજૂઆત કરી જણાવ્યું છે કે, હાલમાં લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

### ફરિયાદીને લાફો મારનારાને કોર્ટે 10 હજારનો દંડ ફટકાર્યો

અમદાવાદ | નવરંગપુરામાં એક બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ રેસ્ટોરન્ટના માલિક અનિલકુમાર પટેલે ગેરકાયદે બાંધકામ કર્યુ હતું. જે અંગે પ્રથમ અને બીજા માળે મિલકત ધરાવતા માલિકે કોર્પોરેશનમાં અનિલકુમાર વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે કોર્પોરેશન દ્વારા ગેરકાયદે મિલકત તોડી રહી હતી, ત્યારે આવેશમાં આવી ગયેલા આરોપી અનિલકુમારે ફરિયાદીના ગાલ ઉપર એક લાફો મારી દીધો હતો. જે અંગેનો કેસ મેટ્રો કોર્ટમાં ચાલી જતાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વિ.એન.રાણાએ આરોપી અનિલકુમારને ફરિયાદીને લાફો મારવા અંગે રૂ.10 હજાર વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. કોર્ટે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ323 તથા 294(ખ) મુજબ થયેલા ગુના માટે પ્રેબેશન એક્ટની કલમ 4 પ્રમાણે 1 વર્ષના પ્રોબેશન ઉપર સારા વર્તનની અપેક્ષાએ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

# સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વાઈરલ ઈન્ફેક્શન, સ્વાઈન ફ્લૂના દર્દીનો રાફડો

» સોલામાં મહિનામાં તાવ, શરદીના 5,860 દર્દી સારવાર હેઠળ : સોલા સિવિલમાં સ્વાઇન ફ્લૂના લક્ષણો સાથે 30 કેસ, 10 પોઝિટિવ : સોલા સિવિલમાં માર્ચ મહિનામાં સ્વાઇન ફ્લૂના 30 શંકાસ્પદ દર્દી સારવાર માટે આવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.03




શહેરની સરકારી, ખાનગી હોસ્પિટલોમાં તાવ, ખાંસી, શરદી સહિત વાઈરલ ઈન્ફેક્શનના કેસ સતત જોવા મળી રહ્યા છે, સોલા સિવિલમાં આ સપ્તાહે દર્દીઓ થોડાક ઘટીને સપ્તાહમાં નવા 1,216 કેસ નોંધાયા છે, અગાઉના સપ્તાહે વાઈરલ ઈન્ફેક્શનના 1,572 કેસ હતા, આમ બે સપ્તાહમાં 2,788 જ્યારે માર્ચ મહિનામાં 5,860 વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં દર્દીઓને સારવાર આપવી પડી છે. બીજી તરફ સ્વાઈન ફ્લૂએ ફરી માથું ઊંચક્યું છે, સોલા સિવિલમાં માર્ચ મહિનામાં સ્વાઈન ફ્લૂના 30 શંકાસ્પદ દર્દી સારવાર માટે આવ્યા છે, જે પૈકી 10 દર્દીના રિપોર્ટ પોઝિટિવ નોંધાયા છે. માર્ચ મહિનાની વાત કરીએ તો, સોલા સિવિલ હોસ્પિટલમાં આ એક મહિનામાં ડેન્ગ્યુના 319 શંકાસ્પદ કેસ હતા, જે પૈકી 4નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, મેલેરિયામાં એક મહિનામાં 836 શંકાસ્પદ કેસમાં દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી છે, એ જ રીતે ચિકનગુનિયાના લક્ષણો સાથે 37 દર્દીઓ નોંધાયા છે. ઝાડા-ઊલટીના કેસો પણ વધ્યા છે, આ સપ્તાહે ગરમીના કારણે આ કેસ વધીને 21 થયા છે, અગાઉના સપ્તાહમાં 14 જેટલા કેસ હતા, એક મહિનામાં ઝાડા-ઊલટીને લગતા 43 કેસ આવ્યા છે. આ ઉપરાંત વાઈરલ હિપેટાઈટિસના 15 અને ટાઈફોઈડના 56 કેસમાં દર્દીઓને ઓપીડીમાં સારવાર આપવામાં આવી હતી.

## પીરાણામાં રિક્ષાની છત પર બેસીને સ્ટન્ટ કરનારાની ધરપકડ, લાઈસન્સ રદ કરાશે

» રિક્ષા મોડિફાય કરેલી હોવાથી આરટીઓનો મેમો પણ અપાયો

(એજન્સી) અમદાવાદ | તા.03

અમદાવાદના પીરાણા વિસ્તારમાં આવેલા પંચરત્ન આર્કેટ પાસે રિક્ષાની છત ઉપર બેસીને રિક્ષા ગોળ ગોળ ફેરવીને સ્ટન્ટ કરતો રિક્ષા ચાલકનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. જેના આધારે ટ્રાફિક પોલીસે રિક્ષા ચાલકની ધરપકડ કરી રિક્ષા ડિટેઈન કરી હતી. પોલીસનું કહેવુ છે કે આ ગુનો જામીન પાત્ર હોવાથી રિક્ષા ચાલક એક કલાકમાં જામીન ઉપર છુટી ગયો હતો, પરંતુ તેની રિક્ષા મોડિફાય કરેલી હોવાથી આરટીઓનો મેમો આપવામાં આવ્યો છે તેમજ તેનું લાઈસન્સ રદ કરવા આરટીઓમાં રિપોર્ટ કરવામાં આવ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, રિક્ષા ચાલક છત ઉપર બેઠો હતો અને ડ્રાઈવર વગર રિક્ષા ગોળ ગોળ રાઉન્ડ



મારતી હતી. પોલીસે તપાસ કરતા આ વિડિયો પીરાણા પંચરત્ન આર્કેડ પાસેનો હોવાનું જાણવા મળ્યું હતુ. જેના આધારે પોલીસે જગદીશ વિનુભાઈ ઠાકોર(22) (ઠાકોર વાસ, કમોડ ગામ, અમદાવાદો) વિરુધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

## 2 કરોડ લિટર પાણીના સંગ્રહ માટે રિચાર્જ વેલ બનાવાયો

» એલડી એન્જિનિયરિંગમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ માટે નવતર પ્રયોગ

(એજન્સી) અમદાવાદ | તા.03

વરસાદી પાણીના વેડફાટ અને દિનપ્રતિદિન ઘટતાં જતાં ભૂગર્ભ જળ સ્તરના કારણે પાણીની સપાટીમાં વધારાના હેતુસર એલડી એન્જિનિયરિંગ કોલેજે ક્લાયમેટ ચેન્જ વિભાગની સાથે મળી રિચાર્જ વેલ ડિઝાઈન કર્યો છે. આ રિચાર્જ વેલની સાથે વોટર મીટર પણ મુકાયું છે. એલડી એન્જિનિયરિંગ કોલેજમાં સસ્ટેનેબલ ગ્રીન કેમ્પસ બનાવાના હેતુસર લોગ ટર્મ ટકાઉ ગ્રીન કેમ્પસના નિર્માણની કવાયત હાથ ધરાઈ છે. યુનાઈટેડ નેશને એ સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાટે આપેલા 17 પૈકી એક હેતુ એન્વાયર્નમેન્ટની જાળવણીનો છે, જેને ધ્યાને રાખી જૂન 2023થી માર્ચ 2024 દરમિયાન એપ્લાઈડ મિકેનિકલ, સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, એન્વાયર્નમેન્ટ એન્જિનિયરિંગના 100 વિદ્યાર્થી અને 16 ફેકલ્ટીએ પાઈલટ પ્રોજેક્ટ હાથ ધર્યો છે તેમ પ્રો.ડો. ચૈતન્ય સંઘવીએ જણાવ્યું હતું.

**હાલમાં 1 હજાર જવાનો એરપોર્ટ સુરક્ષાની દેખરેખ કરી રહ્યા છે**

## ચૂંટણી પહેલા એરપોર્ટ પર CISFના 600થી વધુ જવાન તહેનાત કરાશે

(એજન્સી) અમદાવાદ | તા.03

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિક વધવાની સાથે ટર્મિનલનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે એરપોર્ટ પર ફરજ પરની સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ને લોકસભા ચૂંટણી પહેલા વધારાના 600 કર્મચારીઓને તૈનાત કરવા માંગે છે. દિલ્હી હેડકવાટર્સ લોકસભાની ચુંટણી પહેલા વધારાની ફોર્સ તૈનાત કરવાની મંજૂરી આવી જશે તો આગામી સમયમાં એરપોર્ટ પર સીઆઈએસએફની ફોર્સ કુલ 1600ની થઈ જશે. મહત્વનું ગુજરાતમાં 7મેના રોજ ચૂંટણી છે અને રાજકીય પાર્ટીઓ દ્વારા ચાર્ટર્ડ ફલાઇટોની મૂવમેન્ટ વધશે. જો ફોર્સ વધારવામાં આવશે ચૂંટણી દરમિયાન રોકડ, દારૂ કે સોનાની હેરફેરી પર નજર રખાશે, જે અંતર્ગત તાજેતરમાં એરપોર્ટ પર ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. હાલમાં, ડોમેસ્ટિક, ઈન્ટરનેશનલ ટર્મિનલની અંદર-બહાર, રેમ્પ, કાર્ગો, રન-વે સહિતના સંવેદનશીલ પોઈન્ટ પર 1000 સીઆઈએસએફના કર્મચારીઓ એરપોર્ટની સુરક્ષાની દેખરેખ કરી રહ્યા છે.

## શામળાજીના દેવનીમોરી ગામના ડુંગર ઉપર લાગી આગ

» વોટર વર્કસ પ્લાન્ટ માટે પણ જોખમ ઉભુ થયુ

(એજન્સી) અમદાવાદ | તા.03

શામળાજીના દેવનીમોરી ગામના ડુંગર ઉપર આગ લાગી છે. જેમાં આગ લાગતા વનરાજીને નુકશાન થયુ છે. તેમજ એક કિલોમીટરનો ડુંગર વિસ્તાર આગની ઝપેટમાં આવ્યો છે. તથા આગ લાગવાનું કારણ અકબંધ છે. નજીકમાં આવેલા વોટર વર્કસ પ્લાન્ટ માટે પણ જોખમ ઉભુ થયુ છે. દર વર્ષે ડુંગર પર આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે

વનવિભાગ વારંવાર લાગતી આગ બાબતે સતર્ક બને એવી માંગ સ્થાનિકો કરી રહ્યાં છે. દર વર્ષે ડુંગર પર આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે જાણી જોઈને કોઈ ડુંગર સળગાવતું હોય અથવા વન વિભાગની નિષ્કાળજી હોય, પરંતુ હોળીના તહેવાર બાદ ડુંગરો પર લાગતી આગથી વનરાજી નષ્ટ થઈ જાય છે. ત્યારે તાજેતરમાં પણ જિલ્લામાં ડુંગર પર આગની ઘટના સામે આવી હતી.

**ધોમધખતા તાપમાં ટ્રાફિક સિગ્નલ બંધ રખાથા વાહનચાલકોને રાહત**



અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યુ છે. બપોરના સમયે ધોમધખતા તાપમાં વાહનચાલકોએ ટ્રાફિક સિગ્નલ પર ઊભા રહેવું પડે નહીં તે માટે ટ્રાફિક પોલીસે શહેરના ટ્રાફિકથી ધમધમતા મુખ્ય માર્ગો પરના ચાર રસ્તા પર આવોલા ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયના ભાગરૂપે રિવરફ્રન્ટ પરના કેટલાક ક્રોસ રોડ પરના ટ્રાફિક સિગ્નલ બંધ રાખવામાં આવ્યા છે.

## 15 દિવસમાં 10 કરોડથી વધુ રોકડ અને સોનું પકડ્યું

» કંટ્રોલ રૂમમાં સામાન્ય નાગરિકો પણ ફોન કરી શકે છે, સંસ્થાઓ પણ માહિતી પૂરી પાડે છે

અમદાવાદ | તા.03

લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજ્યભરમાં રોકડની હેરાફેરી શરૂ થઈ જતી હોય છે. આ હેરાફેરી પર વોચ રાખવા માટે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ખાસ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ દ્વારા કન્ટ્રોલ રૂમ તેમ જ ક્વિક રિસ્પોન્સ ટીમ કાર્યરત કરી દેવામાં આવી છે. કાળાં નાણાં પર નજર રાખવાં તથા રોકડની હેરાફેરી રોકવાની કામગીરી માટે ઈન્કમટેક્સના 400થી વધારે અધિકારીઓની ટીમ તહેનાત કરવામાં આવી છે. આ અધિકારીઓએ છેલ્લા 15 દિવસમાં 10 કરોડ કરતાં વધારે રોકડ અને સોનું જપ્ત કર્યું છે. ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીની જાહેરાત કરતાની સાથે જ કાળાં નાણાંને ઝડપી પાડવા માટે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને નિર્દેશ કર્યો છે. ચૂંટણી પંચે ચૂંટણી સમગાળા દરમિયાન રોકડ રકમની હેરફેર અને કાળા નાણાંના ઉપયોગ પર ચાંપતી નજર રાખવા ડિપાર્ટમેન્ટને જણાવ્યું છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણી દરમિયાન ગુજરાતમાં સૌથી વધારે કાળાં નાણાંની હેરાફેરી થવાની આશંકાને પગલે ટીમો તહેનાત કરાઈ છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે અત્યાર સુધીમાં રોકડ અને દાગીના મળીને કુલ રૂ.10 કરોડની મત્તા જપ્ત કરી છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં એરપોર્ટથી અમદાવાદ આવી રહેલા એક પેસન્જર પાસેથી બાતમીના આધારે રૂ. 55 લાખ જપ્ત કર્યા હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...